ભગવાનની ભક્તિ અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કે ભગવાન એક સાચા અરિહંતદેવ સાચા, બીજા કોઈ સાચા નથી એવી સાચાની શ્રદ્ધાનો રાગ, એ શ્રદ્ધાનો રાગ છે એ તો પુદ્ગલ છે. સમજાણું કાંઈ ? બાપા! તારો ભેદ છે એનાથી જુદો છો તું. આહા ! સમજાણું કાંઈ ? લ્યો, એ શ્લોક થયો. 'वर्णादि सामग्र्यमिदं विदन्तु'.. 'જાણો' એમ છેને. 'निर्माणमेकस्य हि पुद्गलस्य'.. એ બધું એક પુદ્ગલની રચના (એમ) 'विदन्तु'—જાણો. 'ततोऽस्त्विदं पुद्गल एव नात्मा' – તેથી તે પુદ્ગલ છે, તે આત્મા નથી. 'यतः स विज्ञानघनस्ततोऽन्यः'— તે માટે વિજ્ઞાનઘન ભગવાન જે સમ્યગ્દર્શનનો વિષય જે પૂર્ણ સત્યસ્વરૂપ, એનાથી અન્ય તે બધું પુદ્ગલ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? આહા !

તેરમું ગુણસ્થાન તારું નહીં, આપણે બોલતાને ભાઈ. (શ્રોતા : ચૌદમું ય તારું નહીં). આ તો તેરમું તારું નહીં, ભાઈ કહેતા તલકચંદભાઈ. ભજનમાં મૂક્યું'તું. ભજન છેને. તેરમું ગુણસ્થાન તારું નહીં. આવું ક્યાંય સાંભળ્યું નહોતું, કહે. એય! આહાહા ! તેરમું ગુણસ્થાન તારું નહીં. એમ કે કેવળ(જ્ઞાન) તેરમે ગુણસ્થાને થાય એ આત્માનું નહીં. એ તો ભેદ છે. આરે, આરે, ભાઈ! સમજાણું કાંઈ ? એ સાતમો શ્લોક, પદ થયું આઠમું. અર્થમાં છે જુઓ. रूप, रस आदि पुद्गलके गुण हैं, इनके निमित्तसे जीव अनेकरूप धारण करता है, દેખો. એના નિમિત્તથી જીવ દશામાં અનેકરૂપ ધારણ કરે છે. परंतु यदि वस्तु स्वरूपका विचार किया जावे.. ભગવાન ચૈતન્યમૂર્તિ સ્વરૂપ પ્રભુ એનો જો વિચાર કરે, અરેરે ! तो वह कर्मसे बिलकुल भिन्न एक चैतन्यमूर्ति है. આહા !

આંહીં તો એક જરીક ઓલા વાંદરાનો દાખલો આપ્યો છેને. વડ ઉપર બેઠો હતો વાંદરો. પાંદડાં સૂકાં. એક-એક સૂકતું પડેને સૂકું હેઠે, રોવા માંડે. વડની ડાળી ઉપર બેઠેલો. વડ હશેને મોટો. બે ડાળ ઉપર..... બે પગ મૂકીને બેઠો હતો. એમાં સૂકા પાન અને પવન આવે. એણે માનેલું કે આ બધું મારું છે. સૂકાં પાન.. એક પાંદડું પડે ખડખડ.. હાય ! હાય ! એક બીજું પડે હાય ! હાય ! લે ! પણ એ ક્યાં તું છો, તારાં ક્યાં છે ? એ પોપટભાઈ! કાંઈક થોડી લક્ષ્મી આવી, એમાં થોડી જાય, કાળજું બળે છે આ મારે. શું છે ? (શ્રોતા : તેલ રેડ્યાં). તેલ રેડ્યાં છે, રામજીભાઈ કહે છે. આહાહા ! મારા તો છે શું..... શું થયું ? એક પાંદડું તૂટતાં....

એમાં વળી પાછું એવું હતું. એમાં દાખલો આપ્યો છે. બેઠો હતોને વાંદરો માથે. હેઠો તડકામાં એનો છાંયો પડ્યો. છાંયો પડેને. ઉપર બેઠો હતો ને હેઠે એનો પડછાયો. એમાં એક ઓલો આવ્યો સિંહ. છાંયા ઉપર મારી આમ છાપ, ઊપરથી પડ્યો હેઠે. છાયા પડેને છાયા. એ પોતે ક્યાં હતો ન્યાં વાંદરો? એ છાયાને વળી જ્યાં મારી આમ છાપ સિંહે, તો

એને એમ થઈ ગયું કે મને પકડ્યો. પડ્યો હેઠે. આહાહા! એમ શરીર, વાણી, મન, પુણ્ય-પાપની છાંયામાં જ્યાં પકડાઈ જાય, ત્યાં એને (એમ થાય કે) હું પકડાઈ ગયો. સમજાણું કાંઈ? આહાહા! મારો કોણ? ભગવાન તારામાં તો ભેદ નથીને હવે તારે કોને રોવું છે? કઈ ચીજ જતાં તારે ક્લેશ કરવો છે? સમજાણું કાંઈ? આહાહા!

ભાવાર્થ : अनंत संसार संसरण करता हुआ जीव.. અનંત કાળથી ચોર્યાશીના અવતારમાં રખડે છે. નર—મનુષ્ય થયો, નારકી, ઢોર, દેવ આદિ થયો. अनेक पर्यायें प्राप्त करता है.. સધન, નિર્ધન, નારકી, દેવ (આદિ) અનંત અવસ્થા ધારણ કરે છે. वे सब पुद्‌गलमय हैं.. એ તો બધી પુદ્‌ગલની દશાના ભેખ છે. આહા! આ બાયડી છે ને આ આદમી છે ને આ નપુંસક છે. આ તો બધા જડના ભેખ છે. આ આત્મા ક્યાં? આ તો આત્માના ભેખ છે જ ક્યાં? માળે પણ ભ્રમ પેઠો છેને એને.

શરીર જ્યાં જીર્ણ થયું ત્યાં (માને કે) મારું શરીર જીર્ણ થઈ ગયું હોં. મારું શરીર જીર્ણ થયું. પણ મારું-તારું કે દિ' હતું? એ તો જડ થયું. આહાહા! और कर्मजनित हैं.. એ તો કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયેલા બધા ઉપાધિભાવ છે. यदि वस्तु स्वभाव विचारा जावे तो वे जीवकी नहीं हैं. એ જીવની દશા નથી. जीव तो शुद्ध, बुद्ध, निर्विकार, देहातीत और चैतन्यमूर्ति है. આહા! ક્યારે? (શ્રોતા : સમ્યગ્દૃષ્ટિ થાય ત્યારે). અત્યારે એવો છે એ, એની વાત ચાલે છે આ. આહાહા!

જીવ તો શુદ્ધ છે, બુદ્ધ છે, નિર્વિકાર છે. વિકાર—ફિકાર વસ્તુમાં છે નહીં. દેહાતીત—દેહથી અતીત—ભિન્ન પડ્યો છે અને તે છે તો ચૈતન્યમૂર્તિ છે. આહા! એના વિચાર કરવાને અવસર ક્યાં લીધો છે? આ જગતની ભ્રમજાળ, ત્યાંથી છોડીને આવ્યો અહીં વ્રત ને તપ ને સાધુ થયો. ત્યાં દયા ને દાન ને વ્રત ને ભક્તિ ને તપમાં વળી ત્યાં ગ્યો પાછો. ચૂલમાંથી... ઓલું કહે છેને? 'ઉલમાંથી ચૂલમાં પડ્યો'. એની એ દશા છે. આહાહા! સમજાણું કાંઈ? તારું સ્વરૂપ જે વિકલ્પથી પાર છે, વિજ્ઞાનઘન, દેહાતીત છે એની દૃષ્ટિ કરવાનો એને અવસર અને અવકાશ લીધો નથી. એ માટે કહે છે કે આ લે હવે તું. એના અંતરમાં સ્વરૂપના અભેદના ભાન વિના સમ્યગ્દર્શન થશે નહીં અને સમ્યગ્દર્શન વિના કોઈ ધર્મની દશા તારે હોઈ શકે નહીં. સમજાણું કાંઈ?

હવે નવમો (પદ). આમાં આઠમો, કળશ આઠમો.

**घृतकुम्भाभिधानेऽपि कुम्भो घृतमयो न चेत्।**
**जीवो वर्णादिमज्जीव जल्पनेऽपि न तन्मयः॥८॥**

શીશી કહીએ, એ રીતે દવાની શીશી થઈ જતી હશે? આહા! સોનાના મ્યાનને કારણે તરવારને સોનાની કહીએ, તે તરવાર સોનાની થઈ જતી હશે? એ તો લોઢાની છે. એમ જીવને શરીરવાળો કહેવો, પુણ્ય ને દયાવાળો કહેવો, ભક્તિના ભાવવાળો કહેવો—એ બધા નિમિત્તના કથનો છે. ઘીના ઘડા જેવી વાત છે. આહાહા! સમજાણું કાંઈ? આરે! વાતું આવી ક્યાં? આ એક જ નિશ્ચય સાચું પછી બીજો કોઈ વ્યવહાર નથી? છેને, એ જીવથી અન્ય છે. કીધુંને, સાંભળ્યું નહીં? છે અન્ય, વસ્તુ અન્ય છે. પણ એ અન્ય છે, વ્યવહાર એ અન્ય છે, એ જીવ નથી. સમજાણું કાંઈ? આરે ભારે કામ આકરું.

त्यौं वरनादिक नामसौं, जड़ता लहै न जीव.. ભલે નામ પાડો એને વ્યવહારથી રાગવાળો ને વ્યવહારવાળો ને પુણ્યવાળો, પણ (નિશ્ચયથી) તો એ મુક્તસ્વરૂપ જ છે. સમજાણું કાંઈ? તેથી સમ્યગ્દષ્ટિ (માટે) કહ્યું છેને કે આત્મા ચૈતન્યસ્વરૂપનું જ્યાં ભાન થયું એટલે સમકિતી તો વ્યવહારથી મુક્ત છે, વ્યવહાર એનામાં છે જ નહીં. આહાહા! ચોથે ગુણસ્થાનથી. એય દેવાનુપ્રિયા! શું છે કાંઈ સામું? નથી. (શ્રોતા : હવે આમાં સામું લેવા જેવું નથી). લેવા જેવું નથી. ઠીક કહે છે એ. આમાં એમ કહે કે ધ્યાન રાખવા જેવું છે. એમ કહે છે. એ વખતે બીજા તર્ક ઉઠાવવા જાય તો આડે અવળે (ભટકી જાય) એમ કહે છે. કહો, સમજાણું કાંઈ?

એ આવ્યા હતા .... ભાઈ કષાયી મૂઢ બહુ... (શ્રોતા : કષાયમાં મિથ્યાત્વ જોરદાર છે એ સાચો કષાય છે). એ દેવાનુપ્રિયા! કંઈક કરવા ગ્યા હતા કાંઈક, પછી હારી ગયા એમાં. આહાહા! અરે ભગવાન! કષાય મંદ કોને કહેવો? બાપુ! તને ખબર નથી. એ રાગની મંદતા એ પુદ્‌ગલ જડ છે. આહાહા! શેઠી! એનાથી એને સારો કહેવો... જો કે મંદકષાય મિથ્યાદૃષ્ટિને ખરેખરો હોઈ શકે નહીં. રાગની મંદતા હોય ને દૃષ્ટિ મિથ્યાત્વ હોય, પણ એ બધી જડ છે એ તો. એમાં ચૈતન્ય ક્યાં આવ્યો? સમજાણું કાંઈ? अचेतन नहीं हो जाता।

ભાવાર્થ : शरीर अचेतन है और जीवका उसके साथ अनंतकालसे सम्बन्ध है तो भी जीव शरीरके सम्बन्धसे कभी अचेतन नहीं होता। લાખ વર્ષ માટીના ઘડામાં ઘી રહે, તો ઘડો થઈ જતો હશે ઘીનો? લાખ વર્ષ રહે તો? (શ્રોતા : અનંતા કાળ રહે તોય ન થાય.) એ તો માટીની પર્યાય ઘટ થઈ છે, એ ઘીને લઈને નહીં.

એક કસ્તૂરીનો દાખલો આપ્યો હતોને કસ્તૂરીનો. વીરજીભાઈએ દાખલો નહોતો આપ્યો કસ્તૂરીનો? કો'ક કસ્તૂરી મૂકી ગયું હશે. (શ્રોતા : ચોપડામાં, ચોપડામાં). હા, સવા શેર કસ્તૂરી મૂકી ગયેલા વીરજીભાઈને ન્યાં. આ વકીલ જામનગરવાળા. વીરજીભાઈને ન્યાં

'चेतन जीव अजीव अचेतन, लच्छन-भेद उभै पद न्यारै'.. બેયના પદ નામ બેય ભાવ તદ્દન ભિન્ન છે. સ્વભાવ ને પર ભિન્ન કેમ લાગે એને? શરીરમાં એકમેક જાણે આમ ચિઊંટી દબાવતા એ દબાઈ જાય છે, એમ કહે છે. દબાવતો નથી. અહીં તો એને ખ્યાલ કરાવે છે. એ વખતે જરી અણગમો થાય છે એનો જાણનાર તે આત્મા છે, એમ બતાવવું છે. સમજાણું કાંઈ? (શ્રોતા : વેદન તો આત્મામાં થાય છેને)? થાય છે એનો જાણનારો આત્મા. ઓલું (ન) ગમવું તે જુદી ચીજ છે. અણગમવું તે આત્મા નથી, એનો જાણનાર તે આત્મા છે. એ આવ્યુંને ભાઈ... 'जाननेकी शक्ति रखनेवाला जीव है.. એમ. दुःखका बोध हुआ, बस यह जाननेकी शक्ति रखनेवाला जीव है।' એમ બોધ યે જીવ હૈ. દુઃખ એ જીવ નહિ. સમજાણું કાંઈ? સ્વરૂપ છે એમ સિદ્ધ કરવું છેને!

વિંછી કરડ્યો વિંછી, એ વખતે જે દુઃખ થાય છે એનું જ્ઞાન છે તે આત્મા છે, એમ કહે છે. દુઃખ પણ (આત્મા) નહિ ને આ (પર)ચીજ (પણ આત્મા) નહિ. ચૈતન્યજ્યોત મૂર્તિ આત્મા એ તો જાણનાર-દેખનાર, એને આત્મા કહેવામાં આવે છે. મારા શરીરને કાંઈ થાય, તો મને થઈ ગયું. ટાઢીયો તાવ આવે તો મને ટાઢીયો તાવ આવ્યો ને મને ઊનો આવ્યો. મને આ આવ્યો. મને આવ્યો કે શરીરને આવ્યો? તું તો એનો જાણનાર છો. મને હમણાં ઠીક નથી હોં શરીરમાં. ભાઈ કંઈક કહેતા હતા કે મરવા પહેલા થોડા વખતમાં... કાંતિભાઈ કે એમ કો'ક કહેતું હતું. મને કંઈ ચેન નથી અત્યારે. .... મને ઠીક નથી.

પ્રેમચંદભાઈના દીકરા ગુજરી ગયાને. કો'ક કહેતું હતું કે પ્રેમચંદભાઈને ઠીક નથી એમ. ત્યાં તો ફેરવી નાંખ્યું .... આ દેહની સ્થિતિ. ઓલો જાણનાર ભગવાન જુદો છે. એને નથી દુઃખ ને એને નથી શરીર. સમજાણું કાંઈ? પ્રેમચંદભાઈના દીકરા ગુજરી ગયાને આ ખારા, ખારા. મુંબઈ. અમરેલીવાળા પ્રેમચંદ ભગવાન. શરીર આ છે ભાઈ! આહાહા! નાશવાન.. નાશવાન.. નાશવાન.. નાશવાન.. ક્ષણિક આમ બધું.. ભગવાન તો નિત્ય છે ચૈતન્યમૂર્તિ. એવી ક્ષણિકની બહારની વાતો તો ઘણી છે. આંહીં તો પુણ્ય અને પાપ પણ ક્ષણિક ને બીજી ચીજ છે. ભગવાન તો એનો જાણનાર છે એને ચૈતન્ય કહીએ. સમજાણું કાંઈ?

એ પુણ્ય-પાપના ભાવ પણ જીવના નહીં. કારણ કે એમાં પુણ્ય-પાપના ભાવમાં જાણવાનો ભાવ નથી. જેમાં જાણવાનો ભાવ છે એ આત્મા. ભારે કામ ભાઈ! 'इस शरीरसे अहंबुद्धि करना अर्थात् शरीर और शरीरसे संबंधी...' શરીર સંબંધી લક્ષ્મી, સ્ત્રી... હવે કંઈ ઈસ્ત્રો-ફિત્રો નથી એની. એ તો બહારથી આવી ક્યાંકથી. (શ્રોતા : આવીને?) કોને આવી? ક્યાં આવી? એ તો એની પાસે રહી છે. આમ નજીક આવે તો કહે, મારી સ્ત્રી.

हूँ दूसरा कोई नहीं है; परंतु जब अंतरंगमें विवेक हुआ और स्वपरका भेद समझा तब सम्यग्ज्ञान प्रगट हुआ, भारी भूल मिट गई, छहों द्रव्य, गुण, पर्याय सहित ज्ञात होने लगे, सब दुःख नष्ट हो गये और पूर्ण परमात्माका स्वरूप दिखने लगा, पुद्गल पिंडको कर्मका कर्ता माना, आप स्वभावका कर्ता हुआ।

भावार्थ :—सम्यग्ज्ञान होने पर जीव अपनेको स्वभावका कर्ता और कर्मका अकर्ता जानने लगता है।।२।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

'प्रथम अग्यानी जीव कहै, मैं सदीव एक, दूसरौ न और मैं ही करता करमकौ'.. આહાહા! અજ્ઞાની.. અજ્ઞાની એમ કહે છે, હું તો બધું એક છું. શરીર ને રાગ ને આત્મા બધું એક છું. તેથી એ રાગાદિનો કર્તા બીજો નહિ. શરીર ને આત્મા, રાગ ને આત્મા— બેય એક છે. તેથી 'मैं ही करता करमकौ'.. કર્મનો કર્તા હું જ છું. જડકર્મનો કર્તા અથવા પુણ્ય-પાપના ભાવનો કર્તા. શું કહ્યું સમજાય છે?

જેને, રાગ અને શરીર હું છું, એ એક છીએ—એમ જેણે માન્યું છે. એ આત્મા ને રાગ ને શરીરનો કર્તા એક જ છે એમ માને છે. જેનો કર્તા માને, તેની એકતા માન્યા વિના કર્તા માની શકે (નહિ). સમજાણું કાંઈ? 'प्रथम अज्ञानी जीव कहै मैं सदीव एक'.. છેને પાઠમાં એ છે. एकः कर्ता એમ છેને સંસ્કૃત. एकः कर्तानी વ્યાખ્યા એ છે કે ભગવાન આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ એવો હું, પુણ્ય અને પાપ સ્વરૂપ એવો હું કર્મ અને શરીરસ્વરૂપ છું. એ બધું એક છે. સમજાણું કાંઈ? મિથ્યા દૃષ્ટિના ભ્રમમાં... આહાહા! તેથી હું એ રાગનો કર્તા, વિકલ્પ—દયા દાન વ્રતના વિકલ્પ થાય તેનો હું કરનારો હું છું. કેમ કે રાગથી ભિન્ન આત્માનું ભાન નથી, તેથી રાગની ને આત્માની ક્રિયા બેય એક છે એમ માનીને રાગનો કર્તા આત્મા છે, બીજો કોઈ છે (નહીં, એમ માને છે). આહાહા! ઝીણી સૂક્ષ્મ વાત છે.

દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા—વિકલ્પ જે ઊઠે છે, કહે છે કે એનો કર્તા હું છું. એમ જાણે અમે બે એક છીએ. એક હોય (તો) તે કર્તા હોય, જુદાનો જુદો કર્તા કેમ હોય? એમ અજ્ઞાની (માને છે.) કહો, શેઠી! રાગ તો જીવ કરતા હૈ. એ તો અજ્ઞાનભાવે જીવ રાગ કરતા હૈ. એ તો કહ્યુંને, બેને એક માને તે કર્તા થાય છે. ચીમનભાઈ! બહુ ઝીણું ભાઈ! સંચા-બંચાનું તો કરી શકે નહિ. ભાવ વિકલ્પ એ એનો નથી, એની જાતનો નથી, એ કજાતનો રાગ છે. આહાહા! પુદ્ગલકી ચીજ હૈ ખરેખર તો. અપની ચીજ હો તો જુદી પડે નહીં.

પાપના વિકલ્પ અને કર્મ, શરીરથી ભિન્ન એવું જ્યાં સુધી જ્ઞાન અનુભવ ન કરે, ત્યાં સુધી મિથ્યામતિ રહે, ત્યાં સુધી રાગ ને પરનો કર્ત્તા માને. કારણ કે જેણે એકપણે માન્યું એનો કર્ત્તા થાય, ભિન્નપણે માને તે એનો કર્ત્તા ન થાય, એમ કહે છે. સમજાણું કાંઈ?

तब लग मिथ्यामति अने करतार जीव जड़ करमकौ'.. ત્યાં સુધી જડકર્મ અને વિકારના પરિણામનો કર્ત્તા જીવ માને–માને. 'सुबुधि विकास यहु भ्रम नसै'.. સમ્યગ્જ્ઞાન થતાં, હું આત્મા રાગાદિ વિકલ્પથી ભિન્ન એમ જ્યાં એકતા બેની તૂટતાં 'सुबुधि विकास यहु भ्रम नसै'.. જ્ઞાનનો વિકાસ થતાં રાગ મારું કાર્ય ને કર્ત્તા એ ભ્રમણા નાશ થઈ જાય છે. લ્યો, આ મુદ્દાની રકમ. આ ઊના પાણી પીવાનો વિકલ્પ અને એ બધાનો, કહે છે કે ક્યાં સુધી કર્ત્તા? એમ કહે છે. જ્યાં સુધી બેની એકતા માને ત્યાં સુધી. ભિન્નતા ભાન થઈ ત્યારે એનો કર્ત્તા થતો નથી. કારણ કે ભિન્ન વસ્તુનો કર્ત્તા હોય શી રીતે? આહાહા! સમજાણું કાંઈ? કહો, પોપટભાઈ ! રાગનો હોં.

ભગવાન તો જ્ઞાયકસ્વરૂપ છે. ચૈતન્ય પ્રકાશમય છે. એમ આવી ગયુંને પહેલું, જુઓ. એ તો જ્ઞાયક છે, અમૂર્તિક છે અને સામે મૂર્તિક ને જડ છે. બેનું એકપણું જ્યાં સુધી માને એટલે કે જ્યાં સુધી એની દૃષ્ટિ પુણ્ય-પાપના વિકલ્પ ઉપર પડી છે અસ્તિત્વ તરીકે, પણ એનાથી અસ્તિત્વ મારું ભિન્ન છે એમ ભાન નથી ત્યાં સુધી મિથ્યાબુદ્ધિ રહે. ત્યાં સુધી વિકારનો કર્ત્તા અને વિકાર કાર્ય પોતાનું માને. કહો, સમજાણું કાંઈ? એ લાદીના કાર્ય અને એની તો વાતેય નથી આંહીં. (શ્રોતા : અહીં ન હોય, મુંબઈમાં હોય). મુંબઈમાં પણ હોય નહીં ને ક્યાંય હોય નહીં. કહો સમજાણું કાંઈ? જ્યાં જ્યાં આત્મા જ્ઞાયકમૂર્તિ અને રાગ ને પર એક છે (એવી) માન્યતા છે ત્યાં ત્યાં, તે જ્યાં હોય ત્યાં તે જેને પોતાના માને એનો કર્ત્તા થયા વિના રહે નહીં. આ સિદ્ધાંત. ભાઈ! આહાહા! એમ કહેવું છે.

'जब लग न होइ अनुभव, प्रगट तब लग मिथ्यामति लसै'.. રાગ ને વિકાર ને શરીર ને કર્મ—એનું હોવાપણું મારી ચીજમાં નથી. મારી ચીજમાં તો જાણવું-દેખવું ને આનંદ છે. એમ જ્યાં સુધી બેની ભિન્નતા ભાળે નહીં અને એકતા જ્યાં સુધી માને, ત્યાં સુધી મિથ્યામતિ રહે. આહાહા! કહો, સમજાણું? છતાંય બહારના કામ તો ન કરી શકે, એમ કહે છે. એ પતરાના ને લાકડાના કામ કાંઈ ન કરી શકે, એમ કહે છે. (શ્રોતા : આંહીં ન કરે, ત્યાં તો કરતા હશે). ત્યાં કરતા હશે? ના કરે. આહાહા! ક્યાં કરે? તું ક્યાં છો? એમ કહે છે. તું જ્યાં છો ત્યાં તેનો કર્ત્તા થા. જો તું રાગમાં હો તો રાગનો કર્ત્તા, જો તું જ્ઞાનમાં હો તો જ્ઞાનનો કર્ત્તા, રાગનો સ્વામી નહીં એમ કહે છે. આહાહા! કહો, શેઠી!

એમ કહે છે (કે) તું કોણ છો? ક્યાં છો? કેમ છો? કહે, 'હું તો રાગ છું. હું પુણ્ય છું. હું પાપ છું. શરીર છું'. બહુ સારું, કહે. તો એ છો તો એનો કર્ત્તા થા, થાય

ही क्रिया है भाव यह है कि द्रव्य ही कर्ता है, द्रव्य ही कर्म है और द्रव्य ही क्रिया है; बात एक ही है नाम तीन हैं।।७।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

અર્થમાં બહુ લખ્યું છે લાંબું. શબ્દાર્થ છેને શબ્દાર્થ. (શ્રોતા : ભેદ ને અભેદ ને..) 'जो कार्य करे' એનું નામ કર્ત્તા. જે કાર્ય કરે એનું નામ કર્ત્તા અને 'किया हुआ कार्य' એ કર્મ. હુઆ જો કામ વહ કર્મ. અને 'पर्यायका रूपांतर होना' એ ક્રિયા. રૂપાંતર, દશા ફરે— અવસ્થા ફરે એનું નામ ક્રિયા. એ તો જરા દાખલો આપ્યો છે બહારનો વ્યવહારનો. 'घट बननेमें कुंभकार कर्ता, घट कर्म, मृत्तिकाका पिंडपर्यायसे घटरूप होना क्रिया'. યે ભેદ-વિવક્ષા હૈ. ખરેખર ઉસકા કર્ત્તા નહીં. 'अभेद विवक्षामें घटको उत्पन्न करनेवाली मृत्तिका है'. એ ઘડાને ઉત્પન્ન કરનારી માટી, કુંભાર નહીં. કુંભાર પરદ્રવ્ય છે, એ માટીની પર્યાયનો કર્ત્તા થઈ શકે નહીં. સમજાણું કાંઈ?

એ પરિણામના કર્ત્તા... એ પછી આવશે. એના પછી આવશે (શ્રોતા : નવમામાં) 'मृत्तिका घटरूप होती है'. દેખો, માટી ઘટરૂપ થાય છે કે કુંભાર ઘટરૂપ થાય છે? કુંભાર તો કુંભારરૂપે રહે છે. એટલે માટી તે ઘડાની કર્ત્તા અને ઘડો તે માટીનું કાર્ય. 'मृत्तिका ही कर्म है'.. માટી, એમ કહે છે. 'पिंड पर्याय मृत्तिकाकी थी व घटपर्याय भी मृत्तिका ही हुई'. માટીની પર્યાય પિંડરૂપે થઈ એ જ ઘટરૂપે થઈ, માટે મૃત્તિકાની એ ક્રિયા છે. માટીની ક્રિયા એ પિંડરૂપે થઈ અને ઘટરૂપે થઈ એ ક્રિયા માટીની છે. એ કંઈ કુંભારની ને બીજા જીવની ક્રિયા નથી. સમજાણું કાંઈ?

અને 'परिनामी=अवस्थाएँ पलटनेवाला.. परिनाम=अवस्था'.. બે અર્થ કરી નાખ્યા ચોખ્ખા. 'अवस्थाएँ पलटनेवाला द्रव्य कर्त्ता है. આત્મા શુભાશુભ પરિણામ અજ્ઞાનભાવે કરે, તો એ શુભાશુભ પરિણામનો અજ્ઞાની કર્ત્તા. જ્ઞાનભાવે ભાન થતાં—સમ્યગ્જ્ઞાન થતાં, એ રાગને પણ જાણવાના પરિણામને કરે, તે પરિણામનો કર્ત્તા જીવ અને પરિણામ—નિર્મળ પરિણામ એનું કર્મ. કહો, સમજાણું કાંઈ? અજ્ઞાનીનું કર્મ પુણ્ય ને પાપ, ભાવ હોં. કેમ કે એ કર્ત્તા અજ્ઞાનપણે થઈને પુણ્ય-પાપના કાર્ય મારા એમ માને છે. અને જ્ઞાનીનું કર્મ... જ્ઞાની કર્ત્તા, ધર્મી કર્ત્તા શેનો? ધર્મ પરિણામ (એટલે કે) રાગ રહિત, પુણ્ય-પાપ રહિત ભાવ એવા નિર્મળ વીતરાગી ભાવ તે એનું કર્મ ને એનો એ ધર્મી કર્ત્તા. ધર્મી રાગનો ય કર્ત્તા નહીં ને શરીરનો કર્ત્તા નહીં. આહાહા! ભારે.

(શ્રોતા : પુણ્યભાવ.....) પુણ્યભાવ ક્યા? (શ્રોતા : યે પુણ્યભાવ ભી પૈદા હો..) હો

पुद्‌गलकी जब जुदी जुदी सत्ता है'.. પાઠમાં છેને! 'दुधा दरव सत्ता सधी'.. જ્યાં એક આત્મા અને બીજો આત્મા એની સત્તા જ ભિન્ન છે, હોવાપણું જેનું જુદું છે, એમ આત્મા અને જડનું હોવાપણું જુદું છે. એ જુદા હોવાપણામાં જુદાની ક્રિયા બે થઈને કરે એમ હોઈ શકે નહિ. કહો, શું હશે આમાં ફૂલચંદભાઈ?

ધંધો પણ કરે ને આત્મા રાગ પણ કરે—એમ બે (ક્રિયા) હશે? આરે! ધંધાની ક્રિયા એ કરે. કહો, ભીખાભાઈ ! એ બંગડી પહેરાવવાની ક્રિયા પણ કરે. (શ્રોતા : રાગ જ છે. ભગવાન! હું તો મારો રાગ કરું છું.) પણ બે કલાક ત્યાં જઈને એટલું ધ્યાન રાખે તો એ કાર્ય થાય કે નહિ? (શ્રોતા : એ બાપુ! ... બધા મરી ગ્યા..) મરી ગયા! બે કલાક જાય દુકાને. ઘરે ન ગોઠતું હોય તો ચાલો ભઈ, બે કલાક ત્યાં જઈને ધ્યાન રાખીએ જરી કેમ છે એમ. તો એ કાર્યનો પોતે પણ સાવધાન થઈને કરે તો પોતે પણ કર્તા અને એ જે કામ થાય એનો એ (દ્રવ્ય) પણ કર્તા. બે થઈને એ ક્રિયાનો કર્તા એમ બની શકે કે નહિ? પોપટભાઈ! સારા છોકરાને ત્યાં બેસાડો એકલા કામ કરતા હોય, એ કરતાં તમે જઈને કરો તો બે (મળીને) ફેર પડે કે નહિ કામમાં? (શ્રોતા : ફેર તો પડે જ ને.) ફેર પણ કોને લઈને પણ? (શ્રોતા : બે કારણે ફેર ન પડે?) થઈ રહ્યા! એ જ કહે છે આંહીં. આહાહા!

શેઠનો ભાવ શેઠ પાસે અને જડનો ભાવ જડ પાસે. કોઈ કોઈનો ભાવ કોઈ કરે એમ ત્રણ કાળ ત્રણ લોકમાં બનતું નથી. ભારે કામ ભાઈ! (શ્રોતા : એક વાર જો જીવ હાથીકે ભવમેં ઉસકી દયા કી ઔર...) દયા.. યે બાત જૂઠી હૈ સબ. દયાસે પરિત્‌સંસાર કિયા, ઐસા આતા હૈ ન વો મેઘકુમારકી (બાતમેં), યે બાત હી જૂઠી હૈ. (શ્રોતા : હાથીકે ભવમેં દયા...) ભાઈ, એ તો કલ્પિત શાસ્ત્ર બનાયા હૈ. આ પરિત્‌સંસાર... પરકી દયાકા ભાવ તો વિકલ્પ–રાગ હૈ. રાગસે સંસાર પરિત્‌ હોતા હૈ? એ જ્ઞાતાસૂત્રમાં આવે છે. પહેલો જ ... છેને. ..... પગ ઊંચો કર્યો. હાથીએ પગ ઊંચો કર્યો. સસલું પેસી ગયું. એની દયા પાળી તો..... પરિત્‌સંસાર કિયા. એ સિદ્ધાંત જ જૈનનો નથી.

પોપટભાઈ! સાંભળ્યું હતું કે નહિ એ મેઘકુમારનું ? નહિ સાંભળ્યું હોય. થોડું થોડું સાંભળ્યું હશે. (શ્રોતા : સંસાર તો કિયા) હા, સંસાર તો કિયા. ઐસા પાઠ હૈ. પરિત્‌સંસાર કિયા, સંસારકો ઘટા દિયા. પરકી દયાકે ભાવસે સંસાર ઘટ દિયા (યે) બાત જ જૂઠી હૈ. ઐસે સમ્મેદશિખરકી જાત્રા કી.. તો કહતે હૈં ન 'એક વાર વંદે જો કોઈ, નરક પશુ ન હોઈ.' ઉસકા અર્થ ક્યા? ક્યા સમ્મેદશિખરકો વંદનેસે... વો તો ભાવ શુભ હૈ, રાગ હૈ, પુણ્ય હૈ. ઉસસે સંસાર પરિત્‌ નહીં હોતા, નાશ નહીં હોતા. આહાહા! સમજાય છે કાંઈ?

એક કામના બે કર્તા હોય, એક ક્રિયાના બે કર્તા હોય (એમ) બની શકે નહિ. એ સમ્મેદશિખરે અહીંયાં શુભરાગ કરાવ્યો ઐસા નહિ હૈ. ભગવાનની પ્રતિમા હૈ તો યહાં

દખ્યા. નવી દખ્યા દુઃખને વહોરે છે મિથ્યાત્વ. આહા! અરે ભાઈ! હજી તને ખબર નથી. ભગવાન આત્મા અકેલી જ્ઞાનકી ક્રિયા કરનેવાલા (હૈ.) રાગકી ક્રિયા કરના વહ ભી મિથ્યાત્વભાવ હૈ. મૈં રાગકી ક્રિયા કરતા હૂં... આહાહા! ઐસા મિથ્યાત્વ છૂટે બિના સમકિત હોતા નહીં અને પીછે સ્વરૂપમેં આનંદકી લહેર આયે બિના અવ્રત છૂટ જાતા નહીં. આ કંઈ વાત છે ! સમજમેં આયા ?

આંહીં તો કહતે હૈં દેખો. 'महा धीठ'.. ભાષા કેવી વાપરી છે! મિથ્યાત્વ... 'निवार्यौ नहि गयौ, ऐसौ मिथ्याभाव लग्यौ जीवकौं अनादिहीकौ.' નિગોદસે લેકર દિગંબર સાધુ હોકર નવમી ગ્રૈવેયક ગયા, પણ મિથ્યાત્વ લગ્યા હૈ. તનકી–દેહકી ક્રિયા મૈં કરતા હૂં અને મહાવ્રતકા વિકલ્પ મેરા હૈ ઔર મુઝે ધર્મ હોતા હૈ'—યે મિથ્યાત્વભાવ (હૈ.) નવમી ગ્રૈવેયક અનંત બાર મિથ્યાદૃષ્ટિ જિનલિંગ ધારણ કરકે (ગયા). વસ્ત્ર ધારણ (કરના) વહ તો કુલિંગ હૈ, વહ તો લિંગ ભી નહીં. સમજમેં આયા? વસ્ત્ર ધારણ કરકે તો નવમી ગ્રૈવેયક જા સકતા હી નહીં. આહા! ભારે કામ ભાઈ! આ તો ભારે જગતથી ઉંધું છે. (શ્રોતા : પુણ્ય હોતા હૈ....) પુણ્ય હુઆ તો ક્યા હુઆ? પુણ્યમેં ધર્મ ક્યા હુઆ ઉસમેં? બંધ હૈ યે તો. યે તો બંધકા કારણ હૈ. મનપૂરણી, વચનપૂરણી, કાયપૂરણી યે તો શુભભાવકી બાત હૈ. ધર્મ ક્યા આયા? સમજમેં આયા?

પંચ મહાવ્રતકા વિકલ્પ ભી ધર્મ નહીં, વહ રાગ હૈ, વિકલ્પ હૈ, પુણ્યબંધકા કારણ હૈ. આહાહા! આસ્રવ હૈ. ઉસમેં ધર્મ હોતા હૈ (યહ) માનના મિથ્યાત્વકા પોષક હૈ. અકેલા મિથ્યાદર્શન શલ્યકો પુષ્ટિ કરતે હૈં. આહાહા! (શ્રોતા : ખબર પડતી નથી). ખબર પડતી નથી. ક્યા કરે અજ્ઞાનમાં..! આહા! વો કહતે હૈં દેખો, 'मिथ्याभाव लग्यौ जीवकौं अनादिहीकौ, याही अहंबुद्धि'.. આ ભાષા છે, જુઓ. અપના નિજ આનંદસ્વરૂપ સિવા અંશમેં, રાગમેં, નિમિત્તમેં, બાહરમેં 'યે મેરા હૈ, યે કર્તવ્ય મૈં કરતા હૂં પરકા'—યહ અહંબુદ્ધિ મિથ્યાત્વ અનાદિસે લગા હૈ.

'नानाभांति भयौ है अहंबुद्धि लिए'.. અનેક પ્રકાર... 'મૈં મનુષ્ય હૂં, મૈં દેવ હૂં, મૈં સ્વર્ગમેં હૂં, મૈં પુણ્ય કરનેવાલા હૂં'—સબ મિથ્યાત્વભાવકા અનેક પ્રકાર હૈ. સમ્યગ્દર્શન ક્યા ચીજ હૈ લોકોને સુની નહીં. ક્યા ચીજ હૈ. આહા! ઐસી ચીજ હૈ ભાઈ! સમજમેં આયા? 'काहू समै काहूकौ मिथ्यात अंधकार भेदि'.. હવે સવળું. કોઈ સમય કાહૂકો મિથ્યાત્વ... અપની પરદ્રવ્યમેંસે અહંબુદ્ધિ છોડકર... 'પરદ્રવ્યકા કારણ, કર્તા મૈં નહીં, ઉસકી પર્યાય મેરેસે નહીં હુઈ હૈ, રાગ ભી મેરા કર્તવ્ય નહીં ઔર એક સમયકી પર્યાયમેં ભી મૈં પૂરા આતા નહીં.' આહાહા! ભારે કામ! ભીખાભાઈ! ભારે કામ આવું આકરું છે. લોકોને હજી મિથ્યાત્વ અને સમકિત બેયની ખબર ન મળે. ચારિત્ર તો ક્યાં બાપા?

આસ્રવ છે અને એ ભાવબંધ છે—ભાવબંધ હૈ. 'આસ્રવ બંધ વિભાવ કરું રુચિ આપણી, ભૂલ્યો મિથ્યાવાસ...' સ્વભાવને ભૂલીને ભૂલ્યો મિથ્યાત્વ ને અંધ શ્રદ્ધામાં. 'દોષ દૂપ..' પણ શું કરું ભાઈ! મને કર્મ એવાં આકરાં આવે છેને. કર્મને લઈને આવો મિથ્યાભાવ થાય છે. એમ મૂઢ પોતાનો દોષ પર ઉપર નાખે છે. વીતરાગકી ઘરકી બાત હૈ ન બાપુ! ભગવાન! યે તો તેરે ઘરકી બાત હૈ. આહાહા!

ભાઈ! સમ્યગ્દર્શન એટલે તો મુક્ત હો ગયા. (શ્રદ્ધાસે) મુક્ત હુઆ, ચારિત્રસે મુક્તિ બાકી. પણ વસ્તુ મુક્ત હૈ ઐસા સમ્યગ્દર્શનમેં ભાન હો જાતા હૈ. આહાહા! આ બંધનો વિલાસ કીધોને, જુઓને! 'बंधकौ विलास डारि'.. આહાહા! બંધ અને હું તો અબંધસ્વરૂપી ભગવાન આત્મા. અબંધસ્વભાવી આત્મા ઉસકા અનુભવ ને દૃષ્ટિ હુઆ, બંધકા વિલાસ ડાર દિયા, મેરેમેં નહીં વો. આહા! સમ્યગ્દર્શન હુઆ તો અબંધભાવકા ભાન હુઆ તો ઈતની મુક્તિ હુઈ સમ્યગ્દર્શનમેં. આહાહા! બરાબર હૈ પંડિતજી? ક્યા કહા?

ક્યા કહા દેખો, 'तिनही विवेक धारि बंधकौ विलास डारि, आतम सकतिसौं जगत जीत लयौ है'. ભગવાન આત્મા આનંદમૂર્તિ પ્રભુ ઉસકા આશ્રય લેકર, શક્તિકા સહારા લેકર જગત જીત લિયો હૈ. સારા વિકલ્પસે લેકર આખી દુનિયા જીત લીધી. મેરેમેં હૈ નહીં વો. મૈં તો જ્ઞાન ને આનંદકંદ હૂં. આહાહા! સમજમેં આયા? જુઓ, આ 'જીત લિયો' એ જૈન. એમ. એને જૈન કહીએ. 'तिनही विवेक धारि बंधकौ विलास डारि, आतम सकतिसौं जगत जीत लियौ है'.. ભગવાન આત્મા.. અનંતી શક્તિ આનંદ-જ્ઞાન આદિકી ઐસા શક્તિકા પિંડ શક્તિવાન ભગવાન (ઐસા) અંતર દૃષ્ટિકા જોર દ્રવ્ય ઉપર દેનેસે દ્રવ્યમેંસે આનંદકી ધારા બહતી હૈ ઉસને દુઃખકો જીત લિયા. આહા! સમજમેં આયા? યે ચૌથે ગુણસ્થાનકી બાત હૈ. દેખો, વળી પાંચમું શ્રાવક તો કોને કહેવાય? બાપા! એ તો હજી (દૂર વાત છે). સાધુ કોને કહેવા? 'માણસ હોના મુશ્કેલ હૈ તો સાધ કહાંસે હો, સાધુ હુઆ તો સિદ્ધ હુઆ.' મોક્ષતત્ત્વમેં પ્રવેશ કિયા એમ કહતે હૈં. આહાહા! સમજમેં આયા?

સમ્યગ્દર્શનમેં તો અપના અબંધસ્વભાવી પ્રભુ પૂર્ણ અખંડ અભેદ ભગવાન પૂર્ણ ઐસા અનુભવમેં પ્રતીતમેં આને લગતા હૈ, તો બંધકા વિલાસ દૂર હો જાતા હૈ. આહા! ઉસકા અર્થ હુઆ કિ અબંધસ્વરૂપી મૈં હૂં અર્થાત્ બંધસે મૈં બંધા હૂં નહીં. મૈં તો અબંધસ્વભાવી ઐસી મુક્તિ હો ગઈ સમ્યગ્દર્શનમેં. બરાબર છે? ભૈયા! ઐસી બાત હૈ ભાઈ! આહા! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવકા યે કથન હૈ. દુનિયાને મળે નહીં એટલે કંઈ ચીજ દૂસરી હો જાયે? ક્યા કહા? અહીં 'तिनही विवेक धारि बंधकौ विलास डारि, आतम सकतिसौं जगत जीत लयौ है'.. એટલામાં કિતના નાખ દિયા જુઓ!

સત્તામેં રહતે હૈં, બાહર તો જાતે નહીં. અપને દ્રવ્ય-ગુણમેં તો ત્રિકાલ હૈ, પણ અપની પર્યાયમેં હી રહતે હૈં. પર્યાયસે આગે તો જાતે નહીં તો પરકા ક્યા કરે? સમજમેં આયા?

આ બધા સંઘ કરે, શ્રાવકસંઘ બનાવે, મોટાં ટોળાં બનાવે સાધુના ને સાધ્વીના... એ ધૂળેય નથી. હજી સાધુ કોને કહેવાય એની ખબર નથી તને. સમજમેં આયા? ઝીણું કામ છે. આહાહા! દુનિયાથી જાત જુદી છે ભાઈ! આ તો જગતને જીતવું હોય તો આ માર્ગ છે. આમ ન જીતે તો પણ અજ્ઞાનપણે રાગનો ને વિકારનો કર્તા છે, લે. પણ પરનો કર્તા તો હૈ નહીં, એમ સિદ્ધ કરના હૈ ન યહાં તો. અજ્ઞાનભાવે રાગ અને પુણ્યકા કર્તા આત્મા હૈ. પણ વિકારકા કર્તા કર્મ હૈ ઔર વિકાર અજ્ઞાનીને કિયા તો કર્મબંધન ભી આત્માને કિયા, ઐસા હૈ નહીં. કર્મબંધનકી ક્રિયા કર્મબંધન જડસે હોતી હૈ. રાગકી ક્રિયા અજ્ઞાની અપનેસે કરતે હૈં. સમજમેં આયા?

'सुद्धभाव चेतन असुद्धभाव चेतन'.. દેખો, દયા-દાન-વ્રતના ભાવ ભી અશુદ્ધભાવ હૈ, યે વિકલ્પ હૈ, રાગ હૈ. એનો કર્તા અજ્ઞાની પોતે આત્મા નિજ હૈ અજ્ઞાની હોં. જ્ઞાની રાગકા કર્તા નહીં, યે તો શુદ્ધભાવકા કર્તા હૈ. આરે, આરે! અપની પર્યાયકી મર્યાદા છોડકર પરમેં કુછ કોઈ કર શકે, ઐસી કોઈ ભી સત્તાકા સ્વભાવ ઐસા હૈ (નહીં.) કહો, સમજમેં આયા? પછી સામાના વિચાર બદલાવી દઉં, ઐસા કરું, ઐસા કર દું... છેને એક સાધુ છે. (એ કહે), (કોઈ) કરોડપતિ હો, હમારે પાસ પૈસા નહીં, પણ ઐસા હમ ઉપદેશ દે કિ (ઉસસે) દાન કરા દું. ધૂળમેં ભી કરા સકતે નહીં તુમ. યે તો અભિમાન હૈ તેરા. મિથ્યાત્વકા ભાવ હૈ. આહાહા! (શ્રોતા : મહા અહંકાર). મોટો અહંકાર.

આ પૈસાવાળાને અમે કંઈ ઉપદેશ દઈએ (કે) દાન કર. કેટલું દાન કરાવ્યું, દેખો. પછી પૂજા, જાત્રા નિકાલી બે લાખ ખર્ચીને. યહાંસે પગપાળા ચાલ્યા. જુઓ, અમે બધું કરાવ્યું. મૂઢ હૈ. બહોત ફેર હૈ. (શ્રોતા : પૂરેપૂરો ફેર છે. આત્માની ખબર ન પડી એટલે આ બહારનું પૂંછડું....) બહારમાં માન્યું. કરી તો ક્યાં શકે છે? હાલવું-ચાલવું તો જડની ક્રિયા છે. પગપાળા... છ'રીવાળા છ બોલ કબૂલ છેને તમારા ? શું કહે? છ'રી.. છ બોલ લખ્યા હતા તમે એક કાગળમાં. (શ્રોતા : છ'રી પાળતો સંઘ). છ'રી. પોતાના આત્મા ઉપર મૂકતો જાય છરી. એક ટંક ખાવું ને શું રોજ બોલતા હતાને તમે? (શ્રોતા : એક ટંક ખાવું.....) હા, એ. દરરોજ પાળે. હમણાં નીકળ્યો હતો, નહીં? .... હા, એ. છ'રી. આહા! ધૂળેય નથી સાંભળને!

આત્મા તો આનંદસ્વરૂપ જ્ઞાતા તરીકે આત્મા તો જાનનેવાલા હૈ. એ વિકલ્પકી ક્રિયા કરનેવાલા અજ્ઞાનપણે માને, વિકલ્પકી ક્રિયા હોં. પરકી તો ક્રિયા મૈં છોડ સકૂં, આહાર ને

ક્રિયા મૈંને કી, વ્રતકી ક્રિયા મૈંને કી, પુણ્યકી ક્રિયા મૈંને કી, શુભભાવ કિયા, તપસ્યા કી, મહિના-મહિનાના અપવાસ કિયા. તો ઉસમેં જો વિકલ્પ ઉઠ રહે હૈં યે રાગકી ક્રિયા હૈ, વહ આત્માકી ક્રિયા નહીં. સમજમેં આયા? ભારે ધર્મ આવો મોંઘો કહે છે ભાઈ! ધર્મ તો ઐસા હી હૈ. દુનિયાને દૂસરી રીતસે માના એટલે કાંઈ ચીજ દૂસરી હો જાયે? (નહીં). અનાદિસે અપનેપનેમેં ક્યા ચીજ હૈ અને દૂસરી ચીજ જો વિભાવ ઉત્પન્ન હોતા હૈ—ઉસકા ભેદજ્ઞાન હૈ નહીં. માથે લખ્યું છેને, ભેદજ્ઞાનકા મર્મ. વો વિકલ્પકી ક્રિયાસે આત્મા ભિન્ન હૈ ઐસા ભેદજ્ઞાનકા મર્મ અજ્ઞાની જાનતે નહીં. આહા! કહો, પોપટભાઈ! બહુ ઝીણું પણ ભાઈ આવું!

જેમ એ ગજરાજ અને મતવાલો—દોનોંકો ભાન નહીં. ઐસે જિસકી દૃષ્ટિ પર્યાયમેં હૈ, પુણ્ય-પાપકે પરિણામકી ક્રિયામેં હૈ ઔર વહ ક્રિયા મેરી હૈ યે માનકર લીન હોતે હૈં. તો પુણ્ય-પાપકા કર્તા મૈં ને વો ક્રિયા મેરી—ઐસે માનકર આત્માકે સ્વાદસે મિથ્યાદૃષ્ટિ શૂન્ય હો ગયા હૈ. આહાહા! ભારે વાત ભાઈ! મહાવ્રત પાળે પંચ મહાવ્રત વો વિકલ્પ હૈ, રાગ હૈ. ચેતનજી! યે રાગ હૈ? આ મહાવ્રત પાળે બિચારો (એ) રાગભાવ... કેટલા તો સાધુ મહાવ્રત પાલતે હૈં, દયા પાલતે હૈં અને સચ બોલતે હૈં ને બ્રહ્મચર્ય પાલતે હૈં. યે તો વૃત્તિકા ઉત્થાન રાગ હૈ. યે રાગ વિભાવ હૈ. વિભાવકે સ્વાદમેં લીન હોનેસે અપને આનંદકે સ્વાદકી ઉસકો ખબર નહીં, તો જીવતત્ત્વકી ખબર નહીં, એમ કહતે હૈં. અપના આત્મા ક્યા ચીજ હૈ ઉસકા જ્ઞાન નહીં. સમજમેં આયા?

'सहज सुन्न चेतन अचेतन दुहूँकौ मिश्र पिंड लखि', જુઓ. જેમ એ હાથી ઘાસ અને અનાજ એકસાથ (ખાતા હૈ તો) એક માનતા હૈ, ઐસે અજ્ઞાની.... ચેતન તો જ્ઞાન ને આનંદ(સ્વરૂપ) હૈ ઔર પુણ્ય-પાપકા વિકલ્પ તો અચેતન હૈ, યે આત્માકા સ્વભાવ નહીં. આહાહા! ભારે વાત ભાઈ! પછી આ કહે આને એકાંત. પણ આ તો કહે... શું–ક્યા કહતે હૈં. દેખો, ઈસમેં લિખા હૈ ક્યા? એય! એકાંત છે, એકાંત છે. પણ કોને ઘેરે એકાંત, સાંભળને! આહાહા! (શ્રોતા : જરાય ખબર નથી એકાંત કોને કહે). એકાંત કોને કહે, ભાઈ! વસ્તુ એકાંત–એક અંત નામ આનંદકે સ્વભાવવાલી ચીજ હૈ વો તો. અતીન્દ્રિય આનંદકા સ્વભાવવાલા આત્મા હૈ. તો ઐસી અંતરમેં દૃષ્ટિ ન કરકે, આત્મજ્ઞાનકે અભાવમેં પુણ્ય-પાપકે વિકલ્પકા જ્ઞાન કરતે હૈં ને 'યે ક્રિયા મેરી ને મૈં કર્તા હૂં' ઐસે મિથ્યાદૃષ્ટિ માનતે હૈં. આહાહા! કહો, કાંતિભાઈ! બહુ આકરું આ તો!

મહાવીર ભગવાને, આચાર્ય કુંદકુંદે મહાવ્રત પાળ્યા. એય પંડિતજી! ૨૮ મૂળગુણ પાળતે હૈં યે મૂળગુણ હૈં. એ તો અસદ્‌ભૂત વ્યવહારનું કથન છે. અરે! કોણ પાળે, સાંભળને! આહા! જ્ઞાનકા સાગર ભગવાન ઉસમેં તો પ્રજ્ઞા–જ્ઞાન ભરી હૈ. પ્રજ્ઞાબ્રહ્મ ઔર

અતીન્દ્રિય આનંદ ઉસમેં હૈ, ઉસકો આત્મા કહતે હૈં. તો ઐસે આત્માકે જ્ઞાન બિના.... પુણ્ય-પાપભાવમેં તો ચૈતન્ય(પના) નહીં ઔર પુણ્ય-પાપમેં આનંદ નહીં. પુણ્ય-પાપકા ભાવ અચેતન હૈ ઔર દુઃખ હૈ. આહાહા! યે અપવાસ કરનેકા ભાવ દુઃખ હૈ, એમ કહતે હૈં. શું બરોબર? આ ઉપધાન કરી કરીને મરી ગયાને અત્યાર સુધી. એય ભીખાભાઈ! ઉપધાન કરતા હતા દોઢ મહિનાના. એક દિ' ખાવું એક ટંક પછી બીજે દિ' નહીં ને ત્રીજે દિ' ખાવું એક ટંક અને ઠડ નીકળી જાય ક્રિયા કરી કરીને ભગવાનના દર્શન ઉઠબેસ કરી કરીને..

(શ્રોતા : સો ખમાસમણાં). સો ખમાસમણાં. મજૂરી છે. અરે! રાગ રાગ. રાડ નાખે હોં. એ તો જડની ક્રિયા છે ઉઠબેસની અને અંદરમાં કદાચિત્ રાગકી મંદતા હુઈ હો વો તો પુણ્ય વિભાવ હૈ અને એને પોતાનો સ્વભાવ (માનીને) હું ધર્મ કરું છું એમ માને છે. ભારે કામ ભાઈ! (શ્રોતા : ભેદજ્ઞાનની ખબર નથી પડતી). ચેતનસ્વરૂપ.... (શ્રોતા : આમાં આવ્યુંને ભેદજ્ઞાન). લખ્યું છેને આમાં. ભેદજ્ઞાનકા મર્મ મિથ્યાદૃષ્ટિ જાનતે નહીં. જેમ હાથી ઘાસ અને અનાજ(કે ભેદ)કો જાનતા નહીં, જેમ દારૂ પીનેવાલા શીખંડકા સ્વાદકો જાનતા નહીં, ઐસે અજ્ઞાની (આત્માકે જ્ઞાનાનંદ સ્વભાવકો જાનતે નહીં.) આહા!

ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ વહ જીવ. ઈસકા જ્ઞાન સ્વસન્મુખ હોકર તો કિયા નહીં. પછી પરસન્મુખમેં જો પરલક્ષસે દયા-દાન-વ્રત-ભક્તિ-કામ-ક્રોધકે વિકલ્પ ઉઠતે હૈં વે અપને હૈં ઐસે માનતે હૈં અને યે કાર્ય મેરા હૈ, હમારી ફર્જ હૈ. પંડિતજી! ભારે આકરું કામ આ તો, કહે છે. છ આવશ્યક હૈં ન શ્રાવકકે. શ્રાવકકે છ આવશ્યક હૈં કિ નહીં? (શ્રોતા : આવશ્યક ક્યા.....) શ્રાવકને છ આવશ્યક નહીં હૈ? (શ્રોતા : આવશ્યક તો એક આ ધર્મ.....) પણ એ શ્રાવકને.. શ્રાવકને તો છ આવશ્યક હૈં વો વિકલ્પ ને રાગ હૈ, એમ કહના હૈ યહાં. યે આવશ્યક નહીં. નિશ્ચય આવશ્યકમેં તો રાગકી ક્રિયાસે ભિન્ન મેરી ચીજ હૈ ઐસી દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા કરના વહ આવશ્યક હૈ.

જેમ 'णियमेण च जं कज्जं'.. નિયમસારમાં આવ્યું હતુંને. આ તો સમયસાર (નાટક) છે. નિયમસારમાં આવ્યું હતું ત્રીજી ગાથામાં. 'णियमेण च जं कज्जं'.. નિયમથી કરને લાયક હૈ વો તો પુણ્ય ને પાપકે વિકારસે ભિન્ન અપની ચીજ શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન હૈ ઈસકી શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા નિશ્ચય કરના વહ હી નિયમસે કર્તવ્ય હૈ. પર ઐસા ભાન હુએ પીછે પણ છ આવશ્યકકી ક્રિયાકા વિકલ્પ આતા હૈ, ઉસકા જ્ઞાન કરાયા હૈ. સમજમેં આયા? ..... છ આવશ્યક અપના કર્તવ્ય હૈ ઔર વહી આવશ્યક ક્રિયા હૈ. આંહીં તો કહતે હૈં કિ શુભભાવમેં વશ હો ગયા હૈ વહ અનાવશ્યક હૈ. આવશ્યક હૈ હી નહીં વો. સમજમેં આયા? આ કોની સાથે મિલાન હોતા હૈ, કીધું.

भागता है, और जिस प्रकार समुद्र अपने स्वभावसे सदैव स्थिर है तथापि हवाके झकोरोंसे लहराता है; उसी प्रकार जीव स्वभावतः जड़ पदार्थोंसे भिन्न है, परन्तु मिथ्यात्वी जीव भूलसे अपनेको कर्मका कर्त्ता मानता है।।१४।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ભગવાન આત્મા ! 'महा धूपकी तपतिमैं तिसायौ मृग'.. દૃષ્ટાંત દેતે હૈં. મૃગજલ (વો) જલ હૈ નહીં. ખારીલી જમીનમેં સૂર્યકા કિરણકા નિમિત્ત પાકર વહાં જલકે જૈસી ઝાંય દિખતી હૈ, જલ હૈ નહીં. ખારીલી જમીન હો ઔર સૂર્યકા કિરણ પડે, મૃગ જુએ (અને માને) જલ હૈ, જલ હૈ, 'धूपकी तपतिमैं तिसायौ मृग'.. તૃષા લગતી હો તો એ જાણે કે જળ ત્યાં હૈ. તો 'भरमसौं मिथ्याजल पीवनकौं धायौ'.. અજ્ઞાનપણે જ્યાં જળ નહીં ત્યાં જળ પીનેકો દોડા. આયા ન, ભાઈમાં આવ્યું છેને. (શ્રોતા : રમેશભાઈમાં.) રમેશભાઈમાં. રમેશભાઈનું. 'દોડી હાંફી ઝાંઝવાના જળને કાજ, અરેરે ! એને સાચા વારિ તે કેમ મળે ?' વહ પન્ના દિયા હૈ ન. આંહીં છેને આપણે એમાં. ક્યાંક હશે આમાં. આ દાખલા આપ્યો હતોને એમાંથી ઉતાર્યું, જુઓ.

'સરોવર કાંઠે રે મૃગલાં તરસ્યાં રે લોલ
દોડે હાંફી ઝાંઝવા જળની કાજ
અરેરે ! સાચા વારિ એને ના મળે રે લોલ.' (વારિ એટલે પાણી.)
'સરોવર કાંઠે રે મૃગલાં તરસ્યાં રે લોલ'.

ચૈતન્યસરોવરમેં આનંદજલ ભરા હૈ અંદર, પણ મૃગલાં સરોવરની પાસે ન જાતાં, મૃગલાં ઝાંઝવાના જળ માટે દોડે હાંફીને. 'દોડે હાંફી ઝાંઝવા જળની કાજ, અરેરે ! સાચા વારિ એને ના મળે, એમ મનના મૃગલાંને પાછાં વાળજો રે લોલ, જોડી ધ્યો આતમસરોવર આજ'. આત્મામાં આનંદ ને જ્ઞાન ભરા હૈ (ઉસ) સરોવરમાં તેરી દૃષ્ટિ દે. આહાહા ! ત્યાં તને આનંદનો સ્વાદ આવીને તારી પિપાસા–તૃષા છીપાશે. સમજમેં આયા ? વધારાનું છે આ ? ડોક્ટરને આપો. ગઢડાના છે ગઢડાના. બહુ રસવાળા છે. જુઓ. સમજાણું કાંઈ ? ક્યા કહતે હૈં ?

'जैसैं महा धूपकी तपतिमैं'.. ધૂપ (-તડકો) લાગ્યો ને તરસ્યો થયો આ મૃગ. 'तिसायौ मृग'.. તૃષા હુઈ એ મૃગલાને.. 'भरमसौं 'मिथ्याजल पीवनकौं धायौ'.. ખારીલી જમીનમેં ઠંડી નહીં, જલ નહીં–પાણી નહીં, ત્યાં દોડ્યો. जैसैं अंधकार मांहि जेवरी निरखि नर.. અંધકારમાં દોરડી–દોરડી–જેવરી ઉસકો સર્પ દેખકર ભાગ્યો, (વહાં) સર્પ હૈ નહીં. દોડત આયા, દેખો. 'जैसैं अंधकार मांहि जेवरी निरखि नर, भरमसौं डरपि सरप मानि

પાપકી ખારીલી જમીનમેં, જૈસે તૃષા છીપાનેકો મૃગ દૌડતા હૈ, ઐસે દૌડતા હૈ પ્રભુ. તેરી તૃપ્તિ નહીં હોગી વહાં. આહાહા! ભારે વાત ભાઈ! જુઓને, કિતના (ઊંચા) પદ લિખા હૈ. આહાહા! શાંતિકી બાત હૈ ભાઈ! એમ કુદમકુદા ને વાદવિવાદ કરેને આ ..., યે વસ્તુ ઐસી નહીં ભાઈ! એ મિથ્યાદૃષ્ટિવંતકો તો....

એમ આત્મા આનંદસ્વરૂપ ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્માકો ન જાનકર યે દયા-દાન વિકલ્પમેં તૃષા તોડનેકો—ધર્મ કરનેકો જાતા હૈ, યે મૃગજળ પીતા હૈ ઐસા કહતે હૈં. (શ્રોતા : પાલીતાણા જાય, વરસીતપ કરે.) વરસીતપ કરે એ બધા અજ્ઞાન છે. એય ચેતનજી! ચેતનજીકા તો ગાંવ હૈ પાલીતાણા. વૈશાખ સુદ ત્રીજે તો બહોત માણસ આતે હૈં આઠસો-આઠસો, હજાર-હજાર. અને એ બધા અપવાસ કરે ને વહેંચે. શું કહેવાય એ બધું? (શ્રોતા : પ્રભાવના, લ્હાણી) પ્રભાવના—લ્હાણી એક-એકને પાંચસો-પાંચસોનો. બિચારા ગરીબ માણસ હોય એને તો બાર મહિનાનો ખોરાક આવી જાય. (શ્રોતા : કેટલો બધો લાભ થાય?) ધૂળેય લાભ નહીં, ભગવાન! આહાહા!

ઉસમેં રાગકી મંદતા કી હો તો ભી પુણ્ય હૈ, (સંયોગ) મિલનેકી આશાસે કિયા હો તો પાપ હૈ (શ્રોતા : ધર્મ કેવી રીતે થાય પહેલા?) પુણ્યકે વિકલ્પસે ભિન્ન ભગવાન આનંદસ્વરૂપ હૈ ઐસી દૃષ્ટિ કરકે અનુભવ કરના યે ધર્મ હૈ. યે ધર્મકી તો ખબર નહીં. આકરું લાગે હોં! વૈશાખ સુદ ત્રીજે ત્યાં હાલતું હોય અને આ જો કહ્યું હોય આવું. મારો, મારો, કહે. આ ક્યાં આવો ધર્મ? ભગવાન ધર્મ તો ઐસા હૈ પ્રભુ! છેતરાઈ જાતે હો ભાઈ! એ રાગકી ક્રિયાકે બહાને આત્મા ખો બૈઠે હો તુમ. આહાહા! આવ્યું હતુંને હમણાં. ૭૨ ગાથાનું મૂક્યું છેને ભાઈએ. જેમ પીપરમાં લાખ છે. પીપર-પીપરના ઝાડ (પર) લાખ હૈ, વહ પીપરકો ખો હૈ. પીપરકા નાશ હોતા હૈ ઉસમેં. ઐસે આત્મામેં પુણ્ય-પાપકા ભાવ હૈ યે આત્માકી શાંતિકા નાશ કરનેવાલા હૈ. આહાહા! આકરી વાત કહી છે. એય જેઠાભાઈ! પીપર, પીપરનું ઝાડ. લાખ હોયને લાખ. આહાહા!

કહા થા ન એકબાર. બહોત સાલ (પહલે)કી બાત હૈ ૬૬-૬૭કી. અહીં પીપર થી. આ ભાવનગર. નહીં ગુજરીની સામે? આખા પીપરના ઝાડ હતા. ૬૬-૬૭ની વાત છે સંવત ૧૯૬૬. એકવાર હું પાલીતાણાથી આવેલો અહીંયાં. મેં કીધું, ભાઈ! આટલા બધા ઝાડ ક્યાં ગયા? કીધું. પીપર(ના ઝાડ) બધા હતાને એ ગુજરીની આમ વચ્ચે. કહે, એ તો લાખ આવી હતી, ખલાસ થઈ ગયા. પીપરના ઝાડ બધા સૂકાઈ ગયા લાખને લઈને. એ દાખલો ભગવાન કુંદકુંદ આચાર્યે આપ્યો. જેમ એ લાખ આવીને પીપરનો ખો થઈ ગયો. એને ન પૂછવું કે ખો શું? પીપરનો ખો. એ 'લાખને લઈને' શબ્દ નથી મૂક્યો. બરાબર પકડાણું નથી. સમજાણું કાંઈ?

અગ્નિકે નિમિત્તસે જો ઉષ્ણતા હુઈ, વો ઉષ્ણતા ખરેખર ઉસકે સ્વભાવકી નહીં. યે અગ્નિકે નિમિત્તસે ઉત્પન્ન હુઈ અગ્નિકી હૈ. ઐસે યહાં કહના હૈં. સમજમેં આયા? 'आगकी उसनता फरस ग्यान लखियै'.. યે ફરસ (-સ્પર્શ) ઠંડેમેંસે ઉના હુઆ, ઐસી ઉષ્ણતા વો (તો) અગ્નિકા સ્વભાવ હૈ (ઔર) જલકા ઠંડા સ્વભાવ હૈ. સમજમેં આયા?

ઐસા જ્ઞાન... ભાઈ! એ જ્ઞાન.. પણ ઓલામાં એમ લખ્યું છે. શું? 'સ્વગ્રાહી જ્ઞાનસે વહ ભાન હોતા હૈ' એમ કહ્યું છે. ઉસકા ભી. એય! કિસકા? જલકા ઠંડા સ્વભાવ હૈ ઔર અગ્નિકે (નિમિત્તસે હુઈ) ઉષ્ણતા (જલસે) ભિન્ન હૈ—ઐસા ભાન સ્વગ્રાહી જ્ઞાન હુઆ ઉસકો ઐસા ભાન હોતા હૈ. સમજમેં આયા? (શ્રોતા : સમ્યગ્જ્ઞાનીની વાત છે.) હા, લિખા હૈ ન, ઉસમેં લિખા હૈ. સ્વ-પરગ્રાહક જ્ઞાનમેં અપના જો સ્વજ્ઞાન હુઆ, 'મૈં શાંત, આનંદ હૂં'—ઐસા ભાન હુઆ, ઉસ જ્ઞાનસે જલકી ઉષ્ણ દશા વો અગ્નિકી હૈ ઔર ઠંડા સ્વભાવ ઉદકકા (-જલકા) હૈ (ઐસા જ્ઞાન હુઆ). અપને સ્વભાવકા ભાન હુઆ તો પરકે સ્વભાવકા જ્ઞાન ઐસે (સ્વભાવદૃષ્ટિસે) વો જાનતે હૈં, એમ કહતે હૈં. સમજમેં આયા?

કલશ ટીકાકારને ઐસા લિયા હૈ. બહુત સરસ હૈ. પાની—જલ ઠંડા હૈ ઔર ઉષ્ણતા તો અગ્નિકે નિમિત્તસે (હુઈ) ઉપાધિ (વો) ભિન્ન ચીજ હૈ. ઐસા બોધ કિસકો સચ્ચા હોતા હૈ? કિ જિસકો અપના આત્મા રાગ ને શરીરસે ભિન્ન (હૈ ઐસા) અપના—નિજકા જ્ઞાન હુઆ, ઉસ નિજજ્ઞાનમેં ઐસા પરકા જ્ઞાન યથાર્થ હોતા હૈ. જિસકો નિજજ્ઞાન હૈ નહીં, ઉસકો પરકા જ્ઞાન યથાર્થ હોતા નહીં. આહાહા! ભારે આકરું કામ! સમજાણું કાંઈ? એમાં લિખા હૈ—લખ્યું છે એમાં. છેને આ. કેટલામું છે એ? કર્તા-કર્મ. (શ્રોતા : સાઈઠમું). અજ્ઞાન અજ્ઞાનરૂપ કર્મ થાય, લ્યો.

આ 'ज्ञानादेव ज्वलनपय'.. છેને. બસ એ. ૧૫મો છે. આમ (સળંગ) સાઈઠમો. ભેદ નિજસ્વરૂપગ્રાહી જ્ઞાનસે પ્રગટ હોતા હૈ. 'ज्ञानात्'.. શબ્દ પડા હૈ ન 'ज्ञानात्'. 'ज्ञानादेवोल्लसति.. ज्ञानादेव ज्वलनपयसो.. ज्ञानादेव ज्वलनपयसो औष्ण्यशैत्य व्यवस्था.. 'ज्ञानादेव'કા અર્થ કિયા હૈ. સમજમેં આયા? અપના આત્મા આનંદ ને જ્ઞાન સ્વરૂપ હૈ ઔર રાગ ને પુણ્યકે વિકલ્પસે ભિન્ન હૈ—ઐસા સ્વકા જ્ઞાન હુઆ. જલકા ઠંડા સ્વભાવ હૈ ઔર ઉષ્ણતા અગ્નિકી હૈ—ઐસા (જિસે) અપને ભેદજ્ઞાન હુઆ વહ દૂસરેકો ઐસે ભેદજ્ઞાનસે જાનતે હૈં. ભૈયા! ઐસી ચીજ હૈ. આહાહા! માણસને સત્ય (મળ્યું નથી ને) બહારમેં ઐસા કરો ને વૈસા કરો ને ફૈસા કરો, બિચારાને મારી નાખ્યા. જિંદગી ચાલી જાય છે. આહાહા! શરીર છૂટતાં કોઈ શરણ નથી. આહાહા! એક કટકો પણ સાથમેં આનેવાલા હૈ નહીં. એ વખતે શરણ કોણ હૈ? આહાહા! ભાઈ! શરણ તો તેરી ચીજ અંદર હૈ. આહાહા! સમજમેં

રાગકો જ્ઞેય કરના પડતા હૈ ઐસા ભી નહિ. આહાહા! સમજમેં આયા? માર્ગ ભારે ભાઈ આવો મોંઘો! ભાઈ! માર્ગ તો ઐસા હૈ ભૈયા! ક્યા કરે!

વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા ઈન્દ્રોની ઉપસ્થિતિમાં પરમાત્મા તો ઐસે ફરમાતે હૈં. ઈન્દ્રો—સ્વર્ગના અર્ધલોકના સ્વામી શક્રેન્દ્ર, અર્ધલોકના સ્વામી ઈશાન ઈન્દ્ર અને ગણધરો—સંતોકે બીચમેં ભગવાનકી દિવ્યધ્વનિ ઐસે આતી હૈ. સમજમેં આયા? કહતે હૈં, ભગવાન! તેરા દ્રવ્યસ્વભાવ દેખનેસે તો તેરા જ્ઞાન યથાર્થ હો, તો તુજે જલકા ઠંડા સ્વભાવ 'સીરૈ'—સીરા એટલે ઠંડા (જ્ઞાત હોતા હૈ) ઔર ઉષ્ણતા ઉસકા સ્વભાવ નહીં—ઐસા બોધ તુઝે રાગસે ભિન્ન સ્વકા જ્ઞાન હુઆ તો ઐસે જ્ઞાનસે ઉસકા જ્ઞાન હોતા હૈ. પોપટભાઈ! આહાહા! લૌકિક બાત.... ઓલા 'ज्ञानात्' કહેવું છેને સમ્યક્ જ્ઞાનાત્. સમજમેં આયા?

કારણકે એવું ને એવું... 'ज्ञानात् एव स्वरसविकसन्नित्यचैतन्यधातोः क्रोधात्'. ભાઈ, છેદાત્ છે ને. છેલ્લો બોલ એ આવ્યો છે. કે જ્ઞાનાત્ જ્ઞાનાત્મેં ક્યોં ડાલા? કારણ કે સ્વરસ ચૈતન્ય ભગવાન આત્મા ચૈતન્યરસ.... ચૈતન્ય અને ક્રોધ, યે ભી અપને જ્ઞાનસે દોકા ભિન્ન ભાન હોતા હૈ. સમજમેં આયા? સબમેં હૈ ન. ज्ञानात्.. ज्ञानात्.. ज्ञानात्.. ત્રણેમાં જ્ઞાનાત્ છે. તો 'ज्ञानात् एव ज्वलनपयसो'.. 'आगकी उसनता फरस ग्यान लखियै'. जैसे.. ઐસે. દો લીટીકા અર્થ હૈ. અપના સ્વરૂપ રાગ, શરીર, કર્મસે ભિન્ન હૈ. હૈ ઐસા ભાન હુઆ, અપના નિજસ્વરૂપકા સમ્યગ્જ્ઞાન હુઆ, તો વો જ્ઞાન જૈસા મેરા સ્વભાવ જ્ઞાન હૈ, રાગ–વિકલ્પ નહીં, ક્રોધ નહીં. અગ્નિની સામે ક્રોધ લિયા ન. વિકલ્પ ઉઠતે હૈં કિ યે ઠીક નહીં—ઐસા વિકલ્પ હૈ ક્રોધ. ક્રોધ હૈ વો અપના સ્વભાવ નહીં.

જૈસે ઠંડે જલકા સ્વભાવ ઉષ્ણતા નહીં, ઐસે મેરા નિજરસ ચૈતન્યરસકા સ્વભાવકે આગે યે ક્રોધકે વિકલ્પકા અભાવ હૈ, યે મેરા નહીં. ઐસા કિસકો ભાન હોતા હૈ કિ જિસકો અપના સ્વકા જ્ઞાન હુઆ ઉસકો ભાન હોતા હૈ. સ્વરૂપગ્રાહી જ્ઞાન. આરે આ ભારે! રાજમલે પણ ટીકા કરી છે ને! ગૃહસ્થ થે રાજમલ. યે (બનારસીદાસ) ભી ગૃહસ્થ હૈં. પણ ... આચાર્ય તીર્થંકર આદિ જો કહતે હૈં, વહ ભાવ લેકર—પકડકર બાત કરતે હૈં. સમજમેં આયા? સમ્યગ્દર્શનમેં કોઈ ફેર નહીં. સિદ્ધકા સમ્યગ્દર્શન ઔર કેવલીકા હો કે ચોથે ગુણસ્થાન(વાલે) પશુકા હો. સમજમેં આયા? સમ્યગ્દર્શનમેં—સમ્યગ્જ્ઞાનમેં ફેર (નહીં). ભલે થોડા જ્ઞાન હો, પણ પ્રતીતની અપેક્ષાએ બરાબર સરિખે સબ હૈં. આહાહા! સમજમેં આયા?

કહતે હૈં, 'आगकी उसनता फरस ग्यान लखियै'.. 'ज्ञानात्' છેને છેલ્લો શબ્દ એ. યે ઉષ્ણ સ્પર્શ હૈ ને યે ઠંડા સ્પર્શ હૈ, યે જ્ઞાનસે જાનનેમેં આતા હૈ. છેલ્લી બે લીટીકા અર્થ

હોતા હૈ. જ્ઞાન પણ ક્યું જ્ઞાન? અપના સ્વરૂપકા જ્ઞાન હુઆ હૈ કિ મૈં રાગરહિત (હૂં). ક્યોંકિ જૈસે રાગ અગ્નિ સમાન હૈ ઔર મૈં ચૈતન્ય શીત આનંદસ્વરૂપ હૂં. આહાહા! ઐસા અપના સ્વરૂપકા ભાન (હુઆ કિ) મૈં તો અતીન્દ્રિય આનંદ 'સીરા' 'સીરા'—ઠંડા શાંત સ્વભાવ મેરા હૈ ઔર રાગકા સ્વભાવ અગ્નિ સમાન ભિન્ન હૈ. તો જિસકો અપને જ્ઞાયકભાવકા ભાન હુઆ, વો ઠંડા ઔર ઉષ્ણતાકા વિવેક કર સકતા હૈ વ્યવહારસે. સમજમેં આયા? ભારે વાતું ભાઈ આવી!

ઓલો કહે કે દયા પાળો, વ્રત પાળો, તપસ્યા કરો. જાવ ધર્મ હોગા. ધૂળમેંય ધર્મ નહીં, સુન તો સહી! તેરી તપસ્યા ક્યા? અપવાસ કિયા ને આહાર ન કિયા. વહ તો મિથ્યાત્વભાવમેં માન લિયા કિ મૈંને આહાર છોડ દિયા. આહાર છોડા.. આહાર મૈં ગ્રહતા થા તો આજ નહીં લેતા હૂં, વહ તો અજીવકા સ્વામી હોકર મિથ્યાત્વભાવ પોષતે હૈં. ભારે વાતું ભાઈ! કલ્યાણજીભાઈ! આવો માર્ગ ભાઈ! આહાહા! આ માર્ગ ને આ જાતની રુચિ જ્યાં હો જાય ત્યાં આખી લાઈન ફરી જાય એની. સમજમેં આયા? આહાહા! દિશા ફરે દિશા!

'जैसें स्वाद व्यंजनमैं दीसत विविधरूप'.. બીજો દૃષ્ટાંત દૂસરા. जैसें स्वाद व्यंजन.. વ્યંજન એટલે શાક. શાક કહતે હૈં ન. દૂધીકા, કરેલાકા શાક હોતા હૈ. 'जैसें स्वाद व्यंजनमैं दीसत विविधरूप, लौनकौ सुवाद खारौ जीभ-ग्यान चखियै'.. શબ્દ નાખ્યો છે જીભનો. 'જ્ઞાનાત્' શબ્દ છેને. છે તો બધામાં સરખું. સ્વાદનું છેને એટલે ખ્યાલ આપે છે. શાકમેં સ્વાદ જો આતા હૈ ખારેકા, વહ મીઠાકા સ્વાદ હૈ—લવણકા સ્વાદ હૈ. ઔર શાકકા સ્વાદ જુદા હૈ. દૂધી ખારી હૈ? દૂધી કહતે હૈં ન? દૂધી—લૌકી, કારેલા, ગીસોડા, ટીંડોળા. શું કહેવાય બીજું? મોટાવાળા કહેવાય એ? પરવળ. પરવળ ને બીજું શું? પરવળ ને બીજું સારું કહે છેને? કંટોલા. પરવળ ને કંટોલા બહુ ઊંચા કહેવાય છે. વહ પરવળ આતા હૈ ન. ઔર કંટોલા. વહ (શાક) કંઈ ખારા નહીં હૈ. ઉસકો બાફે તો ભી કંઈ ખારા હોતા હૈ? ઉસમેં ખારાપના જો દિખતા હૈ નમકકા, વહ તો મીઠાકા હૈ—નમકકા હૈ, વો કંઈ શાકકા નહીં. આહાહા! સમજમેં આયા?

'जैसें स्वाद व्यंजनमैं दीसत विविधरूप'.. પણ કિસકા? લવણકા સ્વાદ ખારા. 'जीभ-ग्यान चखियै'.. જીભસે ખ્યાલ આ જાયે ઉસમેં કિ ખારાપન બહોત હૈ. વહ મીઠાકા—નમકકા હૈ. યે શાક—તરકારી ઔર ખારા ભિન્ન—ભિન્ન હૈ, ઐસા વાસ્તવિક બોધ કિસકો હોતા હૈ? કિ જિસકો.. વિકલ્પ રાગ આદિસે આત્મા ભિન્ન હૈ, રાગપનેકા ખારા સ્વભાવ રાગકા હૈ, મેરા સ્વભાવ તો આનંદ ને શાંત હૈ.—ઐસા જિસકો સ્વજ્ઞાનકા જ્ઞાન હુઆ ઉસકો ખારાપન નમકકા હૈ અને શાકકા ખારાપના નહીં (ઐસા) ઉસકા યથાર્થ જ્ઞાન હોતા

માણસો કહેતા? કે ભાઈ! અમારે (ધર્મ) કરવો છે પણ હવે છોડીઓ ચાર-પાંચ-છ છોડીયું. લંગર પડ્યું છે મોટું. હવે એક સત્તરની ને એક પંદરની ને એક ઓગણીસની ને એકવીસની. બધી ઠેકાણે પાડીએ તો નવરાશ મળે.

એય ત્રંબકભાઈ! એને તો કાંઈ ન મળે. એણે તો કો'કની લીધી છે. ભાઈની લીધી એણે. પણ આ ઠેકાણે પાડે પછી, કહે, આપણને નવરાશ મળે કે નહીં? એ કરી શકતો હશે? (શ્રોતા : ભ્રમણામાં રહે). ભ્રમણા કરે. હું આને સારા સ્થાને વળાવી દઉં, ફલાણું કરી દઉં, છોકરાંને પણ સારે ઠેકાણે પરણાવ્યો—વરાવ્યો. વળી કાંઈક એનાથી મદદ મળે. પૈસા આવે એવા વેવાઈ ગોત્યા છે ને એને એકની એક દીકરી છે. પચ્ચીસ લાખ છે. છેવટે મરી જશે તો આવશે તો આંહીં. એવું ગોત્યું છે ઘર. માળા મૂર્ખ છે મોટા, કહે છે. મોટો મૂરખ છો, કહે છે. એ ક્રિયા મેં ગોઠવી દીધી ને મેં કરી—એ માન્યતા તારી મૂર્ખાઈ ભરેલી છે.

આનો અર્થ ન્યાં ઓલામાં (એમ) કર્યો. મિથ્યાદષ્ટિનું અજ્ઞાન છે એમ કીધું. આ વ્યવહારી મોહનો (અર્થ). છેને **'मोहोऽयं व्यवहारिणाम्'**. કળશટીકામાં. આ મિથ્યાદષ્ટિનું માનેલું અજ્ઞાન છે. આહાહા! આ ચોપડા-બોપડાના નામા લખી ન શકે? તો કેમ હશે આ મલુકચંદભાઈ? રૂપિયા દેવા હોય તો દઈ શકે ને ન દેવા હોય તો ન દઈ શકે, એમ ખરું કે નહીં? (શ્રોતા : નહીં). કેમ નહીં? આ હમણાં આઠ હજાર તમારી પાસે માંગે છે, શું છે અત્યાર સુધી લ્યો. એવું સાંભળ્યું છે. (શ્રોતા : કોઈ એક દિવસે કહે ભાઈ પાંચ હજાર તો આપી દીધા). એ કોણ જાણે, પણ આપણે સાંભળેલું છે. ત્યાં તમારે બેઠા હોયને... (શ્રોતા : મેં એમ કીધું કે....) કીધું લ્યો, ઠીક. એલ્યા મોઢાનો માણસ પોતે આપે નહીં ને વાતું કરે કો'કની. પેલા ફલાણાં આપતા નથી ને ફલાણા આપતા નથી. પણ તમે શું કર્યું પહેલું? પણ એ આપી શકે કે નહીં? આપી શકતો નથી, માટે નથી આપ્યા એમ થયું કે નહીં? એય હરીભાઈ!

કહો, આપી શકતો નથી માટે ન આપ્યા એમ બરાબર નથી? ભાઈ! હવે આપણે તો ન્યાયથી વિચારવાનું ને. (શ્રોતા : પછી આપ્યા ન આપ્યાનો પ્રશ્ન જ ક્યાં ઉત્પન્ન થાય?) એય બાબુભાઈ! ભાઈ! આ તો વસ્તુનું સ્વરૂપ આવું છે. કોઈ વ્યક્તિગત માટે નથી. આ તો એક દાખલો આપ્યો. (શ્રોતા : મોટા માણસો આ દાખલો આપે). કારણ મોટાએ સલવાડ્યું છે. બીજા નથી આપતા એમ સાંભળ્યું છે. સાંભળ્યું છે. આણે સલવાડ્યું, પછી બીજા સાધારણવાળા નથી આપતા, કહે એવું. પણ એ બધી ખોટી વાત છે. એના ભાવના એ કર્તા. એ દેવા-લેવાની ક્રિયાના કર્તા આત્મા નથી. આહાહા! ભારે વાતું ભાઈ!

સ્વરૂપ છે. આહાહા ! એને આંહીં તકરારું બહારની. ચશ્માથી દેખાય અને ફલાણાથી આ થાય. આપણે બાહ્ય નિમિત્તનું બહુ આવ્યુંને ભાઈ ! હમણાં આમાં જ આવ્યું બેય (પદ)માં. રોટલી-બોટલી થાય એમાં સ્ત્રી બાહ્ય નિમિત્ત, ઘડો થાય એમાં કુંભાર બાહ્ય નિમિત્ત, વણકર કપડું વણે એમાં એ વણકર બાહ્ય નિમિત્ત. આહાહા ! પંડિતજી ! એ તો એને કાળે થાય એમાં બીજી બાહ્યચીજની ઉપસ્થિતિવાળાને બાહ્ય નિમિત્ત કહેવાય છે. આહાહા !

આંહીં તો એ તો ક્યાંય દૂર રહ્યું હવે, કહે છે. ભાઈ ! તારો સ્વભાવ અંદર એવો છે. અનંત અનંત અપરિમિત બેહદ આનંદ અને શાંતિ. પણ એ બેહદ આનંદ અને હું આનંદનો ધરનાર—એવા ભેદમાં રોકાવું એ રાગનો તણખો છે. દિવાળીમાં નથી આવતી શું કહેવાય ? ફૂલખરણી .... દારૂની બનાવેલી હોયને. ફૂલઝર. જે રાગ છે તે અગ્નિઝર છે કહે છે. આહાહા ! ગુણી ભગવાન આત્મા અને એનો ગુણ—એ વિકલ્પ એ અગ્નિનો તણખો ઝરે છે. સાધારણ માણસને તો (આકરું લાગે.) શ્રીમદે કહ્યુંને 'વચનામૃત વીતરાગના, પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ'. હીજડા પાવૈયા જેવાને તો એવું લાગે અરરર ! આ શું ?

પોપટભાઈ ! 'વચનામૃત વીતરાગના, પરમ શાંતરસ મૂળ.' એ તો વિકલ્પને તોડાવી અને શાંતરસમાં નાખે એવી વીતરાગની વાણી છે. 'ઔષધ જે ભવરોગના.' આ ભવનો રોગ. આહાહા ! જરીક ચાંદુ પડે ત્યાં અહીં લાવો, કહે છે. શું કહેવાય આ ? જીથરી. ૧૦૦માંથી ૯૯ તાવ (થતો) નથી. શું હશે ? એમ મનમાં શંકા પડી જાય. ક્ષયરોગ લાગુ પડ્યો હશે ? ચાલો ભાઈ ફોટો લેવા જીથરી. ૯૯. ૯૯ સમજતે નહીં ? (શ્રોતા : સો મેં એક કમ) બુખાર.. બુખાર.. થોડો થોડો રહે છે ..... બીજી જાતનો. ચાર વાગ્યા સુધી થોડો થોડો રહે. દિવસે વળી પણ.... એમ ગોટા વાળે.

આંહીં કહે છે કે અનાદિથી તને ભ્રમણાનો રોગ લાગ્યો છે. આહાહા ! મારો આનંદનો નાથ હું કોણ છું એની તને ખબર નથી અને પુણ્ય અને પાપના વિકલ્પમાં મારા માન્યા એ ભ્રાંતિ છે. શ્રીમદે કહ્યુંને 'આત્મભ્રાંતિ સમ રોગ નહીં, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ, ગુરુ આજ્ઞા સમ પથ્ય નહીં, ઔષધ વિચાર ધ્યાન'. આત્મભ્રાંતિ સમ રોગ.. એ રોગ જ એના જેવો કોઈ નથી. આહાહા ! આ એક શરીરમાં કેટલાં રોગ એ કહ્યું હતું. ભગવાને કહ્યું છે. એક શરીર છે આ. સારું રૂપાળું લાગે. એમાં રોગ એટલા છે, ૫ કરોડ ૬૮ લાખ ૯૦ હજાર ૫૮૪ રોગ છે આ શરીરમાં. (શ્રોતા : એ શક્તિરૂપે છેને, એમાં શું વાંધો છે ?) એ અંદર કેટલાક તો વ્યક્તરૂપે હોય, પણ ન દેખાય એને. એ પોપટભાઈ! એક-એક તસુમાં ૯૬ રોગ છે એમ ભગવાન કહે છે. સોનાનો પિંડલો લાગે એને જાણે. ધૂળેય નથી, આંહીં તો સડેલા

(બાત) નહીં, ઐસા ભાવ આતા હૈ, હોતા હૈ. 'હોતા હૈ' કહના વહ ભી ઉસકો ખુશી હોતી હૈ કિ ઠીક હૈ. પણ (ભાવ) આતા હૈ તો ઐસા દેખનેમેં આતા હૈ કિ યે ભક્તિ કરતે હૈં, યે કરતે હૈં, યે કરતે હૈં. બસ, ઈતની મર્યાદા હૈ. (શ્રોતા : લગન અંતરકી હૈ). લગન અંતરકી. અંતરકી લગન બિના રાગકો વ્યવહાર ભી કહનેમેં આતા નહીં. આહાહા! શું કરે ? ઓલો કહે હંબક છે, ઓલો કહે નિશ્ચય એકાંત છે. ઓલું હમણાં આવ્યું'તું ને. એવું છે ભગવાન! તારે આ કબૂલ કરવું પડશે, જો સત્યને રસ્તે જાવું હોય તો. સમજમેં આયા? અનુભવ તે નિર્દોષ હૈ.

'अनुभव प्रवांन भगवान पुरुष प्रमाण'.. ક્યા કહતે હૈ? દેખો. કહતે હૈં કિ અનુભવ યે હી ભગવાન હૈ, પ્રમાણ હૈ, યે સચ્ચા હૈ, એમ કહતે હૈં. આત્મા જ્ઞાયકસ્વરૂપ ભગવાન ઉસકા અનુભવ, રાગકા મિશ્રિતપના છોડકર નિર્દોષ નિર્વિકલ્પ આનંદસે અનુભવ કરના વહી સચ્ચા પ્રમાણ હૈ. યે પ્રમાણ હૈ એમ કહેવું છે. પ્રમાણ એટલે યે હી સત્ય હૈ. બાકી અપ્રમાણ હૈ. આહાહા! સમજમેં આયા? હૈ અંદર લિખા હૈ. ઉસમેં (કિસીકે) ઘરકી બાત નહીં યહાં. પુસ્તકમેં હૈ કિ નહીં? સમયસાર નાટક તો બહોત પ્રચલિત હૈ. (શ્રોતા : સોનગઢસે છપા હૈ.) છપા હૈ ઉસમેં ક્યા? ખલાસ હો ગયા પુસ્તક. હમણાં આજ આવ્યો છે કાગળ. એક જણાએ સોળ મંગાવ્યા છે સોળ. ચોસઠ રૂપિયા. શું કહેવાય પોસ્ટ ને બધું આપ્યું. મોકલો અમને. આવું સમયસાર નાટક છપાવીને બહુ ઉપકાર કર્યો છે એવો કાગળ આવ્યો છે. આહાહા!

ભગવાન કુંદકુંદાચાર્યકી વાણી થી. અમૃતચંદ્રાચાર્યને કળશ કિયે. વહ કળશમેંસે યે બનાયા. કળશમેંસે રાજમલને ટીકા બનાઈ હૈ. ઉસમેં યે બનાયા હૈ. આહાહા! શું થાય? અનુભવ તે પ્રમાણ છે. અનુભવ તે ભગવાન છે. આહાહા! પુણ્યની ક્રિયા એ રાંકાઈ છે. રાંકાઈ કહતે હૈં ન રાંકાઈ. રાંક. દીનતા હૈ. પુણ્યભાવ હૈ યે દીનતા હૈ અને અનુભવ હૈ યે ભગવાન હૈ, એમ કહતે હૈં. આહાહા! સમજમેં આયા? માર્ગ ઐસા હૈ, જિસકો જન્મ-મરણકી આકુલતાસે નિકલના હો તો. જન્મ-મરણ વહ કોઈ ચીજ નહીં, પણ આકુલતા જો અંદર હૈ મહા ઝેરકી આકુળતા. મિથ્યાશ્રદ્ધા, રાગ-દ્વેષ આકુળતા (હૈ તો) અકેલે દુઃખકી ભઠ્ઠીમેં જલા હુઆ આત્મા હૈ અનાદિસે. આહાહા! ઉસકો નિકલના હો તો અનુભવ ભગવાન આત્મા હૈ એમ કહતે હૈં. સમજમેં આયા?

અનુભવ ભગવાન હૈ. આચાર્યને અનુભવકો દો નામ દિયે સમ્યગ્દર્શન ને જ્ઞાન. આ કહે કે જેટલા નામ દ્યો એ બધા (ઘટે) છે. આહાહા! છેને કળશમાં લખ્યું છેને. આ ટીકામાં થોડું મૂક્યું છે. કળશમાં એમણે ને એમણે મુક્યું છે ઝાઝું. કળશ તો ઉનકે હૈં ન. અમૃતચંદ્ર આચાર્ય(ના) કળશ છેને! અનુભવ તે ભગવાન છે. આહાહા! સચ્ચિદાનંદ પ્રભુ

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આહાહા! એમ નહીં સમજના કે હમ તો જુવાન હૈં, બાળક હૈં કે વૃદ્ધ હૈં. માટે હમેં ક્યું સમજમેં આવે? ઐસી ચીજ નહીં. આત્મા બાલ, યુવાન, વૃદ્ધ હૈ નહીં. હમારી બુદ્ધિ અલ્પ હૈ તો કૈસે સમજે? બુદ્ધિ અલ્પ નહીં, મહા કેવળજ્ઞાનકા કંદ હૈ યે તો. આહાહા! સમજમેં આયા? અંદર રુચિ ને દૃષ્ટિકા વિષય હોના ચાહિયે. જ્ઞાન અલ્પ હો, વિશેષ હો, ઓછા હો, ઉસકે સાથ સંબંધ નહિ.

'जैसैं एक जल नानारूप-दरबानुजोग'.. દૃષ્ટાંત દિયા હૈ. જૈસે નદીમેંસે પાની નિકલા ઔર અનેકરૂપ દ્રવ્ય નામ પદાર્થકા સંયોગ હુઆ, અન્ય વસ્તુકા સંયોગ મિલા. પાની નિકલતા હૈ ન નદીમેંસે, (કુછ) પીપળે ચઢ જાતા હૈ, (કુછ) લીમડે ચઢતા હૈ. પાની ચઢ જાતા હૈ ન ઐસા. 'जैसैं एक जल नानारूप-दरबानुजोग, भयौ बहु भांति'.. જલ નિર્મળ—સ્વચ્છ હૈ, પણ પાની(કે પ્રવાહ)મેંસે નિકલકર પ્રત્યેક ભિન્ન-ભિન્ન ઝાડ—વૃક્ષ આદિમેં ચઢ જાતે હૈં. તો बहुभांति પાનીકી દશા હોકર पहिचान्यौ न परतु है.. યે જલ હૈ ઐસી પિછાન પડતી (નહીં). આહાહા! મીઠા જલકા પ્રવાહ નદીકા ચલતા હો, ઉસમેંસે થોડા એક પ્રવાહ નિકલ ગયા, ખેતરમેં કિ દૂસરી (જગહ) ચલા ગયા. વહ જો જો ઝાડ થા, જો જો જમીન થી ઉસ રૂપ પાની પરિણમ ગયા. રંગ ભી ઉસકા ઐસા હો ગયા. જલ—પાનીકી સ્વચ્છતા પિછાનનેમેં આતી નહીં.

'फिरि काल पाई दरबानुजोग दूरि होत'.. પર વહ સ્વચ્છ ને પથ્ય જલ નદીમેંસે નિકલકર પ્રત્યેક વૃક્ષ આદિ ભૂમિમેં જાકર (-જાનેસે) અપની જલકી સ્વચ્છતા પિછાનનેમેં આતી નહીં (થી), વહ જલ ઉસમેંસે નિકલકર (ફિરસે) નદીમેં મિલ ગયા. 'फिरि काल पाई दरबानुजोग दूरि होत'.. સંયોગકો દૂર કર દિયા જલને. 'अपने सहज नीचे मारग ढरतु है.' જલ નીચે પ્રવાહ(કી ઓર ઢલતે-ઢલતે) અપના—નિજ પાણી પ્રવાહ હૈ ઉસમેં ચલા જાતા હૈ.

'अपनै सहज नीचे मारग ढरतु है, तैसैं यह चेतन पदारथ विभाव तासौं'.. આહાહા! ભગવાન ચૈતન્યજલ આનંદસ્વરૂપ ભગવાન અતીન્દ્રિય અમૃતનો સાગર પ્રભુ.. 'चेतन पदारथ विभाव'.. વિભાવના કારણે.. અનેક પ્રકારકા શુભ ને અશુભ વિકલ્પ—વિભાવ ઉસ કારણસે 'गति जोनि भेस भव-भांवरि भरतु है'. આહાહા! શુભ ને અશુભ ભાવ યે વિભાવ હૈં. જેમ જલ નિકલ કરકે... કારેલા આદિ હોતા હૈ ન? કારેલા કહતે હૈં ન ક્યા કહતે હૈં? કારેલા કડવા. કરેલા કહતે હૈં તુમ્હારે. તો પાણી ત્યાં ચઢે તો કડવું દેખાય. પીપલમેં દેખે તો ઐસા (પીપલરૂપ) દિખે, દૂધીમેં ઐસા (દૂધીરૂપ) દિખે. પાનીકી સ્વચ્છતા

પિછાનનેમેં આતી નહીં. પણ પાની ઉસમેંસે નિકલકર જલ(પ્રવાહ)મેં જબ ચલા જાય તો (વહ) પિછાનનેમેં આતા હૈ.

એમ આત્મા વિભાવ... આહાહા! ભગવાન ચૈતન્યસ્વરૂપ... 'विभाव तासौं'.. પુણ્ય ને પાપકા વિકલ્પ—વિભાવ... અપના ચૈતન્યસ્વરૂપ છોડકર વિભાવકી ગતિમેં ગમન કરતે હૈં, તો 'गति जोनि भेस.. ભિન્ન ભિન્ન ગતિ દિખતી હૈ. ભિન્ન જોની (-યોની) ઉત્પત્તિસ્થાનરૂપ ભેખ દિખતે હૈં. 'भव-भांवरि'.. જન્મ-મરણના સંસારના ચક્ર દિખતે હૈં. યે ઉસકા સ્વભાવ નહીં. આહાહા! સમજમેં આયા? 'गति जोनि भेस भव-भांवरि भरतु है'.. વિભાવકે કારણ. યહાં તો યે કહા, દેખો. કર્મકે કારણ, ઐસા નહીં લિયા હૈ, દેખો. પાણી ભી અપને કારણસે દૂસરેમેં જાતા હૈ.

એમ અપના જ્ઞાન ને આનંદ સ્વભાવ ભગવાન અપને સ્વરૂપકો છોડકર, અપને સ્વભાવમેં હૈ નહીં ઐસા પુણ્ય-પાપકા શુભ-અશુભ ભાવમેં પસરકર—વ્યાપકર, અજ્ઞાનસે વ્યાપ્ય-વ્યાપક હોકર ગતિમેં—નરકગતિ, મનુષ્યગતિ, ઢોર—પશુગતિ, નિગોદગતિ, સ્વર્ગગતિ... બહારકા શરીર નહીં હોં. ઉસકી યોગ્યતા જો અંદર હૈ વિભાવસે ગતિ આદિ, ઐસે દિખતા હૈ. એને એમ લાગે, બસ, મૈં આ, મૈં આ હૂં. જોનિ—ઉત્પત્તિસ્થાન. ભેખ. 'विभाव अवस्थामें गति, योनि, कुलरूप संसारमें चक्कर लगाया करते हैं'. અર્થમાં છે. વાણિયો, બ્રાહ્મણ ને મુસલમાન ને ઢેઢ ને પશુ ને કીડી ને કાગડા. યે યોગ્યતા અંદર દશામેં હોં, શરીર નહિ. વિભાવને કારણે ભિન્ન-ભિન્ન યોનિમેં ઉત્પન્ન હોકર ઉસકા ખરા અપના રૂપ દેખનેમેં આતા નહીં. વહ વિભાવ વહી મૈં હૂં, બસ. આહા! સમજમેં આયા?

'सम्यक सुभाइ पाइ अनुभौके पंथ धाइ'.. લ્યો, સમ્યક્. पीछे अवसर मिलने पर निज स्वभावको पाकर'.., એમ કહે છે. 'सम्यक सुभाइ पाइ अनुभौके पंथ धाइ'.. સમ્યક્ સ્વભાવ પાઈ, મૂળ તો એમ છે. સચ્ચે સ્વભાવકો પાકર... વહ વિભાવકો પાકર ઐસા થા. જલ ઝાડમેં, પૃથ્વીમેં જાકર દૂસરા હો ગયા થા. પર વહ જલ અપને સ્વભાવમેં આયા ....મેંસે, નદીમેં ચલા ગયા. ઐસે ભગવાન આત્મા વિકલ્પકી જાલમેં ફંસતા હુઆ ભિન્ન-ભિન્ન અવતાર ધારણ કરતા દિખતા હૈ. પણ सम्यक सुभाइ पाइ... 'અરે! મૈં તો ચૈતન્ય આનંદ શુદ્ધ હૂં. પવિત્રતાકા મૈં તો ધામ હૂં. પુણ્ય-પાપકા અપવિત્ર વિભાવ—વિકલ્પ મેરેમેં હૈ નહીં.' આહાહા! કહો, સમજમેં આયા?

'सम्यक सुभाइ पाइ'.. ભગવાન આત્મા જૈસા ઉસકા સ્વભાવ સમ્યક્ થા જ્ઞાન-આનંદ-શાંતિ-સ્વચ્છતા-વીતરાગતા, ઐસા સ્વભાવકા અનુભવ હુઆ, ઐસા સ્વભાવકા ભાન—સમ્યગ્દર્શન હુઆ. સમ્યગ્દર્શનમેં અપને સ્વભાવકા ભાન હોતા હૈ. આહાહા!

'सम्यक सुभाइ पाइ अनुभौके पंथ धाइ'.. આહાહા! દેખો. જલ જેમ ઝાડમેં—વૃક્ષમેં ઔર પૃથ્વીમેં ભિન્ન-ભિન્ન રૂપ ધારણ કરકે ફિરતા થા. ઉસમેંસે જલકા પ્રવાહ ઈકટ્ઠા હોકર નદીમેં ચલા ગયા. મહાપ્રવાહકે સાથ ચલા ગયા. ઐસે ભગવાન આત્મા પુણ્ય ને પાપના વિકલ્પના—વિભાવના પ્રવાહમાં ભિન્ન-ભિન્ન ગતિ, યોનિમેં આદિ દિખતા થા, યે ઈસકા ખરા—અસ્સલ સ્વરૂપ નહીં. સમજમેં આયા? અપનેકો મનુષ્યપનેસે પિછાનના, સ્વર્ગપનેસે પિછાનના, દયા-દાનકે વિકલ્પસે પિછાનના—યે ઉસકા સ્વરૂપ નહીં. સમજમેં આયા? આહાહા!

'सम्यक सुभाइ पाइ अनुभौके पंथ धाइ'.. શબ્દ કેવો છે! અનુભવના પંથમાં દોડ્યો—ગતિ કરી. પુન્ય-પાપકા વિકલ્પભાવ ઉસમેં જો ગતિ થી વહ તો પર ભેખ થા, વો વાસ્તવિક સ્વભાવ નહીં, વહ તો વિભાવકા ભેખ હૈ. વિભાવસે હટકર અપના નિજસ્વભાવ જ્ઞાન ને શુદ્ધ આનંદકા સ્વભાવમેં અનુભવમેં આયા અને અનુભવકે પંથ.. અનુભવની ગતિના પંથમાં દોડ્યો, ઉસમેં વીર્યને ગતિ કી. એમ કહે છે. આહાહા! ભાષા છેને! **अनुभवके मार्गमें लगकर...** પંથ ધાઇ છેને. કરને (જૈસા) કાર્ય તો યહ હૈ. ભગવાન આત્મા અપના નિજ જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ શુદ્ધ સ્વભાવ ઉસકા અનુભવ કિયા ઔર અનુભવમેં લગ ગયા, અનુભવ કરતે.. કરતે.. કરતે મોક્ષ હો ગયા ઉસકા, એમ કહતે હૈં.

'बंधकी जुगति भानि'.. અનુભવકે પંથમેં આનંદકા વેદન કરતે કરતે बंधकी जुगति भानि—નષ્ટ કર દિયા, બંધનો નાશ કરી દીધો. સમજાવવામાં તો એમ જ સમજાવેને. બંધ હોતા નહીં ઉસકો બંધ નાશ કરતે હૈં (ઐસે) કહનેમેં આતા હૈ. અબંધસ્વભાવી ભગવાન આત્મા ઉસકા અનુભવ હુઆ, અનુભવમેં લગા, લગની લગી, આહાહા! અનુભવમેંસે બહાર નિકલના જ્ઞાનીકો ન રુચે. સમજમેં આયા? આહાહા! એવા અનુભવના પંથમાં લાગીને, बंधकी जुगति એ બંધના પ્રકારને ટાળી નાખ્યું भानि. કર્મબંધનકો નષ્ટ કરતા હૈ. દેખો, અનુભવસે કર્મબંધનકા નાશ હોતા હૈ. સમજમેં આયા? 'मुकति करतु है', લો. 'बंधकी जुगति भानि मुकति करतु है'.. જુગતિ સાથે મુક્તિ. કવિ છેને કવિ! આહાહા!

અંતરમેં સ્વભાવકા અનુભવ કરકે... જો અનાદિસે પુણ્ય-પાપ વિકાર ને દયા-દાન-વ્રત-ભક્તિકા અનુભવમેં વેદન થા વહ તો ઝેરકા વેદન થા. ઉસસે તો બંધ હોતા હૈ, એમ કહતે હૈ. અનુભવકી જુગતિ... 'पंथ धाइ, बंधकी जुगति भानि'.. બંધના ભાવને ટાળી મુક્તિ કરતુ હૈ. ઉસકો—આત્માકો મોક્ષ હોતા હૈ. આહાહા! સારમાં સાર જૈનશાસનકા, વીતરાગ પરમાત્માકા. યે આત્મસ્વભાવ ક્યા હૈ ઉસકો પહલે પિછાનકર પીછે અનુભવ કરના વહ સારમેં સાર ચીજ હૈ. સમજમેં આયા? 'बंधकी जुगति भानि मुकति करतु है'..

એ ... કોણ હશે? કોણ હશે? એક ઉદય રતનભાઈ થયા હતાં અમારા ગામમાં, નહીં? ખેડાના. એ આમાં... ગુણસાગર છે આમાં. બીજા છે. એક ઉદય રતન હતા. આ બધી સજ્ઝાય.. આવી ૪-૪ સજ્ઝાયમાળા છે આખી. ૨૦૦-૩૦૦.... અત્યારે તો એક (પુસ્તક) આપણને મળ્યું નથી. સમજાણું? બહુ ઘણી ઘણી વાત લાંબી છે. પ્રભુજી મેલો મન ઈશ, વહેલો રથ જોડો આપ. રથ જોડો પ્રભુ. પછી કહે, હવે જાવ. એકવાર માર્યું લોહદંડ. ... કરી ત્યાં પાંચેય રથ ગયા કસ્તુર. પાંડવ ઉભા રહ્યા. પાંચેય રથનો ભૂક્કો કરી નાખ્યો. અહીંયાં ક્યાંક નામ આપ્યું કસ્તુર ગામનું નામ. મૂળ તો એમ કહે છે કે મોટો ભગવાન આત્મા અવળો પડ્યો, એના લક્ષણ એવા છે કે રાગને પોતાનું માનીને રાગનો કર્તા ને રાગ એનું કર્મ એકલું છે. સમજાય છે કાંઈ? આહાહા!

શું કર્યું આ અત્યાર સુધી? એમ કહે છે. મનસુખભાઈ! આવું બધું કર્યું હશે જાદવજીભાઈ? આ દુકાને બેસીએ છીએ. આ લિયા, આ દિયા. આહાહા! એમાં વળી ઓલીપણે કોલાબા મુંબઈમાં... શું કેવું? કોલાબા. એક દિ' જોવા ગયા હતા. માલ લેવા ગયા હતાને. જોયું તો એક મારવાડી આમ કૂદે. આ લિયા, દિયા. માળા ગાંડા થઈ ગયા, કીધું. (શ્રોતા : આમાં લિયા, દિયા લખ્યું છે?) ના, આમાં નથી. તે દિ' તો શું વાચ્યું હતુંને, આ બધું વાંચ્યું હતું. એવું હતું લ્યો. હતો તો ઉંમરવાળો માણસ હતો. આમ કરું, લઉં. ત્યાં સમાચાર આવે શીપથી હોં, વિલાયતથી. હા, અમેરિકા શીપથી આવે, સમાચાર આવે. સમાચાર આવે ને પછી લે–દે કરે. માથા ફોડે. એમ આ અજ્ઞાનનો અંદર સંદેશો આવે છે કે મેં દીધા ને મેં લીધા ને રાગ ને દ્વેષ, રાગ ને દ્વેષ. આહાહા!

શાંતિભાઈ! શું હવે આ? આ બધું હોંશિયારી નહીં કરી હોય? એમાં કામ નહીં આવતું હોય? એ ધીરુભાઈ! હુશિયાર હોય તો બહુ પેદા થાય એવું નહીં હોય? આહાહા! ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા જગતમાં જાહેર કરે છે કે ભાઈ! કેવળ રાગનું કાર્ય તારું ને અશુદ્ધભાવ તે તેનો કર્તા. શુદ્ધભાવ તો ત્રિકાળ છે એની તને ખબર નથી. આહાહા! સમજાણું કાંઈ? 'इत्यादि अनेक प्रकारके रागादि भाव किया करते हैं, इससे वह भावकर्मका कर्ता होता है.' લ્યો. જડનો કર્તા નહીં જડકર્મનો, પરનો કર્તા નહીં, સ્વભાવનું ભાન નહીં તો સ્વભાવનો કર્તા નહીં. એકલો વિકારી પરિણામ(રૂપ) કર્મનો કર્તા છે. લ્યો! કર્યું હોય અનાદિથી તો એક જ કામ એણે કર્યા છે. બરાબર છે? ૫૧ કળશ ૫૧. ૫૦નો અર્થ કર્યોને, હવે ૫૧.

**यः करोति स करोति केवलं यस्तु वेत्ति स तु वेत्ति केवलं।**
**यः करोति न हि वेत्ति स क्वचित् यस्तु वेत्ति न करोति स क्वचित्॥५१॥**

સાંભળવું? રોકાવું શી રીતે? ભારે આવું કામ ભાઈ! પ્રતિબંધ છે આ. આહાહા! માર્ગ વીતરાગનો કાંઈક છે ને લોકોને કાંઈક ચડાવી દીધા છે.

આંહીં તો કહે છે, 'यस्तु वेत्ति स तु वेत्ति'. એકલો જાણનાર, એમ. જરીયે એને અશુદ્ધનું પરિણમન (નથી). ભાઈ! એમ કહે છે અહીં. આહાહા! સમ્યગ્દર્શન– આત્માનું ભાન થયું, કહે છે કે કેવળ શુદ્ધનું પરિણમન છે. આહાહા! એકલો જાણનાર-દેખનારનો ભાવ એ જ એનો છે. અશુદ્ધનું બિલ્કુલ પરિણમન નથી. આહાહા! રાડ નાખેને લોકો. કહો, સમજાણું કાંઈ? દાસ! છે એમાં છેને? શ્લોકમાં છે જુઓ. આપણે શ્લોકમાંથી અર્થ કરીએ છીએ. અહીં બરાબર અર્થ ઓલામાં નથી એટલે... 'य करोति न वेत्ति'.. શું કહે છે હવે? જેને અંદરમાં અશુદ્ધતાના પરિણમનનું ભાન છે એટલે અશુદ્ધ પરિણમનનું જ કર્તવ્ય છે, તે જાણનાર બિલ્કુલ–અંશે પણ રહેતો નથી. એને જાણનારની ભૂમિકા પ્રગટ થતી નથી, અંશેય નહીં, એમ કહે છે.

'य करोति न हि वेत्ति'.. જે અશુદ્ધ પરિણમનને કરે છે તે બિલ્કુલ જાણતો નથી. આત્મા વસ્તુ શું (એ) જાણતો નથી. એ ધર્મચંદજી! ભારે કામ ભાઈ આવા! આહાહા! વીતરાગ પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથ એના આ સંદેશા છે. સંતો વચ્ચે આડતિયા થઈને (સંદેશા લાવ્યા). માલ લઈ આવે છેને મનસુખભાઈ ને મનુભાઈ ત્યાંથી. તો એ આડતિયા થઈને મોકલે દિલ્હી ને વચ્ચે (આડતિયા) થઈને. મનુભાઈ! આ સંતો વચમાં આડતિયા થઈને વાત કરે છે. આહાહા!

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ (જેને) એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન છે. એ ભગવાનની વાણીમાં, આગમમાં એ આવ્યું કે જેને અશુદ્ધ પરિણમનનો ભાવ થયો તે બિલ્કુલ જાણતો જ નથી. એમ કહે છે. આહાહા! સમજાય છે કે નહીં? શાંતિભાઈ! એ અશુદ્ધ પરિણમન વયું ગયું? એ શાંતિભાઈ! ભગવાન! અશુદ્ધ પરિણમન તો, એ દ્રવ્યદૃષ્ટિએ વસ્તુના સ્વરૂપનું ભાન નહોતું ત્યારે અશુદ્ધ પરિણમન નહોતું એ ઊભું થયું, સ્વભાવમાં નહોતું એ ઊભું થયું. એથી એ ઊભું થયેલું તેનો એ કર્તા, એને શુદ્ધતાનું કાંઈ જરીયે ભાન નથી. અને શુદ્ધતાનું જ્યાં ભાન થયું, બિલ્કુલ–કાંઈ અશુદ્ધનું પરિણમન એની દશામાં ગણવામાં આવ્યું નથી. છે?

'यः करोति न हि वेत्ति'.. न वेत्ति એટલે જાણનાર ન રહે. એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે. સમજાણું કાંઈ? આહાહા! એ રાગનો કર્તા થાય અને વળી જાણનાર રહે એમ ન બને. સમજાણું? અથવા રાગ આવ્યો, પછી એને જાણવાનો પ્રયત્ન કરે કે અરેરે! આ રાગ છે. કહે છે કે એ કરે તે બિલ્કુલ (-જાણતો નથી). તે કાળે જાણવું જોઈએ

રહેતો.... અસ્થિરતા આવતી છતાં એનોય જાણનાર છે. એ જાણનાર રહેતા રહેતા અસ્થિરતા ટળી ગઈ ને એકલી જ્ઞાનદશા વીતરાગ થઈ ગઈ. એમ શાસ્ત્રમાં કહ્યું, જે કોઈ આત્માનો જાણનાર થાય, આત્માનો જાણનાર થાય તે ક્વચિત્—કિંચિત્ રાગને કરતો નથી. ધરમચંદભાઈ! અર્થમાં જુઓ. 'जो कर्म करे वह कर्ता है' એટલે અશુદ્ધતારૂપે પરિણમે તે કર્તા. 'जो जाने सो ज्ञाता है'. જે જાણનાર છે (એ) જ્ઞાતા છે. 'जो कर्ता है वह ज्ञाता नहीं होता'. અશુદ્ધપણાના પરિણમનમાં પરિણમેલો તે જ્ઞાતા રહી શકતો નથી. અને 'जो कर्ता है वह ज्ञाता नहीं'. જાણનારમાં રહ્યો તે અશુદ્ધપણે પરિણમતો નથી. આહાહા!

ભાવાર્થ : 'मूढ़ और ज्ञानी दोनों देखनेमें एकसी क्रिया करते हैं'. જ્ઞાની અને મૂઢ—બેની ક્રિયા એક દેખાય. લડાઈમાં ઊભા હોય બેય સરખા, લ્યો. બેય બાણ મારતા હોય. છે? 'मूढ़ और ज्ञानी दोनों देखनेमें एकसी क्रिया करते हैं. परंतु दोनों के भावमें बड़ा भेद रहता है'. ભાવમાં ફેર છે. પકડ પકડમેં ફેર હૈ. અમારે એક છોડી હતી (એ) કહેતી, મિંદડી હોયને મિંદડી. બિલ્લી બચ્ચાને પકડે ને ઊંદરને પકડે. બોલતી બિચારી નાની. ૮૦ની સાલની વાત છે. આઠ વરસની છોડી હતી. પોપટભાઈની દીકરાની દીકરી. મરી ગઈ ક્ષય થઈને... પકડ પકડમેં ફેર હૈ એમ કાંઈક બોલતી, ભૂલી ગયા. ૨૫-૫૦ શ્લોક....

મિંદડી પકડે ઊંદરને ને મિંદડી પકડે પોતાના બચ્ચાને. બેય મોઢામાં લટકતા હોય. એકમાં ભીંસ હોય ને એકમાં પોચું હોય. મીંદડી સાત-આઠ દિ'એ ફેરવે છેને બચ્ચાને. એ આમ લટકતું હોય હોં. મોઢું પકડે પોચું પોચું. આખું મોઢું આંહીં આવી ન જવું જોઈએ. મોઢું ખુલ્લુ રહે, આમ વચમાંથી પકડે. એ ઊંદર જેવી જ પકડ હોય, પણ અંદર પકડમાં ફેર. એને અંદર દાંતના ઓલા પોલાણ ભાગમાં એણે રાખ્યું હોય. અને ઊંદરને પકડે મીંદડી... પકડ પકડમાં ફેર. એમ જ્ઞાની-અજ્ઞાનીની ક્રિયા બહારની એક દેખાય, પણ અંદર પકડમાં ફેર છે. એકને રાગમાં પકડાઈને કામ દેખાય છે. એકને જ્ઞાતામાં રહીને કામ દેખાય છે. આહાહા! સમજાણું કાંઈ?

'अज्ञानी जीव ममत्वभावके सद्भावमें बंधनको प्राप्त होता है और ज्ञानी ममत्वके अभावमें अबंध रहता है'. શું કહ્યું? કે અજ્ઞાની, રાગાદિનો સૂક્ષ્મ વિકલ્પ છે એ મારો છે એમ માનીને એનો કર્તા થાય છે એટલે બંધન ઉત્પન્ન કરે છે. જ્ઞાનીને રાગનું મમત્વ છે નહીં. મમપણું ત્યાં સ્વભાવમાં છે. જાણવા-દેખવાના સ્વભાવમાં મમપણું, અહંપણું છે. એને રાગમાં અહંપણું આવતું નથી. તેથી તે બંધનપણાને પામતો નથી, પણ અબંધપરિણામને ઉત્પન્ન કરે છે. સમજાણું કાંઈ?

બાવન, (શ્લોક) બાવન છે ને.

**ज्ञप्तिः करोतौ न हि भासतेऽन्त; ज्ञप्तौ करोतिश्च न भासतेऽन्तः।**
**ज्ञप्तिः करोतिश्च ततो विभिन्ने ज्ञाता न कर्तेति ततः स्थितं च।।५२।।**

જે જ્ઞાની છે તે કર્તા નથી (સોરઠા)

**ग्यान मिथ्यात न एक, नहि रागादिक ग्यान महि।**
**ग्यान करम अतिरेक, ग्याता सो करता नहीं।।३४।।**

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ** :–મહિ=માં. અતિરેક (અતિરિક્ત)=ભિન્ન ભિન્ન.

**અર્થ** :–જ્ઞાનભાવ અને મિથ્યાત્વભાવ એક નથી અને જ્ઞાનમાં રાગાદિભાવ હોતા નથી. જ્ઞાનથી કર્મ ભિન્ન છે, જે જ્ઞાતા છે તે કર્તા નથી. ૩૪

**अर्थ** :–ज्ञानभाव और मिथ्यात्वभाव एक नहीं हैं और न ज्ञानमें रागादिभाव होते हैं। ज्ञानसे कर्म भिन्न है, जो ज्ञाता है वह कर्त्ता नहीं है।।३४।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

'ज्ञानभाव और मिथ्यात्वभाव एक नहीं हैं'. સ્વભાવભાવ ને વિભાવભાવ એક નહીં. લ્યો, હવે બાયડી-છોકરા તો એક(રૂપ) નથી, પૈસા એક(રૂપ) નથી, આ ધંધા-બંધા એક(રૂપ) નથી, જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવમાં વિભાવ પણ એક(રૂપ) નથી. સમજાણું કાંઈ? 'ज्ञानभाव और मिथ्यात्वभाव एक नहीं है और न ज्ञानमें रागादिभाव होते हैं'. જ્યાં આત્મા જ્ઞાનસ્વરૂપનું ભાન થયું, ત્યાં જ્ઞાનભાવમાં રાગભાવ થતો જ નથી. સ્વભાવભાવમાં વિભાવભાવ હોય જ નહીં. આહાહા! 'ग्यान करम अतिरेक'.. એ વિકારી કર્મ... વિકાર–વિકલ્પનો ભાવ એ કર્મ અને જ્ઞાનસ્વરૂપ ધર્મ.—એ બેને અતિરેક એટલે જુદાપણું છે. બેયને ક્યાંય મેળ નથી. આહાહા! 'ग्याता सो कर्ता नहीं'. જે જાણનાર–ધર્મી થાય, તે રાગનો કર્તા (નથી) ને રાગનું પરિણમન એને હોતું નથી. એવો વસ્તુનો સ્વતઃ થતો સ્વભાવ છે. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

એવી અનંતી શક્તિ(વાન) એવો જે ભગવાન આત્મા, એ પોતે રાગને કેમ કરે? સમજાણું કાંઈ? આવો સ્વભાવનો ધરનાર ભગવાન તે વિભાવને કેમ કરે? આહા! માને છે, એ તો પહેલું કહ્યું કે માને છે. જુઓને, 'मोह-विकल जन कहहि इम'. માને છે કે હું પરનું કરું છું. એમ આ જ્ઞાતાદૃષ્ટા ચૈતન્યપિંડ પ્રભુ....

જેમ એક દ્રવ્ય જીવ અને ઓલા અનંતા (જડકર્મ પરમાણુ). હવે અહીં આમ અનંતા.. અનંતા.. શુદ્ધ (ગુણરૂપ) સ્વભાવ અને એક ક્ષણની વિકાર અવસ્થા. આમ ગુલાંટ ખાય તો આમ છે. સમજાણું કાંઈ? જેમ એક વસ્તુ ભગવાન આત્મા અને કર્મના રજકણો તો અનંત છે. એ એક અનંતને કેમ કરે? હવે ગુલાંટ ખાય છે વાત. આત્મા જ્ઞાન-દર્શન આદિ અનંત ગુણનો પિંડ પ્રભુ, એ રાગની કણિકા મળ-મેલ ક્ષણની એને કેમ કરે? આહાહા! જુઓ! સંતોના જાહેર ઢંઢેરા. પ્રકાશદાસજી! આ ઢંઢેરા. નગારાની દાંડી પીટીને વાત છે. કાંઈ ગુપ્ત રાખી નથી અહીં. આહાહા!

ભાઈ! जीव मिथ्यात न करै.. ભગવાન બેહદ સ્વરૂપ જેનું એવો જે જ્ઞાન (સ્વભાવી) ભગવાન આત્મા એ ભ્રમણાને કેમ કરે? કારણકે બેહદ અપરિમિત સ્વભાવનો સાગર, એ પરિમિત એક સમયની ભૂલ જે ભ્રમણા એને ભગવાન કેમ કરે? અમરચંદભાઈ! આ તો દવાનું કાંઈ કરે નહીં એમ કહે છે. આહાહા! આરે ભારે! દવા કરે નહીં, ઈન્જેક્શન દઈ શકે નહીં, બોલી શકે નહીં, ચાલી શકે નહીં, સામાયિક બાંધી શકે નહીં. અહીં તો હવે કહે છે કે આગળ જા જરીક. તારો જ્ઞાનરસ શક્તિ તો અનંતને જાણે, આહાહા! બેહદ પદાર્થ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવ (એવી) બેહદ (સામર્થ્ય)વાળી ચીજને પણ જ્યાં પોતાના જ્ઞાનમાં બેહદ તરીકે જાણે, એવો જે જ્ઞાન સ્વભાવ એ મિથ્યાત્વ ન કરે. જુઓ, આ વાત! આવો જે જ્ઞાન સ્વભાવભાવ એ ભ્રમણાની દશાને કેમ કરે? આહાહા! શી રીતે કરે? બેહદ જ્ઞાન કરનારું તત્ત્વ એ ક્ષણિક વિભાવના દયા-દાન-વ્રતના પરિણામને કરે કેમ? કહે છે. આહાહા!

એ અજ્ઞાનભાવ છે. અચેતનનો એક ક્ષણિક થોડો અચેતનનો ભાવ. આ તો અનંત અનંત ચેતનના અનંત ભાવ. આહાહા! એવા ચેતનનો અનંત સ્વભાવભાવ એવો ભગવાન આત્મા એ મિથ્યાભ્રમને—કૃત્રિમ રાગને—નહીં રહેલાને—નવો કરે (અને) રહેલા ભાવને છોડીને આને કરે (એમ બને નહીં). સમજાણું કાંઈ? આકરું લાગે માણસને. આવો કાંઈ ધર્મ હોતા હશે? નવી જાતનો ધર્મ કાઢ્યો એમ માને. ભગવાન! નવી જાત તો તેં જાણી નહોતીને આત્માની એ નવી જાત છે. છે એ તો છે. जीव मिथ्यात न करै.. એક વાત. કેમ? કે 'भाव नहि धरै'.. એ મલિન પરિણામને ધારતો જ નથી. આહાહા! સમજાણું કાંઈ? 'भाव नहि धरै भरम मल'. ભાવમલકા ધારક ન હોય. ન હી ધારક હૈ.

આ તો સાદી ભાષામાં બનારસીદાસે, કુંદકુંદાચાર્યના શ્લોકમાંથી ટીકા કરી અમૃતચંદ્રાચાર્યે, એમાંથી આ કળશો કર્યા. એમાંથી થઈ રાજમલ્લજીની ટીકા. કળશ ટીકા આતી હૈ ન. કળશ ટીકા આયી હૈ ન અભી. નહીં યહાં નહીં વહ કળશટીકાકા ગ્રંથ. રાજમલ્લજીકી કળશટીકા નહીં હૈ? ખબર નહીં? પણ તમારી પાસે હૈ? એકેય રાજમલ્લજીકી ટીકા નહીં હિંદી, ગુજરાતી? હિંદી હૈ ન. (શ્રોતા : હિંદી હૈ, પર દેખી નહીં.) .... એ નહીં, ઐસી બુક હૈ કિ નહીં? આ બુક હૈ ભિન્ન કળશકી. કળશટીકા. વહ કહતે હૈં. કળશટીકા હૈ ન ઉસમેંસે (નાટક સમયસાર) બનાયા હૈ. યે કળશટીકામેંસે બનાયા હૈ.

આવે છેને પાછળ, નહીં? ઘર ઘર (નાટક) કથા બખાની... જુઓ, ઉસમેં ૪૧૭ પાના. ચાર એક સાત. 'पांडे राजमल्ल जिनधर्मी'.. ક્યાં છે ભીખાભાઈ? 'पांडे राजमल्ल जिनधर्मी'.. હૈ? 'समैसार नाटकके मर्मी'.. હવે એનો સુધારો કરવા માગે છે રતનચંદજી. આમાં ભૂલ છે કહે છે. પોતાની ભૂલ છે એ જોતા નથી ને આની ભૂલ કાઢે છે. 'तिन गिरंथकी टीका कीनी, बालबोध सुगम कर दीनी'. સાધારણ પ્રાણીને સમજાવવા માટે કહે છે.

इह विधि बोध-वचनिका फैली, समै पाय अध्यातम सैली।
प्रगटी जगमांही जिनवानी, घर घर नाटक कथा बखानी॥

હવે આપણે આ (સમયસાર) નાટક ૨૫૦૦ છપાણા એ ખલાસ થઈ ગયા. બીજા છપાવવા પડશે એમ વાત થઈ. માંગણી આવી છે. કોણ છપાવે છે આ? એ પંડિતજી! અમારે હિંમતભાઈનું છેને. આ ૨૫૦૦ તો ખલાસ થઈ ગયા. प्रगटी जगमांही जिनवानी, घर घर नाटक कथा बखानी. ઘર ઘર નાટક કથા.. સમયસાર ઘરે ઘરે ચાલે છે. ઉસમેંસે— કળશમેં યે બનાયા હૈ.

'जीव मिथ्यात न करै, भाव नहि धरै भरम मल. આહાહા! એ હળવી ચીજને માથે બોજા શા? ભારે ચીજ ઉપર હળવી રહી શકે. પણ હળવી ચીજ ઉપર બોજો શો આ? भाव नहि धरै भरम मल. આહાહા! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદઘન એવી નિર્મળ ચીજ એ મલિનભાવને કેમ કરે ને કેમ ધારે? સમજાય છે કાંઈ? એ શીખંડના ખાનારા વિષ્ટાને કેમ ખાય? હંસલા મોતીના ચારા ચરનાર એ જુવાર ને બાજરા ન ખાય, એમ કહે છે. સમજાય છે કાંઈ?

'जीव मिथ्यात न करै भाव नहि धरै भरम मल'. એ મિથ્યાત્વની વાત છે અહીં તો. 'ग्यान ग्यानरस रमै'. આહાહા! જ્ઞાનશક્તિ તો જ્ઞાનમાં રમે. ભગવાન અનંત દર્શન-

જ્ઞાન સ્વભાવ, અનંત આનંદ આદિ જેની પ્રકૃતિ નામ સ્વભાવ અનંત છે. એવો ભગવાન આત્મા એ તો પોતાના સ્વભાવને રમે. રાગને કરે ને ધારે નહીં અને સ્વભાવમાં રમે એ એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? 'ग्यान ग्यानरस रमै'. ભાષા દેખો. આમાં એમ નથી કહ્યું કે રાગમાં રમે. રાગને તો કરે નહિ ને ધરે નહિ. એ વ્યવહાર રાગને કરે નહિ ને વ્યવહાર રાગને ધારે નહિ એમ કહે છે. આહાહા! એવો ભગવાન આત્મા જ્ઞાનપ્રકાશની મૂર્તિ જ્ઞાનરસમાં રમે.

'होइ करमादिक पुदगल'. તો પુદ્‌ગલ એ કર્મરૂપે પરિણમી જાય અને કર્માદિ છે તે પુદ્‌ગલ થઈ જાય, એમ કહે છે. આ અહીં રમે, કર્મ કર્મરૂપ પુદ્‌ગલ થઈ જાય. સમજાણું કાંઈ? જડકર્મ પુદ્‌ગલ છે (તે) જડની અવસ્થારૂપ થાય. આ ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે ચૈતન્યપ્રકાશ, એમાં રમે તો આત્મારામરૂપ થઈ જાય, એ આત્મા જ થાય. કર્મ પુદ્‌ગલરૂપે થઈ જાય. બેય ભેખ મટી ગયા. અહીંયાં અજ્ઞાનનો ભેખ ગયો, ત્યાં કર્મની પર્યાયમાં પુદ્‌ગલનો કર્મપર્યાયનો ભેખ હતો એ પણ ગયો. 'ग्यान ग्यानरस रमै, होइ करमादिक पुदगल. असंख्यात परदेस सकति'. આહાહા! જુઓ, ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી છે. એનું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ (પ્રમાણ) છે. શરીર પ્રમાણે (પણ) ભિન્ન, અરૂપી અસંખ્ય પ્રદેશનો એ પિંડ છે. ग्यानरस रमै, કહ્યું ને.

'असंख्यात परदेस सकति जगमगै प्रगट अति'. એમાં એ રમે. અસંખ્ય (પ્રદેશી) પોતાના નિજક્ષેત્રમાં એ રમે. રાગના અને કર્મના ક્ષેત્રમાં તે જ્ઞાનરસ રમે નહિ. સમજાણું કાંઈ? આ ધર્મદશા, લ્યો. ભારે ધર્મ ભાઈ! असंख्यात परदेस सकति.. ભાષા જુઓ, પ્રદેશશક્તિ. એમાં 'जगमगै प्रगट अति'. અસંખ્યાત પ્રદેશમાં અનંત શક્તિઓ—ગુણો ભર્યા છે. એ પરનો કર્તા તો નહિ, પણ રાગનો કર્તા ને ધર્તા નહિ. એવી બેહદ ચૈતન્ય શક્તિનું ભાન થતા એ પોતે પ્રગટ ઝગમગે. ચૈતન્યના વિકાસની જ્યોતિ ઝગમગ ઝગમગ ઝગે છે. આહાહા! દિવાળીના દીવા જેમ ઝગમગ ઝગમગ ચમકે, એમ ભગવાન ઓલા રાગને કરતો હતોને ત્યારે ચૈતન્ય ચમક ઢંકાઈ જતી હતી. સમજાણું કાંઈ? ભારે આવો ધર્મ ભારે ભાઈ આ!

जगमगै प्रगट अति.. લ્યો, 'प्रकाशित रहता है. ઝગમગ ઝગમગાતી હૈ શક્તિ. એ શક્તિ હતી એ પર્યાયમાં ઝગમગ પ્રકાશ થઈ જાય છે. જાગતી જ્યોત ભગવાન બ્રહ્માંડ આત્મા બ્રહ્માનંદનો નાથ, બ્રહ્માંડનો જાણનાર, બ્રહ્માંડમાં પેસનાર નહિ. આરે ભારે કામ આકરું! પોતે આખો પરમાત્મા છે એની એને ખબર નથી. પરમાત્મા પર્યાયમાં એન્લાર્જ થાય છે એ તો અંદરમાં છે એનો એન્લાર્જ થાય છે. એ પરમાત્માદશા ક્યાંય બહારથી આવતી (નથી). બહારથી આવે છે? 'અપ્પા સો પરમઅપ્પા.' ભગવાન આત્મા તે જ

પરમાત્મા છે. તે અસંખ્ય પ્રદેશમાં ઝગમગ ઝગમગ જ્યોતિ જાનન, દેખન, શ્રદ્ધા, આનંદ આદિ શક્તિથી વિલાસ કરે છે. 'जगमगै प्रगट अति' પાછું. સમજાય છે કાંઈ?

'चिदविलास गंभीर धीर'. જ્ઞાનનો વિલાસ, આનંદનો વિલાસ.. રાગની રમતુંને છોડી ભગવાન પોતાના જ્ઞાનરસના આનંદમાં આવ્યો, એ જ આત્મા છે. એ આત્મા चिदविलास गंभीर.. જેના જ્ઞાનનો વિલાસ ઊંડો ગંભીર છે. સમજાય છે કાંઈ? ગંભીર છે. જેના જ્ઞાનની દશા મહાગંભીર છે. જ્ઞાનની દશામાં અનંતતા આવી ગઈ છે. સમજાણું કાંઈ? આહાહા! ધીર છે, એ અનંતું ગંભીર હોવા છતાં ધીર છે—ધીરૂં છે. શાંત.. શાંત.. સમજાણું કાંઈ? જુઓ, આ સમ્યગ્દર્શનના ભાનમાં આ દશા થાય એમ કહે છે. આહાહા! ભગવાન આત્મા અનંત ગુણનો અસંખ્યપ્રદેશી પિંડ પ્રભુ એ રાગને કરે નહિ ને ધરે નહિ એટલે ત્યાંથી દૃષ્ટિ ઉઠી ગઈ છે. અને દૃષ્ટિ થઈ વસ્તુના સ્વભાવમાં, તો અસંખ્ય પ્રદેશો ઝગમગ્યા. અનંતા દીવડા પર્યાયે પ્રગટ થયા. અનંતા ગુણો. गंभीर धीर—ધીરૂં છે. ધી આવે છેને ધી—બુદ્ધિ. ધ્યેય પ્રત્યે પ્રેરે તે ધીર.

ઓલામાં આવ્યું હતું અષ્ટપાહુડમાં. પોતાની જ્ઞાનની પર્યાયરૂપી ધી, ધ્યેય જે અખંડ પૂર્ણ પ્રભુ એમાં પ્રેરે એવા જ્ઞાનને ધીર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા! એના ગાણા પણ સાંભળ્યા ન હોય કોઈ દિ'. આ તો આ મહાવ્રત પાળો, પૂજા કરો ને ભક્તિ કરો ને સિદ્ધગિરિ પાલિતાણા ને સમ્મેદશિખરની જાત્રા કરો, જાઓ કલ્યાણ તમારું થાવ. (શ્રોતા : ....) ધૂળેય સારું (નથી). એ શુભભાવ છે એટલી વાત છે. હો, પણ એ કંઈ ધર્મ છે અને એ એનાથી ધર્મ પ્રગટે છે એવી વસ્તુ નથી. હોય છે, જ્ઞાનીનેય વચમાં હોય છે એવો રાગ, પણ એ બંધનું કારણ છે. પૂર્ણ અબંધપરિણામ પ્રગટ ન થાય (ત્યાં સુધી) હોય છે. સંવર-નિર્જરાનું કારણ નથી. સમજાણું કાંઈ?

ભગવાનના દર્શનથી આસ્રવ ... ઘટે અને સંવર વધે. એ દેવાનુપ્રિયા! આવે છેને ક્યાંક? દેવચંદજી એમાં આવે છે. ભગવાનના દર્શનથી આસ્રવ ... ઘટે ને સંવર વધે. એ ભગવાનના વચન નહીં. સમજાણું કાંઈ? પણ પૂર્ણતા ન હોય તો વચમાં એવો ભાવ હોય છે, થાય છે, થઈ જાય છે, થઈ ને જાય છે. આહાહા! 'थिर रहै'.. વસ્તુમાં સ્થિર રહે એવી निर्मल ज्योति अत्यन्त जगमगाती है. 'विमलमति' છેને. ઝગમગાતી હૈ નિર્મળજ્યોતિ. મળને ન ધારે... કહો, સમજાણું?

'चिदविलास गंभीर धीर, थिर रहै विमलमति, जब लगि प्रबोध घटमहि उदित'.. શું કહે છે? જ્યાં સુધી અંતરમાં જ્ઞાનસ્વરૂપનું ભાન વર્તે. 'तब लगि अनय न परेखिये'. અન્યાયમાં પ્રવેશ કરી શકે નહિ. સમજાણું કાંઈ? અન્યાય એટલે મિથ્યાત્વ. અન્યાય એટલે

ચેતના—જાનના—જાણવું એ એની ક્રિયા. નિશ્ચયથી તો ભગવાન જાણવાની પર્યાયની ક્રિયાથી રહિત નિષ્ક્રિય છે. સમજાણું કાંઈ? ક્યા હૈ? નહીં આયી સમજમેં? યહાં તો કહા ન (કિ) પરસે ભિન્ન કરનેકી બાત હૈ. પણ અંતર પરિણામ અને પરિણામીની ભિન્નતા જાણવી હોય ત્યારે તે પરિણામી જેને ત્રિકાળી અપરિણામી તરીકે કહીએ (કે જે) પલટતો નથી, એમાં એ પરિણામની ક્રિયા પણ નથી. (શ્રોતા : આમાં ઘડીકમાં કહેવું કર્તા છે ને ઘડીકમાં કહેવું કર્તા નથી). એ બધું મેળવવાનું છે. એય! (શ્રોતા : બરાબર સમ્યક્ છે). સમ્યક્ છે. ઘડીકમાં કહેવું કે ચિદેશ જ્ઞાનની ક્રિયાનો, જ્ઞાનકર્મનો કર્તા. કઈ અપેક્ષાએ? એકને એક દ્રવ્યમાં ભેદની અપેક્ષાએ. પરની અપેક્ષાએ તે અભેદ થયું, પણ પોતાના દ્રવ્ય અને પરિણામના ભેદની અપેક્ષાએ ચેતન આત્મા કર્તા અને એનું પરિણામ આવ્યું તે કર્મ.

પણ જ્યારે પરિણામ અને પરિણામી—બેની એકલી ભિન્નતા જણાવવી હોય, ત્યારે પરિણામી ભગવાન આત્મા એ ક્રિયાનો—પરિણમનનો કર્તા નથી. ૩૨૦માં આવી નથી ગયું? ૩૨૦ ગાથામાં આવી ગયું છે. આંહીં આવી ગયું છેને આંહીં તે. મોક્ષમાર્ગના પરિણામ અને મોક્ષના પરિણામ એ ધ્રુવ કરતું નથી. ધ્રુવમાં એ છે નહીં. વાંચ્યું છે, સાંભળ્યું કે નહીં? શેઠી! આંહીં સાંભળ્યું હતું? કહાં સુના હૈ? (શ્રોતા : હવે જયપુરમાં સાંભળવાનું બાકી છે.) એ તો જયપુર... જયપુરમાં એ આવે ઝીણું? વો પાના દિયા હૈ કિ નહીં તુમકો? ૩૨૦ ગાથાકા પાના હૈ, નહીં? આયા હૈ? (શ્રોતા : મુંબઈમેં...) ..... મુંબઈમાં વહેંચ્યા હશે, પણ મુંબઈમાં વાંચ્યું નથી. (શ્રોતા : છપાવ્યું છે). છપાવ્યા છે, ઠીક.

જુઓ, ભાઈ! અહીંયાં ભગવાન આત્મા એક દ્રવ્ય કર્તા ને બીજું (દ્રવ્ય) કર્મ કહેવું, એ તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો વ્યવહાર જણાવવા(નું પ્રયોજન) છે. ખરેખર એનો (પરનો) કર્તા છે નહીં. હવે પ્રત્યેક પદાર્થમાં... આપણે અહીંયાં આત્મામાં લેવું છે હવે. કે આત્મા જે છે, એ પરનો કર્તા (અને) પરની ક્રિયા ને પરનું કર્મ (કરે)—એ આત્મામાં છે નહીં. બહુ તો એને લેવું હોય તો ભગવાન ઈશ્વર ચૈતન્યમૂર્તિ પ્રભુ એ પોતાના જ્ઞાનભાવ, શ્રદ્ધાભાવ, આનંદભાવ, વર્તમાન નિર્મળ નિર્વિકારી ભાવ—એનો એ કર્તા અને નિર્મળભાવ એ એનું કામ એટલે કર્મ. અને જે અવસ્થા બદલી... જુઓને 'જાનના' એ ક્રિયા. એમ પરથી ભિન્ન પાડીને પોતાના સ્વભાવમાં આ રીતે થાય છે, એમ એની કર્તા-કર્મ-ક્રિયા બતાવી.

પણ એથી આગળ લઈ જઈને જોવું હોય... એ તો પાછળ ૩૨૦ ગાથામાં લીધું છેને. તો ભગવાન આત્મા ચૈતન્ય ધ્રુવ.. ધ્રુવ.. અનાદિ-અનંત એ કાળથી ઠીક, પણ વસ્તુ જે

હક્ક સોંપી દીધો. આહાહા! સારું લાગે એને ત્યાં. અને તે માનતો નથી, એ વળી પાપનો ઉદય માને. એ અશુભભાવ (અને શુભભાવ) બેય દુઃખદાયક છે. સમજાણું કાંઈ? આહાહા!

ભગવાન તો આનંદની મૂર્તિ છે. અતીન્દ્રિય આનંદનો સ્વામી છે આત્મા. એમાં આવા બેય (ભાવ) વિકલ્પની લાગણીઓ છે. કહે છે કે પણ મને સરખું નથી લાગતું હોં. શિષ્ય કહે છે. કારણ.. કારણમાં ફેર છે, શિષ્ય કહે છે. પુણ્ય-પાપના બંધનના પરિણામમાં ફેર છે, એના અનુભવમાં ફેર છે, બંધનના સ્વભાવમાં ફેર છે અને ફળ ન્યારે ન્યારે છે. એક અનિષ્ટ લાગે. એક લાગે ખરાબ, એક લાગે ઠીક. બાયડી, છોકરા, કુટુંબ આ બધું, બે-ચાર-પાંચ કરોડ રૂપિયા. જુઓને, એ તો જઈ આવ્યા છેને. શું કહેવાય? એના બગીચામાં સ્વીટ્ઝર્લેન્ડ. પણ ત્યાં એમ કહે, આ બધા માળા માનતા નથી એવું જો સાથે ભેગું રાખે તો ખેદ થાય ત્યાં. આહાહા! કલ્પના છે કે નહીં? બીજી શું વાત છે? એ તો એને ઘેરે રહેશે.

એક આમ લાગે કે આહાહા! મારે તો મોટા મોટા ગામના પ્રમુખો આવે સાંજે મળવા, બાગબગીચા જોવા. સારા બગીચા કર્યા હોય આરસપહાણના પથ્થર ગોઠવીને, પુતળા-પુતળીઓ ને ફલાણા, લ્યો. જોવા આવીને બેઠો હોય, ઓલું ખાય, લાડવા .... એ ત્યાં બેસે ને... જાય છેને આપણા કાઠીયાવાડી ત્યાં જાય (તો) એને ઘરે જાય. પૈસાવાળો છેને ત્યાં. એટલે જાય (તો) સાચવે સારી રીતે. ત્યાં શું હવે? બાર મહીને ૫૦૦–૧૦૦૦નો ખર્ચો. કેવું લાગે કે ન્યાલભાઈને ત્યાં ગ્યા હતા. કહે, ભારે લાગે હોં.

કહે છે કે એ બધા પુણ્યના પ્રસંગો—પુણ્યના ફળ, બંધનના કારણ છે. આહાહા! અને નિર્ધનતા હોય, બાયડી ન હોય, છોકરો ન હોય, શરીર કાળું હોય, કંઠ હાલતો ન હોય, હોઠ તૂટી ગયેલો હોય, કાન કપાઈ ગયેલા હોય નાક-કાન, દસ-પચીસ રૂપિયા મહિને રળવાની ત્રેવડ ન હોય. આ ખરાબ. કોને કહેવું ખરાબ? સાંભળને! આહાહા! સમજાય છે કાંઈ?

બેય બહારની સામગ્રી છે, આત્મામાં કાંઈ છે નહિ. એને લઈને લાભ-નુકશાન કંઈ આત્માને છે નહિ. એમ આ કલ્પના કરે કે આ મને ઠીક છે, આ મને અઠીક છે. બેય પાપ ને બંધના કારણ છે. સમજાણું કાંઈ? ઠાઠમાઠ આમ કપડાં પહેર્યા હોય ને મડદું શણગાર્યું હોય સરખું. છે તો મડદું કે નહિ આ? માથે શું કહેવાય? કલગી ફેંટા પહેરે, ૨૦ વર્ષનો જુવાન હોય, પરણવા જાય, દસ લાખ ખરચવા હોય અને મહેમાનો મોટા મોટા કેવા તમારા કાર્યકર્તા એ ભેગા થાય. મોટાને ભેગા કરે માખણ ચોપડવા. જયંતીભાઈ! આહાહા. ભારે પુણ્યશાળી! શું છે પણ હવે? સાંભળને!

એ તો પુદ્ગલના સ્વાદનો ફેર છે. કોઈકને અનુકૂળ સામગ્રી ને કોઈકને પ્રતિકૂળ, એ તો પુદ્ગલના સ્વાદમાં ફેર છે. એમાં આત્મામાં કાંઈ ફેર પડ્યો (નથી). 'संकलेस विसुद्ध सहज दोऊ कर्मचाल.. એ સંકલેશ પરિણામ (ને) વિશુદ્ધ(ભાવ) તો કર્મની ચાલ અજ્ઞાન છે. મૂળ ટીકામાં શુભ-અશુભભાવ અજ્ઞાન લીધું છે. શું કહ્યું? શુભભાવ ને અશુભભાવ અજ્ઞાન છે, એ જ્ઞાન(રૂપ) આત્માનું સ્વરૂપ નથી. ભગવાન આત્મા તો જ્ઞાનમૂર્તિ ચૈતન્યપ્રકાશની મૂર્તિ છે, ચૈતન્યસૂર્ય છે. એમ આ પુણ્ય-પાપ બેય અજ્ઞાન છે. અજ્ઞાન એટલે એમાં જ્ઞાન છે નહિ, પુદ્ગલ છે પુદ્ગલ—અજ્ઞાન. આહાહા!

'संकलेस विसुद्ध सहज दोऊ कर्मचाल'. જોયું, સ્વાભાવિક બેય કર્મની ચાલ છે. આહાહા! એમાં આત્મા છે (નહિ). ભારે આકરું જગતને. એમાં સંપ્રદાયવાળાને એકલો ધર્મ મનાવ્યો જાત્રામાં, ભક્તિમાં, યજ્ઞ કરવા, શું કહે છે? શાંતિકર્મ ને શું કહે છે બધા? સ્નાત્ર. આ કરો, મરી ગયા પછી દાન કરો, ફલાણું કરો, ઢીકણું કરો, પાંચ-દસ લાખ રૂપિયા ખરચો (તો) તમારે ધર્મ થાશે. ધૂળેય ધર્મ નથી, સાંભળને હવે! (શ્રોતા : અહીંયાં ધર્મ થાશે ને દેવમાં જાશે.) દેવમાં જાશે. અહીંયાં તો કહે દેવમાં જાશે. શું કહે છે? દેવ તો એક ગતિ છે કર્મના ફળની, એમાં આત્મા ક્યાં આવ્યો? દેવ થાય કે નારકી થાય, બેયમાં ફેર શું છે આમાં? (શ્રોતા : .....) દુઃખેય નથી. બહારના કારણે ક્યાં, એ તો એની માન્યતામાં ફેર છે કે આ મને અઠીક છે અને આ ઠીક છે. બહાર ગતિ તો જે છે એ જડના પર્યાય છે. દેવગતિ હોય કે નરકગતિ હોય, એમાં આત્માને શું ફેર છે?

'कुगति सुगति जगजालमैं विसेखिए'. જુઓ એ કહે છે, નરકની ગતિ ને સુગતિ, એ તો બધી સંસારજાળ છે. આહાહા! આ તો સમ્યગ્દષ્ટિ ધર્માત્મા કદાચિત નરકમાં જાય, પૂર્વે આયુષ્ય બંધાણું હોય તો પણ એ નરકના પરિણામ અને નરકગતિ ખરી જાય છે. આહાહા! પાપી સ્વર્ગમાં જાય પુણ્ય કરીને, પાપી—મિથ્યાદૃષ્ટિ પુણ્ય કરીને સ્વર્ગમાં જાય તો ત્યાં પુણ્યક્ષયે, પુણ્ય ક્ષીણ (થયે) પાછું મૃત્યુલોકે (આવે). પુણ્ય ક્ષય થયા પછી રખડવામાં પડશે ઉપરથી હેઠે. આહાહા! 'कुगति सुगति जगजालमैं.. એ તો જગજાળ છે. કહો, ઠીક. દોનોં વિભાવ હૈં. આહાહા!

'कारनादि भेद तोहि सूझत मिथ्यात मांहि. દેખો. તારી દૃષ્ટિમાં મિથ્યાત્વ છે, તેથી પુણ્ય-પાપના બંધનના કારણમાં ફેર લાગે, બંધનમાં ફેર લાગે, સ્વભાવમાં ફેર લાગે, ફળમાં ફેર લાગે. દૃષ્ટિ તારી મિથ્યા છે માટે લાગે છે. આહાહા! 'कारनादि भेद तोहि सूझत मिथ्यात मांहि, ऐसौ द्वैत भाव ग्यान दृष्टिमैं न लेखिए'. દેખો, ભગવાન આત્મા આનંદનું પૂર છે, સચ્ચિદાનંદનું નૂર, પ્રકાશની મૂર્તિ છે. એવા જ્ઞાનના ભાનમાં દ્વૈત ન દેખિયે. પુણ્ય-

दुहूंकी प्रकृति न्यारी न्यारी-न्यारी धरनी.. બેયની ધરની—ભૂમિકા—સત્તા જુદી છે. એ દયા-દાન-વ્રત-ભક્તિના, પૂજાના ભાવ એનું હોવાપણું—એની સત્તા જુદી છે. ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપનો આશ્રય લઈને અંતરાત્મા થયો, એની જ્ઞાનધારા—શુદ્ધ વૃત્તિ—પરિણતિ ધારા તદ્દન આનંદમય (છે તેથી) એનું સ્વરૂપ ભિન્ન છે. બેયની સત્તા જ ભિન્ન છે. ઓહો! શુદ્ધતાનું હોવું ને અશુદ્ધતાનું હોવું—બે સિદ્ધ કર્યું. આઠ કર્મ નાશ ન થાય ત્યાં સુધી આવી બે ધારા છે, પણ બેનો સ્વભાવ જુદો અને સત્તા જુદી છે. સમજાણું કાંઈ? જેમ અજીવનું હોવાપણું અને સ્વભાવ જુદો છે, એમ એ પુણ્ય અને પાપના શુભ-અશુભ વિકલ્પોનો સ્વભાવ અને સત્તા જુદી છે. કેમ કે આસ્રવતત્ત્વ છે એ. સમજાય છે કાંઈ?

મૂળ તો ત્યાં 'विहितस्तावन्न काचित्क्षतिः' છેને પાઠમાં? એ આમાં શબ્દ નથી આવ્યો. પદ્યમાં લખેલું છે.... એમાં તકરાર છે. ભાઈ! 'न क्षतिः' છેને? એમ કે વિરોધ નથી. પણ વાંધો નથી એનો અર્થ એવો કરે છે એ કે એ શુભભાવને કાંઈ વિરોધ નથી તત્ત્વની સાથે. (એમ) કહે છે. મૂળ એમ નથી. ભગવાન! સમ્યગ્દર્શન-જ્ઞાનના ભાવમાં જેમ મિથ્યાદર્શન-જ્ઞાનનો વિરોધ છે એટલે કે (બે સાથે) હોઈ શકે નહીં. એમ અહીંયાં નથી. એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાનની ધારા હોય અને રાગધારા ન હોય એમ નથી. એનો અર્થ 'ન ક્ષતિ' કીધું છેને. 'न काचित्क्षतिः' એટલે કે બેયને વિરોધ નથી. વિરોધ નથી એટલે કે એકસાથે રહેવામાં વાંધો નથી. વિરોધ નથી એનો અર્થ એવો નથી કે શુદ્ધભાવ અને શુભભાવ—બેય એક જાત છે. એમ ત્યાં વિરોધની વાત નથી. ભારે ભાઈ વાત! બધે એવું ચાલે છે આ તો. બધે આવું લાવી દે છે. (શ્રોતા : એવું જ ચાલે છે). એવું જ ચાલે છે. આહાહા!

કહે છે, પ્રભુ! તારો સ્વભાવ જે અંતરાત્માને થયો પ્રગટ, એ ધારા છે એ પવિત્ર ધારા છે. એ ધારાની સાથે વ્યવહારનું થવું, રહેવું, એ બેને ક્ષતિ નથી એટલે કે આ (જ્ઞાનધારા) હોય (તો) આ (રાગ) ન હોય એમ નથી. એ હો. જેમ સમ્યગ્દર્શન હોય ત્યાં મિથ્યાદર્શન ન હોય. એમ જ્યાં સમ્યગ્દર્શન અને જ્ઞાન હોય ત્યાં રાગધારા ન હોય એમ નથી. શેઠીજી! આહાહા! કરનેકી ચીજ યે હૈ. આહા! હજી સમજમાં આવે નહીં (કે) ક્યા ચીજ શું છે? અહીંયાં તો ભગવાન... જુઓ, અહીંયાં તો બે પાના ભર્યાં છે કળશટીકામાં. મોટું.... વાત સાચી છે.

કહે છે, કેટલાક એમ માને છે કે આ પંચમહાવ્રત આદિ યતિની ક્રિયા ધર્મ છે. એમ નહીં, એ ધર્મ નથી. એમ કે સમ્યગ્દષ્ટિની ક્રિયા એ ભલે અશુભ આદિ હોય તો ઠીક, પણ મિથ્યાદષ્ટિ યતિની શુભ ક્રિયા છે એ તો ધર્મ છે. એમ નથી. એ શુભ ક્રિયા દયા, દાન ચાહે તો સમ્યગ્દષ્ટિના હો કે ચાહે તો મિથ્યાદષ્ટિના હો, (એ ધર્મ નથી.) વસંતલાલજી! સમજાય

છે કાંઈ? આહાહા! આ તો ધીરજના વેપાર છે બાપા! શાંતિના સાગરમાં જાવું છે અંદર એને વચ્ચે અશાંતિ આવે, પણ એને 'વિરોધ નથી'નો અર્થ, સ્વભાવ છે તો વિરોધ, સત્તા જુદી કીધી ને સ્વભાવ જુદો કીધો, પણ તે આત્માના જ્ઞાન-દર્શન, શાન્તિને એ રાગ છે માટે આ શાંતિ ન હોય એમ નથી. પંડિતજી! આહાહા! આ પદ્ય છેને એટલે બધા અર્થ એમાં ન આવે. આ પદ્યનો વાંધો છે આખો.

'कर्मज्ञानसमुच्चयोपि विहितस्तावन्न काचित्क्षति' એમ કહે છે. વિરોધ નથી. આત્મધર્મ ભાવ અને શુભભાવ બેને વિરોધ નથી, બેય અનુકૂળ છે. અરે ભગવાન! માર્ગ તો ભારે જુદો. ઊંધા અર્થ કરવામાંય આવો... (શ્રોતા : દોનોં સાથ રહ સકતે હૈં). બસ ઈતના. પર દોનોંકો હૈ તો વિરોધ. સ્વભાવ ને વિભાવ—બેને તો વિરોધ છે. પણ સાથ રહનેમેં વિરોધ નહીં. જેમ સમ્યગ્દર્શન ને મિથ્યાત્વને (સાથે) રહેવામાં વિરોધ છે. સમ્યગ્દર્શન હોય ત્યાં મિથ્યાત્વ ન હોય. સમજાય છે કાંઈ? એમ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આત્મા પવિત્રધામ એનો સ્પર્શ થયો એટલે કે અનુભવ થયો. એ અનાદિનો પુણ્ય અને પાપના વિકલ્પનો સ્પર્શ ને અનુભવ હતો. એ કાંઈ અનાદિનો કંઈ પરને સ્પર્શ, અનુભવ નહોતો કરતો. શરીરને, વાણીને, પૈસાને, દાળ-ભાતને—એને સ્પર્શ નહોતો કરતો. એ કરતો હતો એ કે પુણ્ય અને પાપના વિકલ્પની જાતના મેલનો સ્પર્શ ને અનુભવ કરતો હતો. એ સંસારી મિથ્યાદૃષ્ટિ. વસંતલાલજી! આહાહા!

હવે ધર્મી થયો ત્યારે... ધર્મ કેમ થયો? કે પુણ્ય ને પાપના વિકલ્પથી અંદર ભગવાનની જાત જુદી છે. એવી ચીજને જ્યાં સ્પર્શ્યો, અનુભવ્યો એટલે એની પર્યાયમાં શુદ્ધતારૂપી આનંદ ને શાંતિની ધારા પર્યાયરૂપે થઈ. એ અનુભવના કાળમાં પણ અથવા નિરંતર શુદ્ધ પરિણતિના કાળમાં પણ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના વિકલ્પની હયાતી હોય છે. એને—વ્યવહારને અને શુદ્ધ પરિણતિને વિરોધ નથી કે રાગ હોય તો શુદ્ધ પરિણતિ ચાલી જાય છે. એટલી વાત છે. સમજાણું કાંઈ? અરે! અંતરના પંથે જવાની આ વાતને મેળ કરવો હોય એને, તો આમ કંઈ મેળ થાય? કે શુભરાગથી આત્માને લાભ થાય એવું આમાં કહ્યું છે, બેનો વિરોધ નથી. શુદ્ધ અને શુભને વિરોધ નથી. શુદ્ધ અને અશુભને વિરોધ છે એમ (અજ્ઞાની) કહે છે. શેઠી! આહા!

પ્રભુ! તું ભુલ્યો છો હોં. ભીંત ભૂલ્યો કહે છેને. ભાઈ! તારી ધારા તો પવિત્ર હોવી જોઈએ. એ પવિત્ર કેમ (હોય)? કે આત્મા પોતે વસ્તુ જ શુદ્ધ.. શુદ્ધ.. શુદ્ધ.. નિર્મળ.. નિર્મળ.. નિર્મળ.. છે. એવા નિર્મળ આત્માને અનુભવતા એટલે એને અનુસરીને થતાં શુદ્ધતાના આનંદના સ્વભાવને અનુસરીને દશા થાય, એને જ્ઞાનધારા—આત્મધારા—

છે આંહીં. સમ્યગ્દૃષ્ટિ ક્ષાયિક સમકિતી ત્રણ જ્ઞાન—મતિ ને શ્રુત ને અવધિજ્ઞાનની ભૂમિકામાં પડ્યા હોય, એને પણ શુભ અને અશુભ વિકલ્પ ભાવો બંધરૂપ છે. આહાહા! આમાં ઝઘડા ને કકળાટ ને વાદવિવાદ કરે પાર પડે? બાપુ! આમાં તો મૌન થઈ જવાની વાત છે. (શ્રોતા : .......) બંધરૂપ હૈ. યે કહા ન, આ ગયા ન પહલે કિ સમ્યગ્દૃષ્ટિકો રાગસે ભિન્ન કહા, બંધરહિત કહા. વહ દ્રવ્યદૃષ્ટિકે જોરકી અપેક્ષાસે કહા. પણ પર્યાયકી દૃષ્ટિમેં, નબળાઈ— કમજોરી હૈ વહ ઉસમેં હોતી હૈ ઐસે ગિનકર ઉસકો બંધ હૈ ઐસે કહા. શાંતિભાઈ! આવો માર્ગ છે. આહાહા! ક્યાંના ક્યાં રોકાણા બિચારા જંગલમાં. ...માં કોઈ સાંભળે નહીં, પોકારે જ્યાં ત્યાં રાગની ક્રિયા ને આ ક્રિયા ને આ ક્રિયા. આહાહા! અરે! તારા રસ્તા આમાં નથી કહે છે. એ રાગની ક્રિયામાં તારો રસ્તો (નથી). એ રાગની ક્રિયાનો રસ્તો વચમાં આવી જાય, કહે છે, પણ એ બંધરૂપ છે. पराधीन सकति विविध बंध करनी.. જે જે પરિણામ જે જાતના છે, તે તે પ્રકારના અનેક પ્રકારનો બંધ એને થાય છે.

ग्यानधारा मोखरूप मोखकी करनहार.. હવે બીજી ધારા. ધર્મીની જ્ઞાન એટલે આત્મધારા... આ તો જ્ઞાનની પ્રધાનતાથી કથન છેને. જ્ઞાનરૂપી આત્મા... એ જ્ઞાન એટલે એકલું જાણપણું એમ નહીં. એ કહેશે પાછળ. એકાંત જ્ઞાન.. જ્ઞાન.. કરીને જ્ઞાનનું ધ્યાન નથી જેને અંતરમાં, એ શુષ્કજ્ઞાની અજ્ઞાની છે. એ કહેશે પછી. એકલી ક્રિયા.. ક્રિયા.. ક્રિયા.. દયા, દાન, વ્રત, ભક્તિ (એ) ધર્મ, એ બધું પાગલ(પણું) છે, વિકલ મિથ્યાત્વરૂપી ઝેર છે.

ग्यानधारा मोखरूप मोखकी करनहार.. ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવ ત્રિકાળી એનો આશ્રય થઈને જે જ્ઞાન ને શાંતિ, આનંદ સહિતની દશા નિર્મળ પ્રગટ થઈ, તે મોક્ષને કરનહાર. એ જ્ઞાન તો મોક્ષરૂપ કર્મ જ કહ્યું. ઓલું બંધરૂપ, આ મોક્ષરૂપ. સમજાય છે કાંઈ? જે મોક્ષરૂપ હોય એ મોક્ષનું કારણ થાય. જે બંધરૂપ હોય એ બંધનું કારણ થાય, એ મોક્ષનું કારણ કેમ થાય? આહા! હજી જેને સમજણમાંય મોટા (ગોટા), પરલક્ષી સમજણમાં ફેર. એને આમથી થાય, આમથી થાય અને આમથી થાય એ (માન્યતા) બધા રઝળવાના રસ્તા છે, ભગવાન! આહા!

જ્ઞાનધારા—ધર્મીની ધર્મધારા એ તો મોક્ષરૂપ છે. કેમકે વસ્તુ પોતે અબંધસ્વરૂપ છે. માટે અબંધ કહો કે મુક્તસ્વરૂપ કહો. વસ્તુ પોતે શક્તિરૂપ મુક્ત ત્રિકાળ છે. એનું જ્યાં ભાન થયું સમ્યગ્દર્શન-જ્ઞાનમાં, તો એ પર્યાયને પણ મોક્ષરૂપ કહી દીધી સમજાણું કાંઈ? ग्यानधारा मोखरूप.. મોક્ષરૂપ. ઓલાને બંધરૂપ કીધું હતું, આને મોક્ષરૂપ. બેય વહેંચ્યું. मोखकी करनहार.. એ આત્માનો સ્વભાવ મુક્તરૂપ છે, મુક્ત જ છે ત્રિકાળ. એવા ત્રિકાળી મુક્ત ભગવાનને... અબદ્ધસ્પૃષ્ટને દેખો એમ કહો કે મુક્તસ્વરૂપને દેખો એમ (કહો), વાત (એક જ છે), શબ્દો ફેર છે. સમજાણું કાંઈ?

જાણ્યું, જાણ્યું, એમ કીધું. નહોતું કહ્યું એક ફેરી? એક ગોરો હતો ગોરો યુરોપીયન. એ કહે કે ગુજરાતી બધી જાણું, બધું જાણું. 'સાહેબ! અમે બાળક ગુજરાતી જાણીએ, એટલું તમે ન જાણો.' બહુ કહેવું રહેવા દ્યો. તમારા અંગ્રેજીની વાત કરો. 'અરે જાણીએ.' એક બચ્ચાને બોલાવ્યો, 'એ બચ્ચા અહીંયાં આવ.' પૂછ્યું કાંઈક, એનો ઉત્તર આપ્યો. અરે! જાણ્યું-જાણ્યું. અર્થ કરો. આ ગુજરાતી છે. કહે, જાણ્યું, જાણ્યું. બાળકને પૂછો કે શું કહ્યું મેં? કે જાણ્યું-જાણ્યું એટલે નથી જાણ્યું એમ કહે છે. ઓય માળા! જાણ્યું, જાણ્યું બે (વાર કહ્યું) તો નથી જાણ્યું એમ કહે છે. બાળકે એમ કહ્યું. એમ બહુ ડંફાસ ન થાય ગુજરાતી ભાષાના અર્થમાં. તમે કંઈક દેશના, અમે કંઈક દેશના. (શ્રોતા : જાણ્યું એ તો પ્રશ્નાર્થરૂપે છે.) શેઠી! જાણ્યું-જાણ્યું. લ્યો, કરો અર્થ ત્યારે. જાણ્યું, જાણ્યું, બે વખત જાણ્યું જાણ્યું આવી ગયું. એલા છોકરા શું કહ્યું મેં તને? કે કાંઈ જાણતો નથી એમ કહ્યું મને. લો, આ વળી આમ કહે છે પાછો. એ પંડિતજી!

એમ શાસ્ત્રની દેશભાષા, આત્મદેશની ભાષા અને પરની ભાષા એને વિવેક કરીને સમજવું જોઈએ. એમ શાસ્ત્રમાં આ ભાષા આવી અને (કહે કે) આ જુઓ, યથાયોગ્ય કર્મ કરે છે. એ તો એ ભૂમિકામાં એવો રાગ આવે છે. આવે છે. હોય છે એમ કહેવું એ પણ એકત્વબુદ્ધિ થઈ જાય છે ત્યાં. જણાવવા માટે ભાષા એમ બોલે. અંતરાત્મામાં છે, એમ કહ્યુંને ત્યાં? આત્મામાં ધર્મીને વિકલ્પ હોય છે. એમ કહેવું એ તો બેની એકતા થઈ ગઈ, વ્યવહારની અને નિશ્ચયની. વિકલ્પ આવે છે એને ધર્મી જાણનાર રહે છે. આહા! આવો વસ્તુસ્વભાવ.... માર્ગમાં.

**मग्नाः कर्मनयावलम्बनपरा ज्ञानं न जानन्ति ये,**
**मग्ना ज्ञाननयैषिणोऽपि सततं स्वच्छन्दमन्दोद्यमाः।**
**विश्वस्योपरि ते तरन्ति सततं ज्ञानं भवन्तः स्वयम्,**
**ये कुर्वन्ति न कर्म जातु न वशं यान्ति प्रमादस्य च॥१२॥**

યથાયોગ્ય કર્મ અને જ્ઞાનથી મોક્ષ છે. (સવૈયા એકત્રીસા)

**समुझैं न ग्यान कहैं करम कियेसौं मोख,**
**ऐसे जीव विकल मिथ्यातकी गहलमैं।**
**ग्यान पच्छ गहैं कहैं आतमा अबंध सदा,**
**बरतैं सुछंद तेऊ बूड़े हैं चहलमैं॥**

વાત છે. આહાહા! ભારે કામ!

अंतर सुदृष्टि भई मूढ़ता बिसर गई.. હવે સવળું લીધું, ઓલો અજ્ઞાની લીધો. મુક્તિ માટે હેતુ શુભને માને છે. अंतर सुदृष्टि भई मूढ़ता बिसर गई, ग्यानकौ उदोत भ्रम–तिमिर हरतु है.. पर सच्चा श्रद्धान होने पर अज्ञान नष्ट होनेसे.... अंतर सुदृष्टि.. આત્મા પરિપૂર્ણ આનંદસ્વરૂપ સદશ એકરૂપ અખંડ પરમાત્મા પોતે છે એવી અંતર દષ્ટિ થઈ. જુઓ, અંતર દષ્ટિ (એ) સુદષ્ટિ. अंतर सुदृष्टि, એમ. અંતર્મુખ થઈને સુદષ્ટિ થઈ. मूढ़ता बिसर गई. 'રાગ ને વિકલ્પ મારો છે ને એ મને લાભ છે' એવી મૂઢતા વિસરી. આનું સ્મરણ થયું ને આનું વિસ્મરણ થયું. ग्यानकौ उदोत.. જ્ઞાનનો પ્રકાશ થયો. જ્ઞાનસ્વરૂપ પ્રકાશમય મૂર્તિ પ્રભુ એનું ભાન થઈ ગયું અંદર જ્ઞાનમાં અને भ्रम तिमिर हरतु है.. એ જ્ઞાનનો અંતર વેદન પ્રકાશ, એ અજ્ઞાનરૂપી તિમિર નામ ભ્રમણા એનો નાશ કરે છે. કોઈ ક્રિયાકાંડ અજ્ઞાન ને મિથ્યાત્વને નાશ કરે છે એમ નહીં, એમ કહે છે. પુણ્ય-પાપ અધિકાર છે ને.

(શ્રોતા : આ ક્રિયા નથી?) એ ક્રિયા જ્ઞાનની ક્રિયા થઈ. આ પુણ્ય-પાપની ક્રિયા ક્યાં થઈ? વિભાવિક ક્રિયા જુદી, સ્વાભાવિક ક્રિયા જુદી, જડની ક્રિયા જુદી. શરીર આદિ જે ચાલે–હાલે એ જડની ક્રિયા છે. આત્મામાં દયા, દાન, વ્રત, કામ, ક્રોધના પરિણામ થાય એ વિભાવિક ક્રિયા છે. અને એનાથી ભિન્ન પડીને આત્મામાં–જ્ઞાનમાં એકાકાર થાય એ સ્વાભાવિક ક્રિયા છે. આહાહા! સમજાણું કાંઈ?

ज्ञानको उद्योत भ्रम–तिमिर हरतु है, करनीसौं भिन्न रहै आतम सुरूप गहै.. દેખો, ભાષા. ધર્મી જીવ એને કહીએ કે કરણીના પરિણામ આવે છતાં ભિન્ન રહે. એ વ્યવહારસે વિરક્ત રહે, એમ કહે છે. સમજાણું કાંઈ? करनीसौं भिन्न रहै.. પુણ્ય દયા-દાન, વ્રતના પરિણામ આવે, પણ એનાથી તો જુદો રહે. હું એ નહીં. હું છું ત્યાં એ નહીં ને એ છે ત્યાં હું નહીં. એમ કરણીથી ધર્મી જીવ પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન રહે. आतम सुरूप गहै.. તો રાગથી ભિન્ન પડીને આત્માના સ્વરૂપને ગ્રહે, શુદ્ધ સ્વભાવને ગ્રહે, શુદ્ધનો અનુભવ કરે, એમ છે. કહો, સમજાણું કાંઈ? પદ છેને એટલે એની શૈલીએ ગોઠવાયને ભાષામાં.

आतम सुरूप गहै, अनुभौ अरंभि रस कौतुक करतु है, લ્યો. अनुभव धारण कर परमरसमें आनंद करता है.. अनुभौ अरंभि... આનંદના સ્વરૂપનો અનુભવ(રૂપ) શરૂઆત કરી रस कौतुक करतु है. પરમ રસમાં આનંદ કરે છે, એમ 'कौतुक' એટલે. સમજાણું કાંઈ? એ ધર્મીનું–જ્ઞાનીનું–ધર્મીનું આ કર્તવ્ય છે. વળી કોઈ કહે, ભઈ જ્ઞાનીનું ભલે એ કર્તવ્ય હોય, પણ ધર્મીનું બીજું હોયને. જ્ઞાની બધા ન હોય, પણ ધર્મી હોય એને તો કર્તવ્ય

ઇંદોરવાળાએ લખ્યો હશે. બહુ માંદો માણસ છે, ખાટલેવશ છે. બહુ લખ્યું છે માળે. ..... એમ કે મને કાંઈ શાંતિ, ધર્મ (મળે) અથવા પછી કોઈ વિદ્વાન માણસ મોકલો સોનગઢથી મને સમજાવવા તો હું ધર્મ પામું. આ કાંઈ એવો છે કાગળ. ઇંદોરના કોઈ ઇંદોરીલાલજી હશે એના ઉપર કાગળ હતો. સિકરનો મોતીલાલ શેઠી. શેઠી ત્યાં હશે? દૂસરે. સિકર. મોતીલાલ શેઠી. ....બહુ લખ્યું છે. કોઈ મારું નથી અત્યારે. દીકરા-દીકરા બધો વિરોધ. ખૂબ લખ્યું બે મોટા પાના. એણે લખ્યું હશે ઓલા કોઈ ઇંદોરીલાલ હશે ઇંદોરવાળા (ઉપર). એણે આંહીં મોકલ્યું છે. એમ કે આનું સાધન તો ખરેખર તો અત્યારે આંહીં છે. સોનગઢનું માણસ... જે કહેને ભાઈ, એ સાંભળે તો લાભ થાય, બાકી અત્યારે... એણે તો એમ લખ્યું રતનલાલ મુખત્યારને..... આંહીંથી એકાદ વિદ્વાન માણસ જાય તો ખર્ચ આપશે. મોટો કાગળ છે. આ વળી યાદ આવ્યું આમાં, ભયમાં. મૈથુનસંજ્ઞા—વિષયવાસના એ બધું પાપ છે.

तीनों कुज्ञान.. એ પાપ છે. લ્યો, ઠીક. કુમતિ, કુશ્રુત, કુઅવધિ એ પાપ છે. आर्त रौद्रध्यान.. એ પાપ છે. આર્તધ્યાન થવું, શરીરમાં રોગ આવે, ઠીક ન પડે, ચિંતા થાય, લક્ષ્મી જાય, આબરૂ જાય. અરે! શું થશે આમાં? એવો ભાવ એ બધો આર્તધ્યાન છે. અને રૌદ્રધ્યાન. હિંસાનંદી, ચૌર્યાનંદી આદિ એ રૌદ્રધ્યાન પાપ છે. કહો. मिथ्यात्व એ પાપ છે મૂળ, લ્યો. એ મૂળ પાપ છે. એ તો મોટું પાપ છે. પર્યાયબુદ્ધિ એક અંશમાં જ (આત્મા) માનવો, રાગમાં ધર્મ માનવો—એ બધું મિથ્યાત્વ મહા પાપ છે. अप्रशस्त राग.. ભૂંડો રાગ પાપ છે. द्वेष પાપ છે. अव्रत એ પાપ છે. અવ્રતભાવ થાય. ત્યાગભાવ (નથી), રાગનો ત્યાગ નથી અને એટલો રાગ છે એ પાપ છે. असंयम.. રાગ એ પાપ છે. बहुत आरंभ. એ દુઃખ ને શોક થવો અંદર એ પાપ છે. એ ચીજને (લઈને) દુઃખ લાગે, કાંઈ સુખ લાગે કે શોક થાય એ પાપ છે.

ताप, आक्रंदन.. આકુળતાનો તાપ થાય, અંદર આકુળતા થઈ જાય એ પાપ છે. આક્રંદ કરે. योगवक्रता.. મન, વચન ને કાયાની કુટિલતા એ પાપ છે. आत्मप्रशंसा.. પોતે પોતાની પ્રશંસા કરે કે હું સારો છું ને આવો છું, આવો છું અને હું આવો. એ બધો પાપ છે. (શ્રોતા : હોય ને કરે એમાં શું વાંધો?) શેની કરે? કોનું કરે? એનું કામ છે કંઈ કોઈને બતાવવાનું? બહાર પડીને બીજા કહે સારા, તો .... એનો અર્થ કે પાપ છે. સમજાણું કાંઈ? પોતે ધર્મી થયો—સમકિતી થયો—જ્ઞાની થયો એ બીજાને કહેવું? કે આમ છે, આમ છે, આમ છે. કામ શું છે એનું? દુનિયા દુનિયાની જાણે. દુનિયા માને તો એમાં એની મોટપ થઈ જાય? દુનિયા તો માને બહારથી. સમજાણું કાંઈ? જુઓ, એ આત્મપ્રશંસા. આહાહા!

मूढता એ પાપ છે. મૂઢ ભાન નહીં કાંઈ. अनायतन.. દેવ, ગુરુ, શાસ્ત્ર છે એ વ્યવહાર

આયતન છે. એ સિવાય બીજા અનાયતન કુગુરુ, કુદેવ, કુશાસ્ત્ર એ પાપ છે, પાપના સ્થાન છે એ બધા. અને तीव्र कषाय आदि संक्लेशभाव हैं—पापबंधके कारण हैं. એ પાપબંધના કારણ છે. પાપબંધના કારણ છે. હવે એનું ફળ બંધમાં. ज्ञानावरणीय, दर्शनावरणीय, अशाता, मोहनीय, नरकायु, पशुगति, अशुभ नाम, नीच गोत्र, अंतराय आदि पापकर्म हैं. ઓલા ચાર પુણ્યકર્મ હતા. આઠ પાછા પાપકર્મ છે. જ્ઞાનાવરણીય પાપ, દર્શનાવરણીય પાપ, અશાતા પાપ, મોહનીય પાપ છે. ચાહે તો ચારિત્ર મોહનીય હો કે (દર્શન મોહનીય હો). નરકનું આયુષ્ય પાપ છે, ઢોરની ગતિ પાપ છે, અશુભ નામકર્મ પાપ છે, નીચગોત્ર અને અંતરાય પાપ છે. માટે આત્માનો સ્વભાવ નથી (તેથી) છોડવા જેવા છે, એમ કહે છે.

હવે अशुभ परिणति और शुभ परिणति दोनों आत्माके विभाव हैं. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ હો કે ચાહે તો હિંસા, જૂઠ આદિના પરિણામ હો—બેય આત્માનો વિભાવ છે, બેય અજ્ઞાન છે. અજ્ઞાન એટલે આત્માનો જ્ઞાનસ્વભાવ એ નથી. शुभ परिणति.. લ્યો, ઠીક. તીર્થંકરગોત્ર બંધાવાનો ભાવ એ પણ શુભપરિણતિ વિભાવ છે, સ્વભાવ નથી. સ્વભાવ અલૌકિક સ્વભાવ, જેમાં વિકલ્પની ગંધ નથી. એવો ઊંડો અંતર અનંત આનંદ, જ્ઞાન સ્વભાવ, એ સ્વભાવની દૃષ્ટિ થયા વિના ધર્મ નથી એમ સિદ્ધ કરવું છે. ગમે એવા પુણ્યની, દયા, દાન, વ્રતની ક્રિયા કરે, પણ એ ધર્મ છે (નહીં). સમજાણું કાંઈ? ઊંડો ઊંડો ભગવાન આત્મા વિભાવ નામ વિકલ્પથી પાર જુદો અંદર છે. સમજાણું કાંઈ? જેનો સ્વભાવ અચિંત્ય છે.

હમણાં દાખલો આપ્યો હતો, નહીં? નારિયેળનો દાખલો હમણા કાંઈ હતો વચ્ચે. એક દાઉદ ભાઈ હતા જામનગરના. જામનગરનું નથી કોઈ નહીં? દાઉદ વ્હોરા હતા. એ કહે, એક ફેર અમે વહાણમાં જઈ ચડ્યા ધંધે. પછી આવ્યા હતા, વ્યાખ્યાનમાં આવ્યા હતા. વૃદ્ધ હતા. બહુ શાંત વ્હોરા. એક વખત જઈ ચડ્યા સમુદ્રમાં લોહચુંબકનો ડુંગરો અંદર નાનો હશે. અમારું વહાણ ખેંચાઈ ગયું. હવે કરવું શું? ન્યાં કોઈ માણસ ન મળે. કાંઈ ખોરાક ન મળે, દાણો ન મળે. (ફક્ત) નારિયેળી. પાણીનું શું કરવું? ગંધાતા પાણી હોય સડેલા. ન્યાં ક્યાં પાણી ભરેલા હોય તાજા? પણ કહે, પાણી નાખીએ અમે નારિયેળીમાં હેઠે, ઉપર ચડી જાય. મીઠું પાણી થઈ જાય. (પાણી) નારિયેળમાં ગરી જાય અંદર.

એય! જુઓ તો સ્વભાવ! ત્યાં પાણી ક્યાં તાજા ભર્યા હતા? (શ્રોતા : ગોળાના) (અહીં તો) ગોળાના ઠંડા કરીને મૂક્યા હોય માટલીઓમાં. ત્યાં તો સડેલા પડ્યા હોય. કહે, તૃષા લાગી હોય (અને) આ ખારું પાણી દરિયાનું એ તો કંઈ ભાવે નહીં. પછી ત્યાં પાણી

કરે? ખબર ન મળે. ઉપર ભભકાં ખાલી જોવે. માલ જોવે નહીં કે અંદર માલ શું છે? ચાલી નીકળ્યા. આ લૂગડા ફેરવ્યા ને થઈ ગયા સાધુ. એ વજુભાઈ! એ બચી ગઈ. તમારી ગઈ ને આની બચી ગઈ. આ એવું છે ભાઈ! આ સંસાર એવો છે.

એવો કોઈ માર્ગ... જેની જાતમાં સ્વભાવ ભરેલા છે, જેને સંસારના ઉદયની ગંધ નથી, સંસાર જેના સ્વભાવમાં નથી અને અનંત અનંત અચિંત્ય આનંદ ને જ્ઞાન જેના ભાવમાં છે—એનો અનુભવ થયા વિના ધરમ-બરમ ક્યાંય છે નહીં. શું સમજાણું? એ નારિયેળના મૂળમાં પાણી નાખે તો ઉપર ચડેને? (શ્રોતા : આત્માના મૂળમાં નાખે તો ચડે.) પાછું નારિયેળ ઉપર પાણી નાખે તો ન ચડે હોં. એમ આત્મા પુણ્ય-પાપના વિકલ્પ વિનાનું મૂળ, મોક્ષનું મૂળિયું ભગવાન છે. એવો શુદ્ધસ્વભાવ એમાં એકાગ્ર થવાથી મુક્તિ ને ધર્મ થાય. બાકી બધી વાતું છે. સારું લાગે-ન લાગે, એકાંત લાગે. છે તો એવું જ, એકાંત જ છે. એમ કે શુભથી પણ ન થાય ને આનાથી જ થાય એમ કહે, એ તો એકાંત થઈ ગયું. એકાંત જ છે, સાંભળને! આહાહા! અરે! આખો ભગવાન છેને કહે છે ભાઈ! જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ એમાં તો શુભ-અશુભ પરિણતિ એ તો અજ્ઞાનભાવ, વિપરીત(ભાવ) છે. એ મુક્તિમાર્ગમાં ઘાતક છે. લ્યો, જે ઘાતક છે એ સહાયક છે?

મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે. શુભ છેલ્લો હોય છે એટલે એનો અભાવ કરે તો એને નજીક છે શુદ્ધ ઉપયોગ, એમ. એટલે એ નાખે કેટલાક માળા. આહાહા! અરે! એ તો એનો અભાવ કરે ત્યારે થાય (એમ) એનો અર્થ છે. એ શુભભાવ પોતે શુદ્ધનું કારણ બિલ્કુલ નથી, એ તો ઘાતક છે. એ આવે છે ત્યાં મોક્ષમાર્ગ પ્રકાશકમાં ક્યાંક સાતમામાં, નહીં? જે ઘાતક છે તે જ બંધનું કારણ છે એમ શ્રદ્ધવું. શ્રદ્ધા એમ કરવી. શુભ પરિણામ, એ આવે છે પદ. આ બાજુ આવે છે સાતમા અધ્યાયમાં. શ્રદ્ધાનો.... રાગ છે એ બાધક છે, ઘાતક છે, એમ શ્રદ્ધવું. ઘાતક છે એ આત્માને નુકશાન કરનાર છે. ઈસલિયે દોનોં મુક્તિકા માર્ગ નહીં. એ માટે મુક્તિનો માર્ગ નહીં, માટે પુણ્ય-પાપ એક છે. એક હી હૈ, એમ છેને?

यद्यपि दोनोंके कारण.. બેયના કારણોમાં ફેર છે. બંધનના કારણમાં (ફેર). એકમાં શુભભાવ ને એકમાં અશુભ. રસમાં ફેર, બંધનના સ્વભાવમાં ફેર અને ફળમાં ફેર છે. (ફેર) ભલે હો, છતાં વસ્તુ તો એક જાત છે. અને દુનિયાને પુણ્ય પ્રિય લાગે છે, પાપ અપ્રિય લાગે છે. મીઠાશ લાગે આમ. ઓફિસમાં બેઠો હોય ને પાંચ-પચ્ચીસ નોકરો હોય. જુઓ, ગયા હતાને ત્યાં રામજી હંસરાજ. એનું મકાન છે ન્યાં મોટું મુંબઈમાં. (શ્રોતા : કામાણી હાઉસ). કામાણી હાઉસ. સાથે હતા, મોટરમાં સાથે આવ્યા હતા. ત્યાં ગયા હતા. બધાં મોટા મોટા નોકરો ઊભા થઈ ગયા. પેસતાં જ એમ થઈ જાય કે આહા! (શ્રોતા :

કરે. હજી સમકિતીને પુણ્યનો ઉદય વિશેષ હોય તો વળી વધારે સંયોગમાં જાય. ઓલો થોડું કરતો હોય અને ઓલો મોટા-મોટા કરોડો અબજો રૂપિયાના મોટા હીરા-માણેકના ધંધા હોય, લ્યો. ઓલો સો-બસો રૂપિયા પેદા કરતો હોય, એટલી નાની દુકાને બેઠો હોય. પ્રવૃત્તિ તો બધાની દેખાય છે. આ પણ કરે છે ને આ પણ કરે છે. તો નિરાસ્રવ શી રીતે કહો છો તમે એને? એને આસ્રવ નથી? નિરાળો થઈ ગયો? આ બધું તો થાય છે ને? એમ શિષ્ય પૂછે છે.

चंचल चित्त.. વળી ચિત્તેય ચંચળ છે. એક ઠેકાણે ઠરીને અંદરમાં પડ્યું છે એવું નથી. ઘડીકમાં વેપારનો વિકલ્પ આવે, ઘડીકમાં ખાવાનો આવે, ઘડીકમાં આ આવે, આ આવે, એવા ચંચળ ચિત્ત એનેય છે. ચિત્ત લીન થઈ ગયું છે આત્મામાં, તો તો આ પ્રવૃત્તિ હોય નહીં. શિષ્યનો પ્રશ્ન છે. ચિત્ત ચંચળ असंजित वैन—અસંયત વચન બોલે. કહો. .... ફલાણું કરો, આ છોકરાના લગન કરો, આ છોકરીને સરખે ઠેકાણે વળાવો. લ્યો, બધું બોલે. કહો, મિથ્યાદૃષ્ટિ બોલે એવું એ પણ બોલે. હવે એમાં આંતરો ક્યાં રાખ્યો એણે? અને આસ્રવ વિનાનો થઈ ગયો? આહાહા!

असंजित वैन કરે. લડાઈમાં તો 'મારો' એમેય કહે, લ્યો. લાવો, ચલો લડાઈ કરવા. કોણ સામું આવ્યું છે? લ્યો. ભરત ચક્રવર્તી, લ્યો, સમકિતી. દેવે આઠ દિવસ સુધી વરસાદ વરસાવ્યો. આ શું છે? આવો વરસાદ શું? આઠ દિ' એકધારો મૂશળધાર. કુદરતી વરસાદ આવો ન હોય. મૂશળધારા વરસે એમાં ક્યાંય આંતરો ન પડે એ કુદરતી વરસાદ નથી. કહો શું છે આ? બોલો. દેવ.. દેવ વરસાવે છે આ તો. જાઓ, હઠાવો. પોતાના દીવાન(ને કહ્યું), જાઓ, શું કરે છે? કોણ છે? કુદરતી વરસાદ આવો હોય નહિ. કુદરતી ક્યાંક રહી જાય, થોડો પડે, આમ થાય. આ તો એક મૂશળધારાએ વરસે છે આઠ દિ' ને સાત રાત. કહો, આવા વચનો બોલે અને તમે કહો કે એ નિરાસ્રવી. ઠીક! કહો પંડિતજી! એમ શિષ્ય પ્રશ્ન કરે છે.

सरीर-सनेह.. શરીરમાં રાગ હોય. શાક ઉના ઉના ન હોય ને ટાઢું થઈ ગયું (હોય તો કહે), કેમ આમ કર્યું? ઠરી ગયું શાક. કરો ઊનું ફરીને. આટલો બધો રાગ શરીરને? ઓલો પણ એમ કહે, ઉનું નથી. કરી લો ફરીને. શાક ઠરી ગયું છે. અમે આવીએ ત્યારે રોટલી કરજો ઉની ઉની. કરીને ઓલામાં રાખશો નહીં, ગરવામાં રાખશો નહીં કરીને. આવીએ ત્યારે ઉતરતી જાય એમ કરજો તૈયાર. કહો, આટલો બધો શરીરનો સ્નેહ અને વળી તમે કહો કે નિરાસ્રવી (છે). यथावत जैसो.. જુઓ, મિથ્યાદૃષ્ટિ હોય એ એવું બોલે. જુઓ! આહાહા! भौग संयोग परिग्रह संग्रह.. ઠીક! ભોગકા સંયોગ ભી હો. સમ્યગ્દૃષ્ટિ

ઓલા મોટા પુસ્તકમાં છે. આમાં નહીં. મોટું પુસ્તક છે. કહો, સમજાણું આમાં? કઈ અપેક્ષા છે એમ જાણવું જોઈએને.

जौलौं ग्यान रहै तौलौं सिथिल चरन मोह, जैसैं कीले नागकी सकति गति नासी है। બેસી રહે. ગયો નથી, પણ પડી રહ્યો છે એમ ને એમ. ઠંડી લાગી તે પડી રહ્યો છે, આમ ગૂંચળું વાળીને. એમ આત્માનું ભાન, આનંદ અને શુદ્ધ ચૈતન્યનો અનુભવ છે, ભલે ઉપયોગ વિકલ્પમાં હોય પણ એનું લબ્ધરૂપ ભાન છે ત્યાં સુધી ચારિત્રમોહનું બંધન એને ઢીલું પડી ગયું છે. સર્પ જેમ બહાર ફૂંફાડા મારતો નથી, એમ ચારિત્રમોહનો બંધ થતો નથી, એમ કહે છે. અલ્પબંધ થાય એની ગણતરી ગણી નથી.

आवत मिथ्यात तब नानारूप बंध करै.. આંહીં તો એ ખુલાસો કરવો છે ને. પણ જ્યારે આત્મ અનુભવથી ભ્રષ્ટ થઈ, 'રાગ અને પુણ્યની ક્રિયા મારી, મને લાભદાયી થાય'—એવો અભિપ્રાય અંતર થઈ જાય, तब नानारूप बंध करै.. અનેક પ્રકારના બંધ કરે. આઠે કર્મ બાંધે, સાત બાંધે, વિગેરે. જ્ઞાનીને નિરાસ્રવ અને અજ્ઞાનીને આસ્રવ, એમ બે સિદ્ધ કરવા છે આંહીં. સમજાણું કાંઈ? आवत मिथ्यात तब नानारूप बंध करै, ज्यौं उकीलै नागकी सकति परगासी है, લ્યો ઠીક. જેમ વહ સર્પકી પ્રગટ હુઈ શક્તિ... उकीलै (એટલે) બહાર નીકળ્યો... અનંત કર્મોંકા બંધ બઢાતા હૈ, લ્યો.

रागादियोगमुपयान्ति એમ શબ્દ છેને પાઠમાં. प्रच्युत्य शुद्धनयतः पुनरेव ये तु रागादियोगमुपयान्ति. રાગની સાથે જોડાણ થઈ જાય, એમ કહેવું છે. રાગ-વિકલ્પ જે પુણ્યનો છે એની સાથે એકત્વ થઈ જાય એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? એ પ્રકાશદાસજી! આ પણ આવી વાત કેવી? મહાવ્રતના પરિણામ હોય રાગ, પણ જો એકત્વબુદ્ધિ થઈ તો, કહે છે, મિથ્યાદૃષ્ટિ છે. અનંતા કર્મ બાંધશે. પાઠમાં એમ છે, જુઓને. रागादियोगमुपयान्ति विमुक्तबोधाः જ્ઞાનાનંદસ્વભાવને છોડી અને રાગની સાથે એકતા થઈ, રાગનો સંબંધ કર્યો—યોગ કર્યો. રાગનો જોગ કર્યો ને સ્વભાવનો જોગ છૂટી ગયો. આહાહા! કહો વસંતલાલજી! બહુ વ્યાખ્યા.

મહાવ્રત એવા ને એવા પાળતા હોય, એવી ક્રિયા ઉભી હોય બધી, પણ સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ થયો ને રાગથી સંબંધ કર્યો, થઈ રહ્યું, કહે છે, જા. મિથ્યાદૃષ્ટિ અનંત સંસારનું ફળ બાંધે છે અને ગૃહસ્થાશ્રમમાં રહેલો સમકિતી રાગના એકત્વમાં નથી, સ્વભાવની એકતામાં છે, એ નિરાસ્રવી અને એને અબંધ કહેવામાં આવે છે. (શ્રોતા : ......) યહાં સમકિતી હૈ (તો) નિરાસ્રવી અબંધ હૈ. આહા! ત્યાગી થયો, નગ્ન મુનિ રહ્યો, પંચ મહાવ્રત, ૨૮ મૂળગુણ (પાળે), પણ એ રાગની સાથે જોગ જોડ્યો, ભ્રષ્ટ થઈ ગયો એ

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

पाँचवें अधिकारका सार. राग-द्वेष-मोह तो भाव आस्रव हैं. તે રાગમાં પછી દયા-દાન-વ્રત-પૂજા-ભક્તિ આવી ગયા કે નહીં? રાગ-દ્વેષ, મોહ તો ભાવાસ્રવ છે, વિકારી પરિણામ છે. ભાવાસ્રવ એટલે વિકારીદશા છે. और अशुद्ध आत्माके द्वारा.. અને એ અશુદ્ધ પરિણામ દ્વારા कार्मणवर्गणारूप पुद्गल प्रदेशोंका आकर्षित होना द्रव्य आस्रव है. એ અશુદ્ધ પરિણામ—પુણ્ય ને પાપના મેલાં પરિણામ દ્વારા કર્મનું આવવું... મેલા પરિણામ એ ભાવ આસ્રવ અને કર્મનું આવવું—રજકણો એ દ્રવ્ય આસ્રવ. જડના રજકણો આવે. આકર્ષિત હોનાનો અર્થ આવવું. तथा इन द्रव्यास्रव और भावास्रवसे रहित सम्यग्ज्ञान है. આત્માનો સ્વભાવ સમ્યગ્જ્ઞાન તો દ્રવ્ય—જડ(આસ્રવ)થી અને ભાવાસ્રવથી ભિન્ન છે. द्रव्यास्रव और भावास्रवसे रहित. એ પુણ્યના-પાપના વિકલ્પ અને રજકણો એનાથી રહિત એવો ભગવાન આત્મા, એનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે.

सम्यग्दर्शनका उदय होते ही जीवका मौजुदा ज्ञान सम्यग्ज्ञान कहलाता है. શું કહે છે? અંતર આત્માનું ભાન સમ્યગ્દર્શન—પ્રતીત થતાં એ ઉદય હોતા હૈ. जीवका मौजुदा ज्ञान.. છે જીવમાં જે જ્ઞાન, એ જ્ઞાન સમ્યગ્જ્ઞાન કહલાતા હૈ. જ્ઞાનની પર્યાયને પણ, સમ્યગ્દર્શન થાય ત્યારે સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? इस सम्यग्ज्ञानकी दशामें आस्रवका अभाव है. સમ્યગ્જ્ઞાન દશામાં આસ્રવ છે નહીં. વસ્તુમાં પુણ્ય-પાપ આસ્રવ નહીં, એના ગુણમાં નહીં અને એનું ભાન થતાં એની પર્યાયમાંય નહીં, એમ સિદ્ધ કરવું છે આંહીં. વસ્તુ જે આત્મા દ્રવ્ય—વસ્તુ છે ત્રિકાળી, એમાંય પુણ્ય-પાપ નથી. ગુણ—શક્તિઓ અનંત છે એમાંય નથી અને એના તરફની દૃષ્ટિ ને અનુભવનું જ્ઞાન થયું, એ જ્ઞાનની પર્યાયમાં પણ પુણ્ય-પાપ વિકલ્પ નથી. આહાહા!

सम्यग्ज्ञानकी दशामें आस्रवका अभाव है. એ જ્ઞાનમાં આસ્રવ હોતો નથી. सम्यग्ज्ञानी अव्रती भी क्यों न हो.. દેખો, એ ધર્મી કદાચિત અવ્રતી હો તો ભી ઉન્હેં આસ્રવ નહીં હોતા. ચોથે ગુણસ્થાને અવ્રતી હો, રાજા હો, ચક્રવર્તી હો. (શ્રોતા : નારકી હો). નારકી, સાતમી નરકનો નારકી હો. આહાહા! દેવ હોય, દેવી હોય, એમાં શું છે? સ્ત્રીમાં ચંડાળણી હોય, ઢેડગરોળી હોય સમકિતી. ઢેડગરોળી માણસ નહીં, આ થાયને ઓલા જાનવર શું કહેવાય? ઢેડગરોળી કહેવાય. ક્યા કહતે હૈં? (શ્રોતા : છિપકલી) છિપકલી. પંડિતજી! ક્યા? છિપકલી હોતી હૈ ન, એ પણ સમ્યગ્દર્શન પામે. આત્મા છે કે નહીં? આહાહા!

કહે છે, सम्यग्ज्ञानी अव्रती भी क्यों न हो.. વ્રત ન હોય. એય પ્રકાશદાસજી! વ્રત ન હોય ને જ્ઞાની? વ્રત લે, ત્યાગ કરે પછી.... (શ્રોતા : વ્રત તો રાગ છે). ભઈ, ત્યાં તો

ગરી ગયું છે એને તો છોડ હવે પહેલાં, એ તો છોડવાની ખબર ન મળે. (શ્રોતા : એ દેખાતું નથી અને આ દેખાય છે...) શું દેખાય છે ? ભાનેય નથી કાંઈ એને. આહા! બાયડી-છોકરા છોડો. ધંધા છોડો, બસ. એવો ઉપદેશ આપે. એય ચેતનજી! કે દ્વેષ કરો. એવો ઉપદેશ કરો કે કોઈ દિ' એના પર પ્રેમ ન થાય. ત્યારે આ દ્વેષ કર, એ તો એનું એ જ છે.

આ સાધુઓ ઉપદેશ આપે છે આવા, સાધુ થવા માટે. કહો, તમારે સંસાર સારા લાગે છે? એમ પૂછે. જો ન સારો લાગે તો આવી જા અહીં અમારી પાસે. ઠીક, આ સંસાર છૂટ્યો છે એને. મોટો સંસાર પડ્યો છે મિથ્યાત્વનો. આહાહા! સમજાણું કાંઈ? બહુ આકરી વાત! અરે! સંસારનો વિકલ્પમાત્ર, બાહ્ય ચીજ તો નહીં, પણ સંસારરૂપી ઉદયભાવ જે છે એ આત્મામાં નથી. એમ પૃથક્ પડે ત્યારે સંસાર મિથ્યાત્વનો છોડ્યો એમ કહેવામાં આવે. (શ્રોતા : ક્યા ફરમાયા?) લ્યો, ક્યા ફરમાયા. ધ્યાન રાખવું હતુંને, ક્યા ફરમાયા તે. એ પછી કંઈ આવે? યાદ હોય છે કાંઈ? એય! (શ્રોતા ; ઉદયભાવ છોડવાનું...). ઉદયભાવ એ સંસાર છે. (શ્રોતા : એ સ્વભાવમાં નથી). એ સંસાર છે, પહેલું એ જ વાત આવી.

રાગ આદિ ઉદયભાવ એ સંસાર છે. એને છોડ્યા વિના સંસાર છોડ્યો એમ કહી શકાય (નહીં.) બહારથી બાવો અનંત વાર થયો. (શ્રોતા : બાવો જ છેને). સાધુ થયો, નગ્ન દિગંબર મુનિ થયો, એક લંગોટીનો તાણો ન રાખે. પણ અંદરમાં રાગનો વિકલ્પ (કે જે) સંસાર છે તેની એકતાબુદ્ધિ ટાળતો નથી. આહાહા! જેનાથી પૃથક્ થવું જોઈએ એનાથી પૃથક્ થતો નથી અને બીજાથી તો પૃથક્ છે, છતાં પૃથક્ થાઉં એ માન્યતા જ મિથ્યાત્વ છે. (જેનાથી) પૃથક્ છે એનાથી પૃથક્ થાઉં એનો અર્થ શું થયો? (શ્રોતા : વહ અનાદિસે એક માનતા હૈ). હા, સંસારકા મૂળ કારણ તો મિથ્યાત્વ છે. આહા! વિપરીત શ્રદ્ધા – રાગભાવમાં મીઠાશ, શરીર આદિમાં અસ્તિત્વ–હોવાપણું, બાયડી, છોકરાં, પૈસા, આબરૂ, મકાનમાં આ મારા—એવો જે અંદરનો મિથ્યાત્વભાવ એ જ મૂળ સંસારનું કારણ છે.

उसके साथ अनुबंध करनेवाली अनंतानुबंधी चौकड़ीका उदय सम्यक्त्वकी दशामें नहीं रहता, લ્યો. એની સાથે અનંતાનુબંધી કષાય છે. સમ્યગ્દર્શન થતાં આ રહેતો નથી. અનંતાનુબંધી અનંત સંસારનું કારણ સમકિતકી દશામેં નહીં રહતા હૈ. इसलिए मिथ्यात्व और अनंतानुबंधीजनित इकतालीस प्रकृतियोंका तो संवर ही रहता है, આહાહા! દૃષ્ટિ, રાગથી ઉઠીને સારા (-પૂર્ણ) આનંદ ઉપર પડી છે. ધર્મીની દૃષ્ટિ અથવા જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય આખો આત્મા પડ્યો છે જ્ઞેયમાં. રાગ આદિ જ્ઞાનીનો તો જ્ઞેય નથી.

એથી એને, કહે છે કે આત્માનું ભાન થયું અને ક્રિયાઓ બધી એવી દેખાય, છતાં એને ૪૧ પ્રકૃતિઓનો તો સદાય નિરંતર સંવર ધર્મ છે. ૪૧ પ્રકૃતિ તો એને બંધ પડતી

## પ્રવચન નં. ૬૫, ચૈત્ર સુદ ૧૦, સોમવાર, તા. ૫-૪-૧૯૭૧
## સંવર દ્વાર પદ ૧, ૨, ૩ ઉપર પ્રવચન (હિંદી)

નાટક સમયસાર, સંવર અધિકાર. સંવર દ્વાર હૈ ન.

પ્રતિજ્ઞા (દોહરા)

आस्रवकौ अधिकार यह, कह्यौ जथावत जेम।
अब संवर वरनन करौं, सुनहु भविक धरि प्रेम॥१॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ** :—આસ્રવ–બંધનું કારણ. જથાવત=જેવું જોઈએ તેવું. સંવર=આસ્રવનો નિરોધ. વરનન=કથન.

**અર્થ** :—આસ્રવના અધિકારનું યથાર્થ વર્ણન કર્યું, હવે સંવરનું સ્વરૂપ કહું છું, તે હે ભવ્યો! તમે પ્રેમપૂર્વક સાંભળો. ૧.

**अर्थ** :—आस्रवका अधिकार यथार्थ वर्णन किया, अब संवरका स्वरूप कहता हूँ, सो हे भव्यो! तुम प्रेमपूर्वक सुनो॥१॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ક્યા કહતે હૈં? કે આસ્રવનો અધિકાર અર્થાત્ આત્માકા સ્વભાવ શુદ્ધ આનંદ અને જ્ઞાન હૈ ઉસસે વિપરીત મિથ્યાત્વભાવ, રાગ અને દ્વેષ આદિ ભાવ ઉસકો યહાં આસ્રવ કહતે હૈં. એ આસ્રવનો અધિકાર કહ્યો—કહનેમેં આયા હૈ. कह्यौ जथावत.. જેમ છે તેમ. યે દુઃખદાયક આત્મભ્રાંતિ (કિ) પુણ્ય-પાપકે પરિણામમેં સુખબુદ્ધિ, પરમેં સુખબુદ્ધિ—હિતબુદ્ધિ એવો જે મિથ્યાત્વભાવ અને ઈષ્ટ-અનિષ્ટના રાગ-દ્વેષનું ઉત્પન્ન થવું, એ ભાવને અહીંયાં આસ્રવ-દુઃખદાયક ભાવ કહનેમેં આતા હૈ. (શ્રોતા : કહનેમેં આયા, હૈ કિ નહીં હૈ?) હૈ, કહનેમેં આયા નામ એમ કહે છે કે વાત આ છે. સમજમેં આયા?

(શ્રોતા : લોગોંકો તો સુખદાયક લગતા હૈ). સુખદાયક લાભ ધૂળમેં હૈ નહીં. સુખદાયક કહાં આયા? યે પૈસા-બૈસામેં સુખ લગતા હૈ મૂઢકો. મૂઢ હૈ એમ કહતે હૈં યહાં તો. અપને સ્વભાવમેં સુખ હૈ ઈસકી દૃષ્ટિ છોડકર, શરીર, બાહ્ય પદાર્થ ઔર પુણ્ય-પાપકા ભાવ હોતા હૈ ઉસમેં ઠીક હૈ (ઐસી) હિતબુદ્ધિ—સુખબુદ્ધિ, વહી મિથ્યાત્વકા ભાવ પ્રસિદ્ધ

અટક—રુક ગઈ થી. જહાં સમ્યક્ હુઆ, તીન જગતકો જાનનેકી શક્તિકા વિકાસ હુઆ. કોઈ વિકલ્પ આદિ મેરા હૈ ઐસા નહીં, પણ વિકલ્પ આદિ હો ઉસકા, અપનેમેં રહકર અપના જ્ઞાન કરનેસે પરકા જ્ઞાન ઉસમેં આ જાતા હૈ. આરે, આરે ભારે!

ब्रहमंडकौ विकासी ब्रहमंडवत है.. વહ બ્રહમંડવત્ સૂર્યસમાન હૈ, એકલો ચૈતન્યસૂર્ય. જાનના-દેખના વહી મેરી ચીજ હૈ. મૈં જાનને-દેખનેકી ક્રિયામેં રમું વો મેરી ચીજ હૈ. પુણ્યપાપમેં રમના વો મેરી ચીજ નહીં. સમજમેં આયા? गिलिबेकौ परगट भयौ.. આખો.. જેમ અજગર હૈ ન અજગર. અજગરનો અર્થ, અજ એટલે બોકડો, ગર એટલે ગળી જાય. અજગર હોતા હૈ ન. અજગર નહીં હોતા હૈ? ક્યા કહતે હૈં? (શ્રોતા : મોટા સાપ). મોટા અજગર. ઉસકા નામ અજગર હૈ. અજ નામ બકરા હૈ. એ ગળી જાય તો અજગર કહતે હૈં. એ પોપટભાઈ! મોટા અજગર હોય છેને. એ હમણાં નહોતું આવ્યું થોડા વરસ પહેલાં.

એક મોટો અજગર નીકળ્યો હતો જંગલમાં. તબ સિંહ નિકલા સિંહ. અજગરને સિંહકો ભરડા લિયા—પકડ લિયા. સિંહકા પેટ હોં. અજગર બડા થા. ઐસે પકડ લિયા તો ચારોં પૈર ઐસે હો ગયા. ઐસે કે ઐસે રહ ગયે પૈર. (સિંહ) અજગરકો તો કુછ કર સકા નહીં ક્યોંકિ ઐસે પૈર રહ ગયે. ઐસે પૈર. કિતના દિન? દૂસરે દિન સવેર તક. દોનોંકી લડાઈ હુઈ. લડાઈ નામ સિંહ છૂટવા માટે પ્રયત્ન આમ (કરે), પણ પગ જ આમ થઈ ગયા, પકડે ક્યાંથી? અજગરને ઐસા ભીંસ લિયા. સેંકડો માણસ દેખતે થે. (પુલ ઉપરસે) રેલ નીકલતી હૈ ન રેલ, ઉસકે નીચે હુઆ થા. ફિર દો, તીન દિન રહા. સિંહ મર ગયા.

(શ્રોતા : અહીંયાં આસ્રવ છે એ મરી ગયો). ભરડા લિયા. ગળી ગયો (એમ) કીધુંને. આ ગળવા ઉપરથી અજગરનો ખ્યાલ આવ્યો. અજગર છેને. સિંહકો માર ડાલા. લોગોંકે દેખતે દેખતે હોં. દો દિન લડાઈ. ખાડા પડ ગયા નીચે ખડ્ડા. સિંહ ઐસા પગ જોર કર, ઈસ ઓર તો ચલે નહીં. મુંહ ઐસા લે લિયા. મુંહ ઐસા હો ગયા, પગ ઐસા હો ગયા. ભરડા લિયા તો મુખસે પકડ ન સકે અજગરકો. મુખ રહ ગયા ઐસા, પગ રહ ગયે ઐસે ચાર.

ઐસે ભગવાન આત્મા, પુણ્ય-પાપકા જો ભાવ હૈ ઉસકો ગલવેકો તૈયાર હો ગયા અંદરસે. આહાહા! 'શુભાશુભ પરિણામ વહ મૈં નહીં, મૈં તો આનંદ ને જ્ઞાનસ્વરૂપકા અનુભવ કરનેવાલા હૂં. મૈં તો અનુભવ(રૂપ) આનંદકા રસીલા આત્મા હૂં. અતીન્દ્રિય આનંદકા રસીલા મૈં આત્મા હૂં. મૈં પુણ્ય-પાપકા અનુભવ કરનેવાલા આત્મા નહીં.' આહાહા! શેઠી! આહા! ભારે કામ ભાઈ! વસંતલાલજી!

जामैं सब रूप जो सबमैं सबरूपसौ पै. ઐસા જ્ઞાનપ્રકાશ હુઆ કિ સર્વ (જ્ઞેય)કી

ખાલી ખાલી ભાગ અનંત હૈ. તો ખાલી અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત ખાલી દસોં દિશામેં. બીચમેં ઇતના પરમાણુ જિતના ચૌદ બ્રહ્માંડ હૈ.

તો કહતે હૈં કિ લોક અને અલોક આહાહા! ઐસા આકાશ જો વ્યાપક હૈ ઉસમેં ગમે તેટલા ચિતરામણ, કોલસા ઊડે, ધુમાડા નીકળે, અગ્નિ બળે, વો આકાશકો છૂતે હૈં ? (નહીં) સમજમેં આયા? ઐસે ભગવાન આત્મા, ઇતને (તીન કાલ તીન લોકકો જાનતા) હૈ પણ ઉસસે અનંત ગુના કાલ ઔર ચીજ હો, તો ભી જાનનેકી શક્તિ રખતા હૈ. છદ્મસ્થ શ્રુતજ્ઞાનમેં હોં, એમ કહતે હૈં યહાં. આહાહા! સ્વભાવકી મહિમા આહા! સમજમેં આયા?

सबनिसौं अलिप्त आकास-खंडवत है.. સબરૂપસો... સબરૂપ થાય છે એટલે કે જ્ઞેયાકારરૂપ જ્ઞાન થાય છે—હોતા હૈ, પણ જ્ઞેયરૂપ હોતા નહીં. સમજમેં આયા? सबनिसौं अलिप्त आकास-खंडवत है.. જેમ આકાશ અલિપ્ત પડા હૈ. લોકાકાશ સિવાકા આકાશ તો (ખાલી)—વસ્તુકે સંગ્રહ બિનાકી ચીજ હૈ. આ તો એક એટલો ખંડ નાનો, દેખો, ઉસમેં લોક હૈ સારા, તો ભી આકાશકે ખંડમેં ઉસકા કુછ અસર હૈ (નહીં). આહાહા! સમજમેં આયા?

સારા આકાશ હૈ અરૂપી અસ્તિ સ્વભાવવાલા, અવગાહન દેનેકી શક્તિવાલા. નિશ્ચયસે અપના અવગાહન અપનેમેં હી રખતા હૈ. ઐસા આકાશ ઉસકા એક ખંડ—ભાગ બ્રહ્માંડ હૈ યે ૧૪ રાજુ. ઉસમેં ૧૪ રાજુમેં ગમે તે બનો, કસાઈખાના બને, ઐસા બને, પાપી હો, ગૃહીત મિથ્યાદૃષ્ટિ હો, નિગોદ હૈ પણ વહ આકાશમેં કુછ હોતા (નહીં). આહાહા! સમજમેં આયા? આરે ભારે!

सबनिसौं अलिप्त आकास-खंडवत है.. खंडवतનો અર્થ આવો કર્યો. થોડો છેને આટલો આ. ૧૪ બ્રહ્માંડમાં શું થોડો... આખો આકાશ છે એમાં આ છે, આ છે માટે એને કાંઈ લેપ છે ? લોકને લેપ છે એમાં? (શ્રોતા : જરાય નહીં). આહાહા! ઐસે આત્મા અનંત બેહદ જ્ઞાનસ્વરૂપ, જેમ અલોક હૈ ઐસા દ્રવ્ય હૈ. પણ ઉસકી પર્યાયમેં તો થોડા ભાગ આયા, ઉસમેં ભી સારી વિચિત્રતા દેખનેમેં આતી હૈ, છતાં જ્ઞાનકી પર્યાય રાગરૂપ હોતી (નહીં). આહા! સમજમેં આયા? આહા! ઉસકા નામ ભેદજ્ઞાન, ઉસકા નામ સંવર, ઉસકા નામ ધર્મ. ભારે ધર્મ ભાઈ! અહિંસા પાળે તો ધર્મ, દયા પાળે તો ધર્મ, ભક્તિ કરે તો.....

सोहै ग्यानभान सुद्ध संवरकौ भेष धरै.. सोहै ग्यानभान... ચૈતન્યસૂર્ય ભગવાન.. ભાનુ—જ્ઞાનકા ભાનુ પ્રભુ ચૈતન્યસૂર્ય અનાદિ અનંત ધ્રુવ. વહ ग्यानभाव सुद्ध संवरकौ भेष धरै. રાગસે ભિન્ન, વિકલ્પસે ભિન્ન ઐસી દશામેં સંવર નામ વીતરાગી દશાકા ભેખ દ્રવ્યને ધારા હૈ. પર્યાય હૈ ન યે સંવર. આહાહા! સમજમેં આયા? ઓહોહો! કહતે હૈં કિ ઇતના જ્ઞાનસ્વભાવ હૈ ઉસકા, સમજમેં આયા? (જૈસે) આકાશકા અંત નહીં, ઐસે વર્તમાન

પર્યાયમેં અંત બિનાકા જ્ઞાન હુઆ તો વો જ્ઞાનકી પર્યાયમેં સબ જાનનેમેં આયા. ઐસા જ્ઞાનકી નિર્મલ સંવરપર્યાયકા દ્રવ્યસ્વભાવ ત્રિકાળીને ભેખ ધારણ કિયા હૈ. સમજમેં આયા?

યે સંવર કાયમ રહનેવાલી ચીજ નહીં ક્યોંકિ ઉસકા અભાવ હોકર કેવલજ્ઞાન હો જાયેગા, સિદ્ધ(દશા) હો જાયેગી. ક્યોંકિ કેવલજ્ઞાન ભી દ્રવ્યકા ભેખ હૈ. આહાહા! કેવલજ્ઞાન, સિદ્ધપદ—પરમાત્મપદકી પર્યાય પ્રગટ હો, વહ ભી ત્રિકાળી દ્રવ્યમેં તો એક ભેખ હૈ. સાદિ અનંત ભેખ હૈ. સમજમેં આયા? આહાહા! सोहै ग्यानभान सुद्ध संवरकौ भेष धरै.. શુદ્ધ સંવરકો ભેખ. જુઓ, આસ્રવનો ભેખ ધારણ કર્યો હતો, આસ્રવકા ભેખ ધારણ કિયા થા અજ્ઞાનભાવ. રાગસે કલ્યાણ હૈ, રાગ મેરી ચીજ હૈ ને પુણ્યસે મેરે લાભ હૈ, વ્યવહાર ક્રિયા કરતે કરતે મુઝે ધર્મ હોગા—ઐસા જો મિથ્યાત્વભાવ થા, વહ ભી એક ભેખ થા મલિન. ઉસકા નાશ કરકે संवरकौ भेष धरै. ताकि रुचि-रेखकौं हमारी दंडवत है. આહાહા! દેખો.

કહે છે, वह ज्ञानरूपी सूर्य शुद्ध संवरके भेषमें है, उसकी प्रभाको हमारा प्रणाम है. જેની રુચિ રેખા, આહાહા! સમ્યગ્દર્શનની રુચિ ને એમાં જ્ઞાનની રેખા નીકળી, ઉસે હમારા દંડવત હૈ, ઉસકો હમારા દંડવત હૈ, ઉસકો હમ નમન કરતે (હૈં). આહાહા! રાગ આદિ, પુણ્ય આદિકો નમન કરતે નહીં. હમારા ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ચૈતન્યસૂર્ય ધ્રુવ ઉસમેંસે જો વિકાસ હુઆ શાંતિ અને આનંદકી દશા, ભેદજ્ઞાનકી દશા પ્રગટ હુઈ, ઉસકે સાથમેં એક ઐસા અંશકો ભી મૈં નમન કરતા હૂં, કહે છે. આહા! સમજમેં આયા? જુઓ, हमारी दंडवत है. યે મંગલાચરણ કિયા સંવરકા.

વો હૈ ન અધ્યાત્મસંગ્રહ. શું કહેવાય? 'અધ્યાત્મતરંગિણી.' ઉસમેં તો યે સંવર અધિકાર(કે શુરુઆત)મેં ૐ શબ્દ પડા હૈ. દૂસરે ઐસા શબ્દ નહીં લિયા હૈ. ઓમ શબ્દ. ભેદજ્ઞાન નયા કરના હૈ ન. ૐ ઐસા શબ્દ હૈ ન. સંવર. એમાં છે જુઓ. ૐ નમઃ अथ संवरं सूचयति એમ ત્યાં શરૂ કર્યું. અથ શબ્દ છે ને. અથ આવ્યું છે ત્યાં. ૐ નમઃ કરીને શરૂ કર્યું છે. ૐ નમઃ પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન મેરા ઉસકો મૈં નમન કરતા હૂં. ઉસકી સ્થિતિમેં મેરા ઝુકાવ હૈ વહી સંવર હૈ. વસ્તુસ્વભાવમેં ઝુકાવ હુઆ વહી ધર્મ અને સંવર હૈ. આરે, ભારે વાત આવી!

पररूपतः છે ને. સંવર. નિત્ય વિજય થયો. હા, એટલું રહી ગયું છે એમાં હોં, ઓલો આસ્રવનો વિજય હતો એ અનાદિનો હતો, પણ વહ તો નાશ હો ગયા અને સંવરકા તો नित्यविजयं. એમ છેને ભાઈ અંદર. એ છેને ब्रहमंडवतમાં. સંસ્કૃતમાં છેને. એ શબ્દાર્થ હોય

હોઈ. ઉસમેં ક્યા આયા? યે તો શુભભાવ હો તો એકાદ ભવમેં પશુ કે નરક ન હો. પણ વો કોઈ ધર્મકી ચીજ નહીં. (શ્રોતા : બીજું સમ્મેદશિખર ગોતો). સમ્મેદશિખર આ છે. સમ્મેદશિખર તો, યહાં અનંત અનંત પર્યાયમેં મુક્તિ પાનેવાલા ભગવાન આત્મા હૈ યે સમ્મેદશિખર હૈ. આહાહા! અહો! ભગવાન! કૈસા હૈ ભેદજ્ઞાન? રાગ ને વિકલ્પસે ભિન્ન (હોકર) આત્માકા આશ્રય લિયા, ઐસા જો સમ્યગ્જ્ઞાન વહ શુદ્ધ હૈ, યે સ્વચ્છંદ હૈ. સ્વતંત્ર—સ્વચ્છંદ હૈ. યે જ્ઞાન સ્વચ્છંદી હૈ. અપને જ્ઞાનકે આશ્રયસે જ્ઞાન પરિણમતા હૈ, રાગકા આશ્રય લેતા નહીં. આહાહા! પરકા સહારા નહીં. સમજમેં આયા?

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ, ઉસમેં વિકલ્પસે ભિન્ન હોકર અપના ભેદજ્ઞાન હુઆ, વહ જ્ઞાન સંવર હૈ. આસ્રવ નામ મલિન પરિણામકી ઉત્પત્તિ હોને દેતા નહીં. વહ ભેદજ્ઞાન જો હૈ વહી સ્વતંત્ર ને સ્વચ્છંદી હૈ. સવળો આત્મા સ્વચ્છંદી છે. યે (બાહ્ય) જ્ઞાનકી પર્યાયકી તો ગિનતી નહીં. જિસ બાતસે તીર્થંકરગોત્ર બંધે (ઉસકી) ભી ગિનતી નહીં. નહીં, તુમ ભી આસ્રવ હો. કહો, સમજમેં આયા?

લોકો તો ખુશી થઈ જાય કે આહાહા! તીર્થંકરગોત્ર બાંધે તીર્થંકર થાય. મોટા સો ઈન્દ્ર પૂજે. સમવસરણની અંદરમાં કેવળી પરમાત્મા થાય. ધર્મની સભા. પણ ઉસમેં આત્માકો ક્યા હુઆ? આહાહા! (શ્રોતા : અલૌકિક બાત હૈ). લૌકિકમેંસે નિકલનેકી બાત અલૌકિક હી હોતી હૈ ન. આહાહા! કહતે હૈં કિ ભેદજ્ઞાન કૈસા હૈ? વહ શુદ્ધ હૈ, સ્વચ્છંદી હૈ—સ્વતંત્ર હૈ. અપને શુદ્ધકે અવલંબનસે જો સંવર પ્રગટ હોતા હૈ, ઉસમેં વ્યવહાર અને નિમિત્તકી કુછ અપેક્ષા નહીં, એમ કહતે હૈં. સમજમેં આયા?

सुद्ध सुछंद अभेद अबाधित.. અભેદનો અર્થ એકરૂપ છે. જો અનેકરૂપ આસ્રવ વિકલ્પ હોતે થે ન, ભગવાન આત્મા ધ્રુવસ્વરૂપ પ્રભુ ઉસકા આશ્રય લેનેસે એકરૂપ શુદ્ધ દશા ઉત્પન્ન હોતી હૈ. સમજાય છે કાંઈ? અભેદમાં એ શુદ્ધતાના અંશ ભલે વધે, પણ વો શુદ્ધતાકી દશા એકરૂપ હૈ. વિકલ્પમેં અનેકરૂપતા થી વહ હૈ નહીં. આરે! આ તો બધી ભાષાય જાણે ગ્રીક-લેટિન જેવી (લાગે). अभेद—ભેદ નહીં. વહ રાગસે ભેદ પડતા થા ન, વહ સ્વભાવકે સન્મુખ હોકર પર્યાય અભેદ હુઈ. અભેદકા અર્થ કિ એકરૂપ રહતી હૈ. શુદ્ધરૂપ રહે એકરૂપ. ચાહે તો (શુદ્ધતા) બઢે તો ભી એકરૂપ રહતી હૈ, ખંડ હોતા નહીં. આહા! अबाधित.. ઉસકો બાધા—વિઘ્ન કરનેવાલી ચીજ કોઈ હૈ નહીં દુનિયામેં. આહાહા!

કહતે હૈં કિ ભઈ કર્મ ઐસા આવે ન કર્મ... અરે! કર્મ આવે, પણ તેરેમેં તો કર્મ હૈ નહીં. વહ કર્મકી પર્યાય ભી તેરેમેં હૈ નહીં. કહાંસે આવે? તેરેમેં તો આનંદ ને જ્ઞાન હૈ. તો ફિર ઐસે માને કિ કર્મ ઐસે આતે હૈં ન તો.... પણ હવે ક્યાં માંડી તેં? આત્મા તું નથી

ચૈત્ર સુદ બારસ હતી. આજ શું છે? અગિયારસ છે, લ્યો. ચૈત્ર સુદ બારસ હતી. તેરસે તો પછી ત્યાં વ્યાખ્યાન આપ્યું. ઘણા માણસો.. બહુ માણસો આવતા. વ્યાખ્યાન સાંભળ્યું. આ પાટણીનું મકાન છેને.. નેમીચંદ પાટણીનું મકાન છે ત્યાં. એની જોડે હતા. વ્યાખ્યાન હતું. માણસો ઘણા માણસો હતા. બે-ત્રણ હજાર માણસો. એમાં એક પંડિત હતા લાંબા કો'ક. (વ્યાખ્યાન) સાંભળ્યું (પછી) કહે, બહુત આનંદ, કરના ધરના કુછ નહીં. એમ કે આ કંઈ કરવું, આવું કરવું એમ. ભગવાન! કરવું ક્યાં? કરના, વિકલ્પ કરના, વહ તો મરના હૈ. એમ કહીને મશ્કરી કરી. ઠીક બાપુ! બીજું શું થાય? માર્ગ તો આ છે.

અંતર ચૈતન્ય ભગવાન સચ્ચિદાનંદસ્વરૂપ પોતે પરમાત્માસ્વરૂપી પોતે પરમાત્મા છે. બીજા પરમાત્મા એના રહ્યા, એ (બહારના) પરમાત્મા અહીં ક્યાં આવે છે? આહા! પરમાત્મા કાંઈ આત્માને કરતા નથી, ધરતા નથી, આત્માને દેતા નથી. આ પરમાત્મા.. કહેશે છેલ્લે, हरखैं परखैं परमातम-धारा.. શુદ્ધ ચૈતન્ય આનંદનું ધામ ધ્રુવધામ, એને અનુભવે અને જડને ને વિભાવને જુદા પાડે. દો ભાગ—હિસ્સા કરી નાખે. सो जिन्हके उरमैं उपज्यौ.. રાગનો વિકલ્પ અને ભગવાન નિર્વિકલ્પસ્વરૂપ, બેનો અંતરભેદ જ્યાં અંતરમાં ઉપજ્યો. न रुचै तिन्हकौ परसंग सहारा.. એને પુણ્ય-પાપના વિકલ્પનો સંગ અને સંયોગ રુચે નહિ. આહાહા!

सो जिन्हकै उरमैं उपज्यौ.. કૈસે ઉપજ્યો? ભેદવિજ્ઞાન. न रुचै तिन्हकौं परसंग सहारा.. શુભ-અશુભ રાગનો સંગ—પરિચય એને ગોઠે નહિ—રુચે નહિ. આહા! જ્યાં ભગવાન અતીન્દ્રિય આનંદસ્વભાવ, એનું જ્યાં ભાન અને રુચિ ધર્મીને થઈ, એ આનંદની આગળ પુણ્ય-પાપના વિકલ્પને ઝેર જાણતો (હોવાથી) તેને રુચે નહિ. આહાહા! न रुचै तिन्हकौं परसंग सहारा.. वह भेदविज्ञान जिनके हृदयमें उपजा है, उन्हें शरीर आदि परवस्तुका आश्रय नहीं सुहाता. સુહાતો નથી. શરીરનો આશ્રય તો સુહાતો નથી, પણ પુણ્ય-પાપના ભાવનો આશ્રય સુહાતો નથી. આહાહા! ભારે ધર્મ!

आतमको अनुभौ करि ते.. તે ભેદજ્ઞાની—ધર્મી ભગવાન આત્મા આનંદસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ પ્રભુ તેનો અનુભવ કરી हरखैं—આનંદને વેદે. परखैं परमातम-धारा.. નિજ શુદ્ધ ધ્રુવસ્વરૂપ એને પરમાત્મા તરીકે જાણીને પરખે કે 'આ શુદ્ધ ચૈતન્ય ધ્રુવ તે હું છું'. ભારે કામ ભાઈ આવું! એ વસંતલાલજી! આ સંપ્રદાયધર્મમાં તો આવું કંઈ ચાલે નહિ. ઓલા કહે, વ્રત કરો, તપસ્યા કરો, સમ્મેદશિખરની જાત્રા કરો, લ્યો. એ હોય છે, પણ એ ભાવ શુભ છે, પુણ્યભાવ છે. એ આત્મભાવ—ધર્મભાવ નહિ. આહાહા!

કહો, ભગવાનની પૂજા... (શ્રોતા : નહોતા કરતા, અહીંયાં આવીને કરવા લાગ્યા ને

पूरन ह्वै परब्रह्म कहावै.. ભગવાન આત્મા, પુણ્ય-પાપના રાગથી ભિન્ન પડીને પોતાના સ્વરૂપમાં અનુભવ કરતાં-કરતાં, આનંદની એકાગ્રતાનું વેદન કરતાં-કરતાં પૂર્ણ છે. એ પૂર્ણ પરમાત્માની દશા પામી જાય. જેવું પરમાત્મસ્વરૂપ ધ્રુવમાં છે, એવું પર્યાયમાં પૂર્ણ પરમાત્મા થઈ જાય. પરમબ્રહ્મ, એને પરમબ્રહ્મ કહેવામાં આવે છે. પરમબ્રહ્મ એટલે પરમ આનંદ. પરમબ્રહ્મ બીજો કોઈ કર્તા-ધર્તા છે આ જગતનો ઈશ્વર, એ છે (નહીં). આહાહા! સમજાણું કાંઈ? पूरन ह्वै परब्रह्म कहावै.. આનું નામ પરમબ્રહ્મ છે. વસ્તુનો—ચૈતન્યપ્રભુનો સ્વભાવ, જ્યાં રાગથી ભિન્ન પડીને સ્વભાવનું સાધન થયું, ત્યાં એ આત્માનું સાધન કરીને પરમબ્રહ્મ પોતે થાય છે. વ્યવહારથી વિકલ્પથી પણ થાય છે ને નિમિત્તથી પણ થાય છે, એમ નહીં, એમ કહે છે.

आतम साधि अध्यातमके पथ, पूरन ह्वै परब्रह्म कहावै.. આહાહા! વિકલ્પથી તો જુદો પડ્યો છે, એ વિકલ્પ સાધન થાય ને કારણ થાય? ભારે તકરારું ભાઈ! વ્યવહાર સાધન છે, વ્યવહાર કારણ કહ્યું છે. ભાઈ! એ તો તે કાળે તેવો રાગ હોય છે એનું જ્ઞાન કરાવ્યું છે. એને સાધનનો ઉપચાર કર્યો છે. સાધકનો ઉપચાર છે, વસ્તુ સાધકપણે એ છે (નહીં). સાધના તો પોતાના સ્વભાવની કરે, એ વખતે એ ભૂમિકા પ્રમાણે રાગનો ભાગ હોય છે, એને વ્યવહાર સાધનનો આરોપ આપીને એનું જ્ઞાન કરાવ્યું છે. આટલું બધું લાંબું કોણ સમજે ત્યાં? पूरन ह्वै परब्रह्म कहावै.. લ્યો. પૂર્ણ થઈને પરમબ્રહ્મ કહાવે.

ભાવાર્થ : अनंत संसारमें संसरण करता हुआ जीव... ઓલી કોર છે. અર્થ તો આવી ગયો આપણે. ભાવાર્થ છે ને. अनंत संसारमें संसरण करता... ઓહોહો! જ્યાં આદિ નથી એટલો અનંત સંસાર.. સંસાર.. ભૂતકાળનો ભાવ દેખે તો અનંત સંસારમાં રખડતો હતો. कभी काललब्धि.. પોતાની પર્યાયની પ્રાપ્તિ, શુદ્ધતાની પ્રાપ્તિ એ કાળલબ્ધિ. સ્વકાળ છેને એ. દર્શનમોહનીયનો અનુદય. આને તો હજી કાળલબ્ધિ ને એમ કહે છે અને દર્શનમોહનો—જડકર્મ છેને એનો—અનુદય એમ કહે છે. અંદર જડકર્મ છે એક. વિપરીત માન્યતા કરે ત્યાં જડકર્મ છે તે એમાં નિમિત્ત કહેવાય છે. અને વિપરીત માન્યતા ટાળે ત્યારે કર્મની જડ અવસ્થા એને કારણે ટળી જાય છે એને દર્શનમોહનો અણ-ઉદય કહેવાય છે. અહીં જડકર્મનો અણ-ઉદય એટલે પ્રગટ નથી.

गुरु उपदेश आदिका अवसर पाकर, લ્યો. પહેલી વાણી તો એને મળવી જોઈએને કાને, કહે છે. જુઓ આવ્યું. કાળલબ્ધિ, કર્મ ને ગુરુ ઉપદેશ—ત્રણ આવ્યા બહાર. ગુરુ ઉપદેશ આદિ... પણ એ ઉપદેશ કેવો એને મળ્યો હોય? કે રાગથી ભિન્ન કરવું એવો એને ઉપદેશ મળ્યો હોય. એવો ઉપદેશ હોય. એ રાગ કરતા (કરતા) થાય એ ગુરુનો ઉપદેશ

ઉસકો પિછાનતે હૈં કિ યે પિત્તલ હૈ, યે કાચ હૈ ને યે રજ હૈ. અને ઉસમેં સોના ભિન્ન હૈ. સોનાની પીળાશ વિશેષે, ચીકાશ વિશેષે ને તોલ વિશેષે. સમજમેં આયા? સોના, પિત્તલ, બંગડીકે ટુકડે, ધૂલ—હરેક (વસ્તુ) ભિન્ન હૈ ઐસા ઉસકો ભેદજ્ઞાન હૈ ઉસ પ્રકારકા. તો रजसोधा रज सोधिकै दरब काढे.. સોના લે લે ઉસમેંસે. સમજમેં આયા? દૃષ્ટાંત તો બહુ ઊંચા દિયા હૈ, સમજમેં આવે ઐસા.

ऐसे ग्यानवंत भेदज्ञानकी सकति साधि.. આખિરકે પદકે સાથમેં સંબંધ હૈ. ઐસે ધર્મી જીવ 'મૈં તો જ્ઞાનપ્રકાશકા નૂર, આનંદકા પૂર હૂં.' ऐसे ग्यानवंत भेदज्ञानकी सकति... પુણ્ય-પાપકા વિકલ્પ હો શુભ કિ અશુભ... જૈસે વહ પિત્તલકા ટુકડા હો, બંગડીકા... બંગડી કહતે હૈં ન? અંદર હોયને વળ પીળા, તો ટુકડા હો જાતા હૈ ઝીણા ઝીણા. બહોત બારીક બારીક. ઔર ધૂલ તીનોંકો પિછાનતા હૈ. ઔર સોના ભિન્ન (હૈ ઐસા) પિછાનતા હૈ. ઐસે ધર્મી—જ્ઞાની જડ શરીરકી ક્રિયાકો પિછાનતે હૈં કિ યે જડ હૈ. કર્મકે ઉદયકી ક્રિયા પિછાનતે હૈં કિ યે સંયોગ મિલા ને રાગ-દ્વેષ હુઆ. સમજમેં આયા? આહાહા! પુણ્ય ને પાપકા વિકલ્પ તો પિત્તલકે ટુકડે જૈસા હૈ. સમજમેં આયા?

એમાં પણ શુભભાવ પિત્તળના ટુકડા જેવા ને અશુભભાવ બંગડીના પીળા ટુકડા જેવા છે અને શરીરની ક્રિયા રજ—ધૂળ જેવી. સમજમેં આયા? (ઐસે) આત્મા ભેદજ્ઞાનસે શરીરસે, શરીરકી ક્રિયાસે, પુણ્ય-પાપકે વિકલ્પ શુભ-અશુભ દોનોંહીસે ભિન્ન અપને ચૈતન્યસ્વરૂપકો.. (જૈસે) રજશોધા રજકો શોધ કરકે દ્રવ્ય કાઢતે હૈં, સોના લે લેતે હૈં, ઐસે ધર્મી અપને આનંદ ને જ્ઞાન સ્વભાવકો પકડકર રાગસે ભિન્ન હોકર અનુભવ કરતે હૈં. આવી વાત! સમજમેં આયા? જુઓ, આ તો બનારસીદાસે લખ્યું છે એમાં.

जैसे रजसोधा रज सोधिकैं दरब काढ़ै.. જુઓ, દ્રવ્યનો અર્થ કર્યો સોના-ચાંદી. મૂળ તો સોનું (છે, પણ) સોનાચાંદી (કહ્યું) છે. એ દૃષ્ટાંત. ઐસે ધર્મી જીવ અપને સ્વરૂપમેંસે, પુણ્ય-પાપકે વિકલ્પ ને શરીરકી ક્રિયાસે ભિન્ન અપના સ્વરૂપ હૈ ઐસે આનંદ ને જ્ઞાનકો અનુભવ કરતે હૈં ઔર રાગાદિ ક્રિયાકો અંદરસે દૂર કરતે હૈં. આહાહા! સમજમેં આયા? બહુ આકરી ક્રિયા આવી. એય વસંતલાલજી! ધર્મની ક્રિયા આકરી કહતે હૈં, બહોત કઠિન હૈ. ભગવાન! કઠિન નહીં હૈ, તેરી ચીજમેં હૈ. તેરી ચીજમેં હૈ, તું ચૈતન્ય પ્રકાશકા પૂર હૈ. ચૈતન્યકા નૂર ને ચૈતન્યજ્ઞાનસ્વભાવી તેરી ચીજ હૈ. વહ પુણ્ય-પાપકા વિકલ્પ, શરીર આદિ તેરી ચીજ નહીં હૈ. જેમ રજધોયા રજકો દૂર કરકે સોના નિકાલ લેતે હૈં, એમ ધર્મી રાગાદિકો દૂર કરકે અપને જ્ઞાન ને શાંતિકે સ્વભાવકા અનુભવ કરતે હૈં, ઉસકા નામ ધર્મ હૈ. સમજમેં આયા? દુનિયાસે દૂસરી ચીજ હૈ.

जैसे रजसोधा रज सोधिकैं दरब काढ़े, पावक कनक काढ़ि दाहत उपलकौं. દૂસરા દૃષ્ટાંત. પાવક નામ અગ્નિ સોના લેકર, ઉપલ નામ પત્થરને બાળી નાખે, ભિન્ન કરી દે. છેને અંદર. अग्नि धातुको गलाकर सोना निकालती है. અગ્નિ-અગ્નિ. કુલડીમેં હોતા હૈ ન સોના આદિ, અગ્નિ (ભિન્ન) કરતે-કરતે સોના આદિ નિકાલ લેતી હૈ ઔર ઉસમેં જો પિત્તલકા ઔર કથીરકા ભાગ હો વહ નિકાલ દેતી હૈ. અગ્નિ, અગ્નિકા ઐસા સ્વભાવ હૈ. જૈસે અગ્નિ શુદ્ધ સ્વભાવ(રૂપ) કનકકો કાઢકર—સોનાકો લેકર, ઉપલકો—પત્થરકો દાહત—જલા દેતી હૈ. ઐસે સમ્યગ્દૃષ્ટિ જીવ—ધર્મકા કરનેવાલા ધર્માત્મા, અપની જ્ઞાનાગ્નિસે સુવર્ણ (સમાન) અપના ભાવ શુદ્ધ હૈ વહ નિકાલ લેતે હૈં ઔર રાગકે ભાવકો પત્થર જાનકર જલા દેતે હૈં. ભારે ધર્મ ભાઈ આવો! સમજમેં આયા?

पावक कनक काढ़ि दाहत उपलकौं.. પથરાને બાળી નાશ કર દે છે અગ્નિ. ઐસે ग्यानवंत भेदग्यानकी सकति साधि, वेदै निज संपत्ति उछेदै पर-दलकौं.. એમ છેને છેલ્લો સરવાળો. ધર્માત્મા અપની નિજ સંપત્તિ આનંદ ને જ્ઞાન સ્વભાવકો અનુભવતે હૈં. જેમ કનકકા દૃષ્ટાંત દિયા થા. નિજ સંપત્તિ સુવર્ણ સમાન આનંદ ને જ્ઞાનકી નિજ સંપદા ઉસકો વેદતે હૈં, અનુભવતે હૈં, उछेदै पर-दलकौं. પુણ્ય-પાપકા વિકલ્પકો ઉચ્છેદ કરતે હૈં—નાશ કરતે હૈં. લ્યો, યે ધર્માત્માકી ભેદજ્ઞાન ક્રિયા. ભારે આકરી ભાઈ! સમજમેં આયા?

તીસરા. पंकके गरभमैं ज्यौं डारिये कतक फल.. પાનીમેં—જલમેં જો કાદવ દિખતા હૈ, ઉસે નિર્મલી ઔષધિ ડાલકર જલ ઔર મેલકો ભિન્ન કરતે હૈં, જુદા કર દેતે હૈં. હૈ ઉસમેં દેખો. कर्दममें निर्मली डालनेसे वह पानीको साफ करके मैल हटा देती है. જલ—જલ મૈલા હો તો નિર્મલી ઔષધિસે ભિન્ન કર દેતે હૈં. ભેદજ્ઞાનકા દૃષ્ટાંત હૈ ન. ઐસે ધર્મી અપને આનંદ ને જ્ઞાન સ્વરૂપસે અપનેમેં વેદન કરતે હૈં (ઔર) રાગકો નિકાલ દેતે હૈં. સમજમેં આયા? કતકફલકા દૃષ્ટાંત ભેદજ્ઞાનકી અપેક્ષાસે હૈ. પાણીમેં જૈસે કાદવ દિખતા હૈ, ઐસે ભગવાન આત્મામેં પુણ્ય-પાપકા મૈલ જો દિખતા હૈ, ઉસકો નિકાલ દેતે હૈં.

पंकके गरभमैं ज्यौं डारिये कतक फल, तैसे ग्यानवंत भेदग्यानकी सकति साधि. ઐસે ધર્મી જીવ ચાહે તો શરીર સ્ત્રીકા હો, પુરુષકા હો, નારકીકા હો, સ્વર્ગકા (-દેવકા) હો, પણ પરસે ભેદજ્ઞાન કરકે અપના સ્વરૂપ સાધતે હૈં અને રાગકો નિકાલ દેતે હૈં. આહાહા! ભારે આ દૃષ્ટાંત આવ્યું ઉપરાઉપર! હજી દૃષ્ટાંત છે. नीर करै उज्ज्वल नितारि डारै मलकौं.. જળને ઉજ્જ્વળ કરી નાખે નિર્મલી ઔષધિસે અને નિતારી નાખે મલકો. મલકો છોડ દે. ઐસે ભગવાન આત્મા અપને શુદ્ધ નિર્મલ સ્વભાવમેં દૃષ્ટિ કરકે અપને નિર્મલ પરિણામકો અનુભવતે હૈં ઔર રાગકો દૂર કર દેતે હૈં. રાગ મૈલ હૈ. ચાહે તો શુભરાગ હો કે

અશુભરાગ હો, મેલકો નિકાલ દેતે હૈં. લ્યો, તીન દૃષ્ટાંત હુએ. પાંચ દૃષ્ટાંત હૈં.

दधिकौ मथैया मथि काढ़े जैसे माखनकौं.. दधिकौ मथैया.. આ દહીંને મથે છેને દહીંને. ક્યા કહતે હૈં? જેરણી, મથની. યે દહીંમેં લકડેકી મથની નહીં ડાલતે હૈં? (શ્રોતા : .......) જેરની. જેર કરતે હૈં જેર. દહીં હોયને એને જેર કરે. दधिकौ मथैया मथि काढ़े.. એમ શબ્દ છે. दहींका मथनेवाला दहीं मथकर मक्खनको निकाल लेता है. માખણ નિકાલ લે ને છાશ દૂર કરે. છાશ સમજે મઠ્ઠા. ઐસે આત્મા અપના જ્ઞાનસ્વભાવકા અનુભવ કરતા હૈ ઔર મઠ્ઠા સમાન રાગાદિ વિકલ્પકો દૂર કર દેતા હૈ. આહાહા! કહો, શેઠી! દૃષ્ટાંત તો બહોત બડા... (શ્રોતા : અચ્છા દૃષ્ટાંત હૈ.) અચ્છા દૃષ્ટાંત હૈ. દૃષ્ટાંતસે તો સિદ્ધાંત સમજનેમેં સરલ પડે. दधिको मथैया मथि काढ़े जैसे माखनकौं.. પોતાના નિર્મળ શુદ્ધસ્વરૂપને રાગથી ભિન્ન પાડવાની મંથનક્રિયાથી અપને આનંદસ્વરૂપકો નિકાલ લેતે હૈં ઔર રાગાદિ પાનીકે સમાન (જાનકર) છોડ દેતે હૈં.

राजहंस जैसें दूध पीवै त्यागि जलकौं,. લ્યો, પાંચમું દૃષ્ટાંત. રાજહંસ હોં, સાધારણ હંસ ન લિયા. રાજહંસ. राजहंस जैसे दूध पीवै.. જલ ઔર દૂધ એક સ્થાનમેં હો, પણ રાજહંસ હૈ વહ દૂધ પી લેતા હૈ, જલ નિકાલ દેતા હૈ. राजहंस जैसें दूध पीवै त्यागि जलकौं.. જલકો છોડ દેતા હૈ, દૂધનું કોકડું વાળે છે. કોકડા અકેલા (ઉસકો) પીવે, જલ છોડ દે. तैसें ग्यानवंत भेदग्यानकी सकति साधि, લ્યો. આ દૃષ્ટાંત આવ્યા (મહાવીર) ભગવાનના જન્મ દિવસે. પાંચ તો દૃષ્ટાંત આવ્યા. (શ્રોતા : પંચ પરમેષ્ઠી). પંચ દૃષ્ટાંત આયા. ભાઈ!

ભગવાન! તુમ તો આનંદ ને જ્ઞાન સ્વરૂપ હો પ્રભુ! રાગસે ભિન્ન ક્રિયા વહ તેરી ક્રિયા હૈ. ભગવાન મહાવીરને કેવળજ્ઞાનમેં યે કહા. જ્ઞાનવંત ભેદજ્ઞાનકી શક્તિ.. ભેદવિજ્ઞાનની શક્તિને સાધી, એમ છે ને? અંતરમેં રાગ ને પુણ્યસે ભિન્ન હોકર ज्ञानी लोग भेदविज्ञानके बलसे आत्म-सम्पदा ग्रहण करते हैं, આત્મસંપદાકા અનુભવ કરતે હૈં. આહા! उछेदै पर-दलकौं.. પુણ્ય-પાપકે ભાવકો નિકાલ દેતે હૈં. पुद्गलादि पर पदार्थोको त्याग देते है. પુણ્ય-પાપકે વિકલ્પ યે ખરેખર પુદ્ગલ હી હૈ, અપના આત્મસ્વભાવ હૈ હી નહીં. કહો, સમજમેં આયા?

वेदै निज संपति.. અહીં તો નિજ સંપત્તિ (એટલે) આનંદકા વેદન કરે, અનુભવ કરે વહ આત્મા ઔર રાગકા—અનાત્માકા અનુભવ છોડ દે, ઉસકા નામ આત્મા. મગનભાઈ! વાત ભારે! હવે આમાં દુકાનનું કરવું કે છોકરાનું કરવું? કિસકા કરના? (શ્રોતા : કોણ કરે પ્રભુ? આપ તો છૂટા પડાવો છો બધી રીતે.) છૂટા હોય ને છૂટા પડે કે છૂટા ન હોય ને છૂટા પડે? (શ્રોતા : હોય તે. છૂટા જ છે). બહુ સરસ. પાંચ દૃષ્ટાંત આયે. ન્યારીયાકા—

પોષા કરો. કહતે હૈં, અનુભવનો અભ્યાસ કદી કર્યો નહીં. એ અનુભવ અભ્યાસ કર. ભગવાન આત્મા યે પુણ્ય-પાપકે ભાવસે રહિત હૈ ઉસકા અનુભવ કર. सहज संवर परगासै.. વહાં સ્વાભાવિક ધર્મકી દશા પ્રગટ હોતી હૈ. आस्रव द्वार निरोधि, करमघन-तिमिर विनासै.. પુણ્ય ને પાપની લાગણીઓ ઊઠે છે એ વિકાર ને આસ્રવ-બંધનું કારણ. ઉસકો રોકકર करमघन.. કર્મનો ઘન પિંડ અને અજ્ઞાનને વિનાશે. कर्मजनित महा अंधकार नष्ट करता है, એમ લખ્યું છે. કર્મઘન.. એમ કે કર્મ જે જડ છે ઉસસે ઉત્પન્ન હુઈ અજ્ઞાનદશા, યે તિમિર વિનાશે અંધકાર.

ચૈતન્યપ્રકાશનો પ્રભુ નૂરનું પૂર આત્મા, એનો અંતર પ્રકાશ અનુભવમાં આવે અને અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરે છે, એને ધર્મી ને ધર્મ કહેવાય છે. આહાહા! ભારે ભાઈ ધર્મ આવો! આ બધા લાખો કરોડો માણસો હો-હા કરતા હશેને. એમાં જુવાનિયાઓને તો (એમ થાય કે) આ વળી શું ધર્મ હશે આવો? જેઠાભાઈ! આ શરીર-બરીર ઠીક હોય, ચામડું કંઈ રૂપાળું હોય, પૈસા બે-પાંચ-દસ લાખ હોય, બે-પાંચ હજારનો પગાર હોય મહિને, થઈ રહ્યું, હું પહોળો ને શેરી સાંકડી. આહાહા! છોટાભાઈ! મહિને બે-ચાર હજાર રળતો હોય. રળતો સમજે? કમાતો હોય.

(શ્રોતા : એ તો કર્મી કહેવાય). કર્મી—કર્મનો કરનાર કહેવાય. ધર્મી નથી કાંઈ, એ તો કરમનો કરનાર છે. લોકો એમ કહે છેને, અમારા કુળમાં કર્મી પાક્યો. એમ કહે છેને. કે ધર્મી પાક્યો? એમ કહે કે કર્મી પાક્યો. અમારે કનુભાઈ પાક્યા એ મોટા જજ થયા અમદાવાદમાં. ક્યાં ગયા વાસુદેવ? અમારા કુટુંબમાં કર્મી પાક્યો. કર્મી (એટલે) કરમ કરનારને? અધર્મ કરનારને? ધર્મી નહીંને? નટુભાઈ! આહાહા! બાપુ! તારી ચીજ કોઈ જુદી છે. આહાહા! અંદર અતીન્દ્રિય આનંદનો નાથ છે આત્મા. એની એને ખબર ક્યાં છે? જ્યાં ત્યાં ફાંફાં નાખીને અહીં સુખ છે, અહીં સુખ છે, અહીં સુખ છે. ત્યારે કહે, ધર્મી હોય એને પણ હજી તો આવું હોય ધર્મીને? હોતું નથી ભાઈ! હોય, ધર્મનું ભાન થયા છતાં એના બાયડી, છોકરા, રાજપાટ દેખાય, પણ અંદરમાં એનાથી ભિન્ન અનુભવ કરતો હોય છે. આહાહા! સમજાણું છે કાંઈ?

आस्रव द्वार निरोधि, करमघन-तिमिर विनासै छय करि विभाव. જુઓ, પાછું આવ્યું એ. શુભ-અશુભ ભાવનો વિકલ્પ છે એને ક્ષય કરીને—નાશ કરકે અપને આત્માકે સ્વભાવમેં એકાગ્ર હોકર સમભાવ ભજે. શાંતિ.. શાંતિ.. વીતરાગતા, નિર્દોષતા આત્માની સેવે, વીતરાગભાવને આત્મા સેવે, ઉસકા નામ સંવર ને ધર્મ કહતે હૈં. આહાહા! निरविकलप निज पद गहै, લ્યો. આત્મા અંદર નિર્વિકલ્પ સચ્ચિદાનંદ પ્રભુ છે. અતીન્દ્રિય આનંદનો નાથ,

પુણ્યકો અપના માનના, યે મિથ્યાત્વ હી આસ્રવ-બંધકા કારણ હૈ. આહાહા! માથું ઊંચું કર્યું નથી કોઈ દિ' એણે. ક્યા ચીજ હૈ ને ક્યા મૈં હૂં? ક્યા કરતા હૂં? એ તો ઓઘે ઓઘે કૂટે. અનાદિથી ધર્મને નામે કરે ક્રિયા પુણ્યની ને માને ધર્મ. આહાહા! કહતે હૈં, मिथ्यात्व ही आस्रव है. 'હી' એમ લિયા, દેખો. એટલું બધું જોર! ભગવાન પૂર્ણાનંદકા નાથ આત્મા, અનંત જ્ઞાનસ્વભાવકા ભંડાર આત્મા, ઉસકો અલ્પજ્ઞ માનના, રાગસહિત માનના, દેહસહિત માનના, કર્મસહિત માનના, પરસહિત માનના યે મિથ્યાત્વ હૈ. અપને રહિત માનના (વહી) ઉસસે (-પરસે) સહિત માનના. સમજમેં આયા? ઉસકા નામ મિથ્યાત્વ. મિથ્યાત્વ નામ મહા—ઘોર પાપ.

યહાં ભગવાન એમ કહતે હૈં કિ યે જગતમેં મિથ્યાત્વ હી બડા પાપ હૈ. અપના—નિજ સ્વરૂપ શુદ્ધ આનંદકંદકો ભૂલકર દેહ, વાણી, મન મેરા હૈ ને વહ ક્રિયા મૈં કરતા હૂં જડકી ઔર મેરેમેં જો શુભ-અશુભ ભાવ હોતે હૈં પુણ્ય-પાપ યે મેરે હૈં ઔર મુજે લાભદાયક હૈં—ઐસા મિથ્યાત્વભાવ ઘોર પાપ હૈ. આહાહા! ભારે ! જો નહીં તેરા ઉસકો તેરા માનના, વહ હી વિપરીત (માન્યતા) મિથ્યાત્વ મહા—ઘોર અંધકાર પાપ હૈ. મિથ્યાત્વ હી આસ્રવ હૈ.

इसलिये आस्रवका निरोध ही सम्यक्त्व संवर है, એમ કહેવું છેને! આહાહા! યે મિથ્યાત્વ—વિપરીત માન્યતા... અપના—નિજ સ્વરૂપ જ્ઞાનાનંદ.. જ્ઞાન ને આનંદકા ધામ જો (કોઈ) હો તો યે આત્મા હૈ. આનંદ ને જ્ઞાન દૂસરેમેં હૈ નહીં. ઐસા આનંદકા ધામ ભગવાન આત્મા ઉસકો છોડકર, કોઈ ભી પુણ્ય-પાપકે ભાવમેં ઠીક હૈ, મજા હૈ ઐસી માન્યતા મહા—ઘોર મિથ્યાત્વ સંસાર હૈ ઔર વહ મિથ્યાત્વકો રોકના વહ ધર્મ ને સંવર હૈ. આહાહા! સમજમેં આયા? સુખ તો મેરેમેં હૈ, મેરા સુખ મેરેસે દૂર નહીં હો (સકતા), દૂરકી ચીજમેં મેરા સુખ હૈ હી નહીં. ભારે ગળે ઊતરવું કઠણ! મલુકચંદભાઈ! આ બધા પૈસાવાળા... જુઓને, તમારા છોકરાના કેટલા વખાણ કરે માળા. એટલા બધા પૈસા હશે, કરોડો હશે તો કોક દિ' ધર્મ કરશે. ધૂળેય નથી ધર્મ. ધર્મ કે દિ' પૈસાવાળાને?

પૈસાવાળા કહેવું એ માન્યતા જ મિથ્યાત્વ છે. પૈસો એટલે જડ. જડવાળો આત્મા? શાંતિભાઈ! શું હશે આ? આત્મા તો આનંદ ને જ્ઞાનવાળો સ્વરૂપ ભગવાન આત્મા છે. ઉસકો પૈસાવાલા માનના, યે મૂઢ ને પાપ હૈ, બડા ઘોર પાપ હૈ. આહાહા! ભારે વાત ભાઈ! યે પાપકી તો ખબર નહીં અને કોઈ હિંસા કરે ને જૂઠું બહારમાં બોલે (તો કહે) યે પાપ હૈ. અરે, સાંભળને હવે! બહારના જૂઠાનું તો... અંતરના સત્‌ને અસત્ માનવું—માનના વહ બડા પાપ હૈ. ઉસકો રોકના વહ બડા ધર્મ હૈ. વિપરીત અભિપ્રાય છોડકર અવિપરીત

અભિપ્રાય(રૂપ) સમ્યગ્દર્શન, અંતર સ્વરૂપકી રુચિ અનુભવમેં પ્રગટ કરના, વહી સંવર હૈ. સંવર નામ અધર્મકો રોકતા હૈ ઔર ધર્મ હોતા હૈ. બાકી બહારસે ક્રિયાકાંડસે ઐસા કરે ને ફૈસા કરે ધર્મ હોતા હૈ, ધૂળમેં ભી ધર્મ નહીં. પાંચ-દસ લાખની પૂંજી હોય ને બે લાખ ખરચી નાખે, ધર્મ હો ગયા. લોકો એના (વખાણ કરનાર) હોયને. દસ લાખ હોય ને બે લાખ ખરચે તો ઓહોહો! એ શેઠી! ધૂળમેં ભી ધર્મ નહીં.

અને પૈસા મિલા યે હમારા પ્રયત્નસે મિલા હૈ. હમ વ્યવસ્થા વિચક્ષણ હૈં તો પૈસા હમકો મિલતે હૈં. મૂઢ હૈ, પાપી હૈ. આહાહા! સમજમેં આયા? એ હીરાભાઈ! ભારે આકરું કામ! ડાહ્યા નહીં તો તમારા બાપ પાસે આટલા પૈસા નહોતા, લ્યો! આ લોકો વાતું કરે. આહાહા! અરે! એ બહારના પૈસા ધૂળ મિલની વહ તો પૂર્વકે પુણ્યકે રજકણ હો તો આતા હૈ, તુઝે ક્યા આયા ઉસમેં? વહ તો જડમેં રહા હૈ પૈસા. પૈસા જડ હોકર રહા હૈ. તેરા હોકર રહા હૈ? મૂઢ માનતે હૈં કિ મૈં પૈસાવાલા હૂં. વહી મૂઢ મિથ્યાત્વી અજ્ઞાની હૈ. ભારે વાત છે ભાઈ આ તો! દરબાર કહતે હૈં કિ માળે પૈસાવાળાને ધોકા પડે છે. (શ્રોતા : આંહીં પૈસાવાળો છે જ ક્યાં તે ધોકા એને પડે?) યહાં તો કહતે હૈં, પરવસ્તુ પરરૂપ હૈ અને સ્વવસ્તુ સ્વરૂપ હૈ. પરકો અપના માનના મહા મિથ્યાત્વભાવ હૈ. અપને સ્વરૂપકો જાનકર, પરકો પર જાનકર છોડ દે દૃષ્ટિમેંસે, દૃષ્ટિમેંસે હોં, તો ઉસમેં ધર્મ હોતા હૈ ને સંવર હોતા હૈ.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

